રજુ તા.૨૨–૧૧–૨૦૧૩
દા.તા. ૨૨–૧૧–૨૦૧૩
ફે.તા. ૩૦–૧૧–૨૦૧૮
અવધિ. વ. મા. દિ.
૦૫ ૦૦ ૦૮

આંકઃ–૧૩૭

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, ભાવનગર**

**સેશન્સ કેસ નં.૨૦૬/૧૩**

શ્રી સ ર કા ર. )( ...ફરિયાદી.

વિરૂધ્ધ,

૧. સંજયભાઈ ભોથાભાઈ કસોટીયા, )(
૨. રમેશભાઈ ખીમજીભાઈ ચોહલા, )(
૩. હરેશભાઈ ઉર્ફે હેરી કિશોરભાઈ ખસીયા, )(
૪. ભરતભાઈ ઉર્ફે ભદો ઉર્ફે મારવાડી– )(
જેકસીભાઈ ચૌહાણ, )(
૫. તાહીરભાઈ મુસ્તુફાભાઈ શેખ, )(
રે.તમામ ભાવનગર. )( ...આરોપીઓ.

ફરિયાદી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી વી.આર.દેવમુરારી.

આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી પી.પી.જાડેજા.

## ચુ કા દો

(૧) આ કામના આરોપીઓ વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૭–૭–૨૦૧૩ ના પાંચેક વર્ષ પહેલાથી ફરિયાદી કીર્તિસિંહ ભુરાજી વાઘેલા ભાવનગર ખાતે પટેલ માધવલાલ મગનલાલ આંગડીયા પેઢીમાં નોકરી કરતા હતા અને તેઓની ઓફિસમાં આવતા પાર્સલો રજીસ્ટરમાં એન્ટ્રી કરી, પાર્સલોનું શોર્ટીગ કરી, પાર્સલો સાથે જે વારીવાળો ઈસમ હોય તેને એસ.ટી.બસસ્ટેન્ડે મુકવા જવાની તેઓની મુખ્ય ફરજ હતી. તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ ફરિયાદી પોતાની ઓફિસમાં હાજર હતા અને બપોરના સમયે અમદાવાદની વારી લઈને એટલે કે પાર્સલો લઈને સાહેદ રમણભાઈ કચરાભાઈ પટેલને જવાનું હોવાથી અલગ–અલગ શહેરના પાર્સલો તૈયાર કરીને બ્ર ાઉન કલરના થેલામાં મુકી તૈયાર કરેલ અને ફરિયાદી તથા સાહેદ રમણભાઈ આંગડીયા પેઢીનું એકટીવા મોટર સાયકલ નં.જીજે–૪–બીએલ–૭૭૫૮ લઈને નીકળેલા અને કલાક ૧૫–૧૫ વાગ્યાના અરસામાં પાનવાડી તરફ જતા રસ્તે આયૂર્વેદિક કોલેજની સામેના રોડ ઉપર પહોંચતા આરોપીઓ અગાઉથી લૂંટ/ધાડ કરવા માટે રચેલ ગુનાહિત કાવતરૂ પાર પાડવા એકસંપ કરી પોતાના સીબીઝેડ

મોટર સાયકલ નં.જીજે–૪–બીજી–૪૫૦૪ તથા હીરોહોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે–૪–બીએ–૮૧૮૨ ઉપર આવી ચાલુ મોટર સાયકલે આરોપી નં.૩ નાએ ફરિયાદીને લાકડાના ધોકા વડે જમણા હાથના ખંભા ઉપર સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી, મોટર સાયકલ સાથે નીચે પછાડી દઈ, ફરિયાદી પાસે રહેલ હીરા તથા સોનાચાંદીના દાગીના ભરેલ પાર્સલનો થેલો કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/–ની ધાડ પાડેલ અને સાહેદ રમણભાઈને પણ સ્વેચ્છાપૂર્વકની વ્યથા પહોંચાડેલ અને ત્યારબાદ આરોપીઓ મોટર સાયકલ ઉપર બેસી નાસી ગયેલા અને ત્યારબાદ ધાડમાં ગયેલ કિંમત રૂ.૧૧,૩૨,૦૦૦/–ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ. આમ, આરોપીઓએ એકબીજાને સાથ આપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ. આ મતલબના બનાવ સબબ ફરિયાદીએ તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ ભાવનગર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી, જે ફરિયાદના આધારે ગુનો નોંધ્યા બાદ, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા, વિધ્વાન ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ભાવનગરની અદાલતમાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે, આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલશ્રીની જરૂર છે કે કેમ, તેવી ખાત્રી કરતાં, આરોપીઓએ પોતાના ખર્ચે

વકીલશ્રી રોકેલ હોવાનું જણાય છે. ત્યારબાદ, સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય, વિધ્વાન ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ભાવનગરનાઓએ ક્રિ.પ્રો.કો.ક.૨૦૯ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ, આ સેશન્સ કેસની સુનાવણી, આ સેશન્સ અદાલત મારફત હાથ ધરવામાં આવેલ છે.

(૪) આ કામના આરોપીઓ વિરુધ્ધ મારા પુરોગામી સત્ર ન્યાયાધીશશ્રીએ આંક–૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવી, આંક–૮,૯,૧૦,૧૧,૧૨ થી આરોપીઓનો જવાબ લેતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં, આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ જેમાં ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**:–

| <u>સાહેદ નંબર</u> | <u>સાહેદનું નામ</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧. | ફરિયાદી કીર્તિસિંહ ધુડાજી વાઘેલા. | ૧૮. |
| ૨. | ભાવેશભાઈ બાબુભાઈ સીધવ. | ૨૩. |
| ૩. | રમણભાઈ કચરાભાઈ પટેલ. | ૨૫. |
| ૪. | પંચ જેન્તીભાઈ નાથાભાઈ પટેલ. | ૨૬. |
| ૫. | પંચ રાજુભાઈ મોતીભાઈ પટેલ. | ૨૯. |
| ૬. | પંચ રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલ. | ૩૩. |
| ૭. | પંચ રમેશકુમાર નરશીભાઈ જાદવ. | ૪૪. |
| ૮. | પંચ પીયુષભાઈ પરબતભાઈ ડાભી. | ૫૯. |
| ૯. | હિતેષભાઈ જયંતિલાલ ભડીયાદ્રા. | ૬૦. |

| | | |
|---|---|---|
| ૧૦. | પંચ મહેશકુમાર ધનાભાઈ દેસાઈ. | ૬૧. |
| ૧૧. | પંચ કાંતીભાઈ પ્રભુદાસ પટેલ. | ૬૫. |
| ૧૨. | વિજયભાઈ જશવંતરાય રાજપુરા. | ૬૭. |
| ૧૩. | પંચ જગદીશભાઈ મગનભાઈ પ્રજાપતિ. | ૬૯. |
| ૧૪. | ભાવીનભાઈ હરેશભાઈ કુકડીયા. | ૭૧. |
| ૧૫. | બટુકભાઈ ભુરાભાઈ માવાણી. | ૭૫. |
| ૧૬. | દિલીપભાઈ કરશનભાઈ સંખેલીયા. | ૭૬. |
| ૧૭. | જયસુખભાઈ છગનભાઈ ખોખર. | ૭૮. |
| ૧૮. | બાબુભાઈ ઓઘાભાઈ ગોહેલ. | ૭૯. |
| ૧૯. | નીતીનભાઈ ગોપીચંદભાઈ ગાજરીયા. | ૮૧. |
| ૨૦. | કાંતીલાલ હરીલાલ વૈયઠા. | ૮૨. |
| ૨૧. | પંચ બશીરભાઈ હાજીભાઈ ગુંદીગરા. | ૮૩. |
| ૨૨. | પંચ આશીફભાઈ ઈબ્રાહીમભાઈ મોદન. | ૮૫. |
| ૨૩. | પંચ કાળુભાઈ ભગવાનભાઈ સાબરીયા. | ૮૭. |
| ૨૪. | પંચ મકબુલભાઈ નાથુભાઈ હબીબાણી. | ૯૧. |
| ૨૫. | પંચ ફારૂકભાઈ હાજીભાઈ સેલોત. | ૯૨. |
| ૨૬. | પંચ સલીમભાઈ રહીમભાઈ મલેક. | ૯૪. |
| ૨૭. | પંચ પ્રકાશભાઈ કાનજીભાઈ કેદારી. | ૯૫. |
| ૨૮. | પંચ લાખાભાઈ મેરાભાઈ આલગોતર. | ૯૭. |
| ૨૯. | ડો.સંજયભાઈ રણછોડદાસ રવી. | ૯૮. |
| ૩૦. | કાંતીલાલ મંગળદાસ વાઘેલા. | ૧૦૬. |
| ૩૧. | કૌશીકભાઈ બબલદાસ પટેલ. | ૧૦૯. |
| ૩૨. | વસંતરાવ ભીમરાવ ડોંગરી. | ૧૧૧. |
| ૩૩. | પી.એસ.ઓ.કીરીટસિંહ ઉદેસિંહ ડોડીયા. | ૧૧૨. |
| ૩૪. | ત.ક.અ.પરેશભાઈ ઈશ્વરભાઈ સોલંકી. | ૧૧૮. |
| ૩૫. | ત.ક.અ.બળવંતભાઈ પ્રભાતભાઈ સોનારા. | ૧૨૨. |

**દસ્તાવેજી પુરાવો**:–

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ફરિયાદ. | ૧૯. |
| ૨. | આંગડીયા પેઢીની માલની એન્ટ્રીની વિગત. | ૨૦,૨૧. |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. | ૨૭. |
| ૪. | આરોપીઓનું અટક પંચનામુ. | ૩૦. |
| ૫. | ડિસ્કવરી પંચનામુ. | ૪૫. |
| ૬. | ડિસ્કવરી પંચનામુ. | ૬૨. |
| ૭. | ડિસ્કવરી પંચનામુ. | ૬૬. |
| ૮. | ડિસ્કવરી પંચનામુ. | ૭૦. |
| ૯. | ડિસ્કવરી પંચનામુ. | ૮૪. |
| ૧૦. | ડિસ્કવરી પંચનામુ. | ૮૮. |
| ૧૧. | મુદ્દા.આર્ટી.નં.૨૬ લગત રખાયેલ કાપલી. | ૮૯. |
| ૧૨. | જડતી પંચનામુ. | ૯૩. |
| ૧૩. | પોઈન્ટ આઉટ પંચનામુ. | ૯૬. |
| ૧૪. | ઈજા પામનાર રમણભાઈની એમ.એલ.સી.નોટ | ૯૯. |
| ૧૫. | ઈજા પામનાર રમણભાઈનું મેડીકલ સર્ટીફીકેટ. | ૧૦૦. |
| ૧૬. | ઈજા પામનાર કિર્તીસિંહની એમ.એલ.સી.નોટ. | ૧૦૧. |
| ૧૭. | ઈજા પામનાર કીર્તિસિંહનું મેડીકલ સર્ટીફીકેટ. | ૧૦૨. |
| ૧૮. | દર્દીઓને દાખલ કર્યા અંગેનો પો.સ્ટે.ને લખેલ પત્ર. | ૧૦૩. |
| ૧૯. | ઈજા પામનાર કીર્તિસિંહના ઈન્ડોર કેસપેપર્સ. | ૧૦૪. |
| ૨૦. | દર્દીના સંદર્ભે પો.સ્ટે.ને જાણ કરતો પત્ર. | ૧૦૫. |
| ૨૧. | એફ.એસ.એલ.અધિકારીનો પ્રાથમિક અહેવાલ. | ૧૦૭. |
| ૨૨. | સ્ટેશન ડાયરી ઉતારાની નકલ. | ૧૧૩. |
| ૨૩. | તપાસ સોંપ્યાની યાદી. | ૧૧૪. |
| ૨૪. | કલમનો ઉમેરો કરવાનો રિપોર્ટ. | ૧૨૩. |
| ૨૫. | હથિયારબંધીનું જાહેરનામુ. | ૧૨૪. |

(૫) ઉપર મુજબનો પુરાવો લીધા બાદ, ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ હેઠળ આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં

આરોપીઓએ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી, તેઓ વિરુઘ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૬) ઉપરોકત સંજોગોમાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ બપોરના સમયે ફરિયાદી કીર્તિસિંહ ભુરાજી વાઘેલા તેઓ જયાં નોકરી કરતા હતા તે પટેલ માધવલાલ મગનલાલ આંગડીયાના અલગ અલગ શહેરના પાર્સલો બ્રાઉન કલરના થેલામાં મુકી તેઓ તથા સાહેદ રમણભાઈ આંગડીયા પેઢીનું એકટીવા મોટર સાયકલ નં.જીજે–૪–બીએલ–૭૭૫૮ લઈને નીકળ ેલા અને કલાક ૧૫–૧૫ વાગ્યાના અરસામાં પાનવાડી તરફ જતા રસ્તે આયૂર્વેદિક કોલેજની સામેના રોડ ઉપર પહોંચતા આરોપીઓ અગાઉથી રચેલ ગુનાહિત કાવતરૂ પાર પાડવા એકસંપ કરી પોતાના સીબીઝેડ મોટર સાયકલ નં.જીજે–૪–બીજી–૪૫૦૪ તથા હીરોહોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે–૪–બીએ–૮૧૮૨ ઉપર આવી ચાલુ મોટર સાયકલે આરોપી નં.૩ નાએ ફરિયાદીને લાકડાના ધોકા વડે જમણા હાથના ખંભા ઉપર સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી, મોટર સાયકલ સાથે નીચે પછાડી દઈ, ફરિયાદી પાસે રહેલ હીરા તથા સોનાચાંદીના દાગીના ભરેલ પાર્સલનો થેલો કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/–ની ધાડ પાડેલ અને સાહેદ રમણભાઈને પણ સ્વેચ્છાપૂર્વકની વ્યથા પહોંચાડેલ અને ત્યારબાદ આરોપીઓ મોટર સાયકલ ઉપર બેસી નાસી ગયેલા અને ત્યારબાદ ધાડમાં ગયેલ કિંમત રૂ.૧૧,૩૨,૦૦૦/–ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ. આમ, આરોપીઓએ એકબીજાને સાથ આપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે ધાડનો ગુનો બન્યો તે પહેલાના કોઈપણ સમયે આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મોજે ભાવનગર શહેરમાં લૂંટ/ધાડ કરવા માટે ગુનાહિત કાવતરૂ રચી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે ઉપરોકત સમય, સ્થળે અને તારીખે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ થઈ અમલમાં હોવા છતાં જાહેરમાં આરોપી નં.૩ નાએ લાકડાનો ધોકો ધારણ કરી, જાહેરનામાનો ભંગ કરી, ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં.
૩. નકારમાં.
૪. આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

(૮) ફરિયાદી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ હોય, આક્ષેપિત ગુના માટે આરોપીઓને તકસીરવાન ઠરાવી, કાયદામાં ઠરાવેલ સજા કરવા દલીલો કરેલ છે.

(૯) આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ મુખ્યત્વે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ગુનાના કામે હાલના આરોપીઓ સંડોવાયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીની અને આરોપીઓ તરફેની દલીલો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ વિરુધ્ધ આંક–૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે ત્યારે, ફરિયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાને આધીન આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરે છે કે કેમ, તે માટે, આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવાની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**–:<u>મૌખિક પુરાવાની ચર્ચા</u>:–**

**<u>ફરિયાદી તથા સાહેદોના પુરાવાની ચર્ચા</u>:–**

(૧૧) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૮ થી સાહેદ નં.૧ તરીકે ફરિયાદી કીર્તિસિંહ ધુડાજી વાઘેલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ફરિયાદી પોતાના પુરાવામાં જણાવે છે કે, તા.૨૭–૭–૨૦૧

૩ ના રોજ તેઓ ભાવનગર ખાતે આવેલ પટેલ માધવલાલ મગનલાલ આંગડીયાની પેઢીમાં તેમની નોકરી પર હતા તે વખતે જે આંગડીયામા મોકલવા માટે સોના–ચાંદીના દાગીના અને હીરાના પેકેટ વિગેરે આવેલા તેની રજીસ્ટર્ડમાં એન્ટ્રી કરી, તેનુ બોકસ બનાવી, બોકસને થેલામાં મુકેલા અને ત્યારબાદ પેઢીના કર્મચારી રમણભાઈ કચરાભાઈ પટેલને તેમની કંપનીના એકટીવા સ્કુટરની પાછળ બેસાડી તેઓ બન્ને બપોરે ૩.૧૦ વાગ્યે એસ.ટી. સ્ટેન્ડ જવા નીકળેલા, તેઓના એકટીવાનો નં.જીજે–૪–બી એલ–૭૧૫૮ હતો, જે કાળા કલરનું હતુ, આંગડીયાનો થેલો એકટીવાના આગળના ભાગે હુંકમા લટકાવેલો હતો. ફરિયાદી વધુમાં જણાવે છે કે તેઓ તેમની આંગડીયા પેઢીથી નીકળી અને જશોનાથ સર્કલ પાસેથી આગળ પહોંચ્યા ત્યારે તેમની જમણી બાજુથી એક સી.બી.ઝેડ–મોટર સાયકલ લાલ અને કાળા કલરનું પાછળથી આવેલ અને તે મોટર સાયકલ ઉપર બે જણા હતા કે ત્રણ જણા હતા તે હાલે ચોકકસ યાદ નથી અને તે જ વખતે તેમની ડાબી બાજુથી પાછળથી એક સ્પેલન્ડર મોટર સાયકલ આવેલુ, જે તેઓની જમણી બાજુથી આવેલ તેની પાછળ બેઠેલા ઈસમે તેમને લાકડાનો ધોકો ખભા પર મારેલો જેથી તેઓનું બેલેન્સ ન જળવાતા એકટીવા સ્લીપ થઈ ગયેલુ અને તેઓ તથા રમણભાઈ બંને રોડ ઉપર નીચે પડી ગયેલા, ત્યારબાદ સી.બી.ઝેડ. મોટર સાયકલવાળા ઈસમે જેણે તેમને ધોકો મારેલો તેણે નીચે ઉતરી, એકટીવાના હુક સાથે લટકાવેલ થેલો લઈ લીધેલો અને તે સી.બી.ઝેડ મોટર સાયકલની પાછળ બેસી અને થેલાની લુંટ કરી ભાગી ગયેલ. જે થેલામા આંગડીયાનો સામાન હતો. બીજી મોટર સાયકલવાળા બે જણા પણ ભાગી ગયેલા. ફરિયાદી વધુમાં જણાવે છે કે તેઓને ખભાના ભાગે તેમજ કમરના ભાગે ઈજા થયેલી અને રમણભાઈને હાથે તથા

કમરના ભાગે થોડુ છોલાયેલુ, ત્યારબાદ તેઓએ તેમના શેઠ કૌશિકભાઈ પટેલને બનાવની જાણ તેમના મોબાઈલ ફોનથી કરેલી જેથી કૌશિકભાઈ બનાવવાળી જગ્યાએ આવેલા અને પોલીસને ફોન કરતાં પોલીસ બનાવવાળી જગ્યાએ આવેલી. ત્યારબાદ તેઓ, રમણભાઈ અને કૌશિકભાઈ પોલીસ સ્ટેશને ગયેલા અને તેઓએ પોલીસને બનાવની જાણ કરેલી. ફરિયાદી વધુમાં જણાવે છે કે ત્યારબાદ તેઓ ડો.સંજય રવિસાહેબના દવાખાને સારવાર માટે ગયેલા જયાં પોલીસ આવેલી અને તેઓએ બનાવ અંગે આંક–૧૯ વાળી ફરીયાદ પોલીસને આપેલી.

ફરિયાદી પોતાના પુરાવામાં વધુમાં એવુ જણાવે છે કે, જયારે બનાવ બન્યો ત્યારે બંને મોટર સાયકલમા બે–બે ઈસમો હતા, તે તમામ આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉમરના હતા, અને તેઓને જે વ્યકિતએ ધોકો મારેલો તે મજબુત બાંધાનો હતો, ઉમરે આશરે ૨૫ થી ૩૦ વર્ષની હતી, મોઢા ઉપર રૂમાલ બાંધેલો હતો અને માથે ટોપી પહેરેલી હતી. બીજા ત્રણ જણા વિશે તેઓ કાંઈ કહી શકે નહી કારણ કે તેઓને ઈજા થતાં તેઓ રસ્તા વચ્ચે પડેલા હતા અને ગભરાયેલા હતા. ફરિયાદી વધુમાં જણાવે છે કે તેઓ આજરોજ આરોપીઓને ઓળખી શકે નહીં, બનાવ બાદ ત્રણ ચાર દિવસ પછી પોલીસે તેઓને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બોલાવી પાંચ આરોપીઓને બતાવેલા અને જણાવેલ કે તે પાંચ વ્યકિતઓએ લૂંટનો ગુન્હો કરેલ છે.

ફરિયાદી વધુમાં જણાવે છે કે તેઓની જાણ મુજબ લુટના બનાવમાં આશરે ૧૭ લાખ રૂપિયાનો માલસામાન હતો અને આશરે ૧૧ લાખ રૂપિયાનો માલ પોલીસે આરોપીઓ પાસેથી

કબજે કરેલો અને જે તેઓના શેઠને પાછળથી મળેલો છે. ફરિયાદીને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫ વાળો થેલો બતાવતા તે જોઈને ફરિયાદી જણાવે છે કે બનાવના દિવસે તે જ થેલો હતો કે કેમ તે તેઓ ચોકકસપણે કહી શકે નહીં પરંતુ બનાવ વખતે તેઓ આ થેલા જેવા થેલાનો ઉપયોગ પેઢીમા કરતા હતા. ફરિયાદી અદાલત સમક્ષ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬ વાળો ધોકો જોઈને જણાવે છે કે બનાવ વખતે આવા જ પ્રકારનો ધોકો હતો જેનાથી તેમને ઈજા થયેલી.

ફરિયાદી વધુમાં જણાવે છે કે તેઓને પોલીસ સ્ટેશને બનાવના ત્રણ–ચાર દિવસ બાદ બોલાવેલા ત્યારે પોલીસે આરોપીઓ પકડેલા હતા પરંતુ તે આરોપીઓના નામ પોલીસે તેમને જણાવેલા નહી. ફરિયાદી આંક–૨૦ તથા ૨૧ વાળા દસ્તાવેજો જોઈને જણાવે છે કે તેમાં તેમની પેઢીમાં આંગડીયાનો માલ આવેલ હોય તેની વિગતો છે જેમા વિમા નોટ લખેલી છે જે તેઓની પેઢીના મહેતાજી શ્રી ચેતનભાઈ વૈદ્યના હસ્તાક્ષરમા છે તેમજ અન્ય કાગળો આંગડીયાનો માલ આગળ મોકલવા માટેની એન્ટ્રી કરેલી તેની પહોચો છે.

આંક–૧૮ ના ફરિયાદીની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે થેલામા કયો માલ કયાથી આવેલો અને કયા મોકલવાનો હતો તેની તેમને તથા તેમની સાથેના રમણભાઈને જાત માહિતી ન હતી, જશોનાથ ચોકથી એસ.ટી. બસ સ્ટેશન જવાનો રસ્તો વાહનોની સતત અવર જવરવાળો છે અને તેમની ઉપર અચાનક પાછળથી હુમલો થતા તેઓ પડી ગયેલા. ફરિયાદી એ હકીકત કબુલ રાખે છે કે આરોપીઓએ કેવા કપડા પહેરેલા

હતા તે તથા આરોપીઓના શારીરિક બાંધા તેઓએ ફરીયાદમાં જણાવેલ નથી અને તેઓની પાછળ શું બનતુ હતુ તેનો તેમને ખ્યાલ ન રહે. ફરિયાદી એ હકીકત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યાએ તેમના શેઠ આવ્યા બાદ પાંચ મીનીટ પછી પોલીસ આવેલી અને આરોપીઓની ઓળખપરેડ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ પોલીસે કરાવેલ નથી.

(૧૨) ફરિયાદ પક્ષ તરફે આંક–૨૩ થી સાહેદ નં.૨ ભાવેશભાઈ બાબુભાઈ સીંધવને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ ભાવનગરમાં એમ.જી. રોડ મહેતાશેરીમાં આવેલ માધવલાલ મગનલાલ પટેલની આંગડીયા પેઢીમા મેનેજર તરીકે છેલ્લા દસેક વર્ષથી નોકરી કરે છે અને કીર્તીસિંહ ભુરાજી વાઘેલા તેઓની પેઢીની બીજી શાખામા આંગડીયાના પાર્સલ લેવા મુકવાનું કામ કરતા હતા તેમજ પાર્સલનું સોર્ટીગ કરવાનું કામ કરતા હતા અને રજીસ્ટરમા લેવાનુ પણ કામ કરતા હતા. આ સાહેદ વધુમાં જણાવે છે કે તેઓની ઓફિસમાં રમણભાઈ દરરોજ આંગડીયાનો સામાન ભાવનગરથી અમદાવાદ લઈ જવાનુ કામ કરતા હતા. બનાવ તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ બનાવ બનેલો, બનાવના દિવસે બપોરે ત્રણેક વાગ્યે કિર્તીસિંહ ભુરાજી વાઘેલા પાર્સલોનુ શોર્ટીગ કરી અને તે પાર્સલો એક થેલામાં મુકી રમણભાઈ કચરાભાઈ પટેલની સાથે ઓફીસના કાળા કલરના એકટીવા સ્કુટર જેનો નં. ૭૭૫૮ હતો તે લઈ એસ. ટી. સ્ટેન્ડ તરફ જવા નીકળેલા. જે પાર્સલો કીર્તીસિંહ વાઘેલાએ શોર્ટીગ કરેલા તે અમદાવાદ, સુરત, મુંબઈ અને વડોદરા લઈ જવાના હતા અને તે પાર્સલોમાં સોના–ચાંદીના દાગીના અને હીરા હતા. આ સાહેદ વધુમાં જણાવે છે કે બનાવના દિવસે કીર્તીસિંહ અને રમણભાઈના ગયાના પંદર મીનીટ બાદ કીર્તીસિંહનો તેમના શેઠ કૌશિકભાઈ બનાવ અંગેનો

ફોન આવેલો અને જણાવેલુ કે તેઓને ધોકો મારી મોટર સાયકલ પર આવેલા લોકોએ પાડી દીધેલ છે અને આંગડીયાના પાર્સલોની લુટ કરેલ છે અને નાશી ગયેલ છે. બનાવ જશોનાથ ચોક પાસે, આર્યુવેદીક કોલેજ પાસ ે પાનવાડી વિસ્તારમાં બનેલો અને બનાવની જાણ થતા તેમના શેઠ બનાવની જગ્યાએ ગયેલા અને બનાવ અંગેની વાત તેઓને તેમના શેઠે સાંજે કરેલી. આ સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને જાણવા મળેલુ કે લુંટ કરનાર ચાર વ્યકિતઓ આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉમરના હતા, તેઓ બે મોટર સાયકલ પર આવેલા અને લાકડાના ધોકાથી કીર્તીસિંહને હાથ ઉપર ધોકો મારેલો અને રમણભાઈ રોડ પર પડી જતા ઈજા થયેલી અને લૂંટમાં ગયેલ માલ આશરે રૂપિયા સતર થી અઢાર લાખનો હતો.

આંક–૨૩ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે તેઓ બનાવવાળા સ્થળે કે પોલીસ સ્ટેશને ગયેલ નથી અને બનાવની તેઓને અંગત જાત માહિતી નથી.

(૧૩) ફરિયાદ પક્ષ તરફે આંક–૨૫ થી સાહેદ નં.૩ તરીકે રમણભાઈ કચરાભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે તેઓ માધવલાલ મગનલાલ પટેલની આંગડીયા પેઢીમા પાર્સલો લઈ જવાની અને લાવવાની નોકરી છેલ્લા દશ વર્ષથી કરે છે, બનાવ તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ બનેલો, તે દિવસે તેઓને આંગડીયાનો સામાન લઈને અમદાવાદ જવાનું હતું, કિર્તીસિંહ ભુરાજી દરબારે આંગડીયાનો લઈ જવાનો માલ તૈયાર કરી એક કાળા કલર જેવા થેલામા ભરીને તેઓને આપેલો જે થેલામા સોના

ચાંદીના દાગીના તેમજ હીરાના પાર્સલ હતા, બપોરે સવા ત્રણ વાગ્યે કીર્તીસિંહ તેઓને પેઢીના એકટીવા સ્કુટર ઉપર એસ.ટી. બસ સ્ટેન્ડ મુકવા માટે આવેલા, એકટીવાનો નંબર ૭૭૫૮ હતો. એકટીવા કીર્તીસિંહ ચલાવતા હતા અને તેઓ પાછળ બેઠા હતા અને આંગડીયાનો થેલો એકટીવાના આગળના ભાગે પગ મુકવાની જગ્યાએ કીર્તીસિંહે ભરાવેલો. તેઓ પાનવાડીથી થોડેક આગળ કોલેજ સુધી જતા હતા ત્યારે પાછળથી બાઈક પર આવેલા લોકોમાથી એક જણાએ કીર્તીસિંહના ખભા ઉપર એક ધોકો ચાલુ મોટર સાયકલે મારેલો અને જેથી તેઓનું એકટીવા નીચે પડી ગયેલુ. આવેલા ચાર ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના છોકરામાથી એક છોકરો તેમના એકટીવા ઉપર આગળના ભાગે ભરાવેલો આંગડીયાના માલસામાનનો થેલો લઈને મોટર સાયકલ પર બેસી અને બસ સ્ટેન્ડ બાજુ ભાગી ગયેલો.

આ સાહેદ પોતાના પુરાવામાં વધુમાં એવુ જણાવે છે કે આવેલા લોકોએ મોઢા ઉપર રૂમાલ બાંધેલા હતા જેથી તેઓ ચોકકસ રીતે તેમને ઓળખી શકે નહીં. ત્યારબાદ કીર્તીસિહે ફોન કરીને કૌશિકભાઈને બોલાવેલા અને કૌશિકભાઈએ સ્થળ પર આવીને પોલીસને ફોન કરેલો. બનાવમાં તેઓને હાથના ભાગે વાગેલુ અને કીર્તીસિંહને ખભાના ભાગે ઈજા થયેલી. આ સાહેદ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫ વાળો થેલો જોઈને જણાવે છે કે બનાવ વખતે આ જ થેલામા આંગડીયાનો માલસામાન હતો.

આંક–૨૫ ના સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે પેકેટની અંદર શું સામાન હોય છે તેની તેઓને

ખબર ના હોય, પાર્સલ કોણ આપી ગયુ અને કોને પહોંચાડવાનું છે તેની પણ તેઓને ખબર ના હોય. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેઓની ઓફીસથી એસ.ટી. તરફનો રસ્તો માણસોની અને વાહનોની અવરજવરવાળો રસ્તો છે, કીર્તીસિંહને ધોકો વાગ્યા પછી એકટીવા પડેલુ અને તેઓ પણ રોડ પર પડી ગયેલા અને એકટીવામાથી નીચે પડી જતા તેમને હાથમા છોલાયેલુ. આ સાહેદ વધુમાં એવુ જણાવે છે કે કીર્તીસિંહના ફોન કર્યા બાદ તેમના શેઠ કૌશિકભાઈ પાંચ મીનીટમા બનાવવાળી જગ્યાએ આવી ગયેલા અને બનાવના પાંચ દશ મીનીટ બાદ પોલીસ આવેલી અને દવાખાને જતા પહેલા પોલીસે તેઓની પુછપરછ બનાવવાળી જગ્યાએ તેમજ દવાખાને કરેલી. લુંટમા ગયેલ મુદ્દામાલ પકડાયા બાદ તેઓએ જોયેલ નથી.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે આંક–૬૦ થી સાહેદ નં.૯ તરીકે હિતેષભાઈ જયંતીલાલ ભડીયાદ્રાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તેઓ ભાવનગરમાં સોની કામ કરે છે. તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓએ સોનાની બુટ્ટી જોડ–૩, સોનાના ટીકકા નંગ–૪, સોનાનો એક ચેઈન અને સોનાનો પોચો નંગ–૧, જેની કિંમત અંદાજિત રૂા.૨,૮૦,૦૦૦/– હતી જે તેઓએ આંગડીયા પેઢી પટેલ માધવલાલ મગનલાલને મહેન્દ્ર જવેલર્સ, મુંબઈ મોકલવા માટે આપેલ, તે જ દિવસે સાંજે તેઓને જાણ થયેલ કે આંગડીયા પેઢી પટેલ માધવલાલ મગનલાલના કર્મચારીઓ જશોનાથ ચોક પાસે લુટાયા છે જેમાં તેઓનો માલસામાન પણ લુટાયેલ છે. ત્યારબાદ તેઓએ આંગડીયા પેઢીમાં સંપર્ક કરતા જાણવા મળેલ કે તેમનો માલ લુટાઈ ગયેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે બનાવના

એકાદ મહીના બાદ તેઓનો તમામ મુદ્દામાલ જે તેઓએ આંગડીયા પેઢીને આપેલો તે તેઓને આંગડીયા પેઢી પટેલ માધવલાલ મગનલાલના મેનેજર કૌશિકભાઈએ આપેલો અને માલ મળી આવ્યા બાદ પોલીસે તેઓને માલ ઓળખવા પોલીસ સ્ટેશન બોલાવેલો જે વખતે તેઓએ માલ ઓળખી બતાવેલો. આ સાહેદ વધુમાં જણાવે છે કે તેમના મુદ્દામાલમાંથી તેઓએ સોનાનો એક નંગ પોચો અને સોનાના ચાર ટીકકા ઓગાળી નાંખેલા અને તેઓએ કૌશિકભાઈને સદર મુદ્દામાલ કોર્ટ કે પોલીસ સ્ ટેશનમાં જમા કરાવવાનો હોવાથી ત્રણ જોડ બુટ્ટી અને એક ચેઈન પાછા આપેલા. સદરહુ સાહેદ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૭ વાળી સોનાની ત્રણ જોડી બુટ્ટી અદાલત સમક્ષ ઓળખી બતાવે છે જયારે મુદ્દામાલ આર્ટીકલ નં.૮ વાળી ચેઈન તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ વાળી ચેઈન તેઓની હોવાનો ઈન્કાર કરે છે.

આંક–૬૦ ના સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે તેઓએ મહેન્દ્ર જવેલર્સમાં સૌ પ્રથમ માલ મોકલાવેલ ત્યારે વાઉચર મોકલાવેલુ, વાઉચર માલની સાથે હતું અને ઘરેણાની વિગતો વાઉચરમાં લખેલી જે વાઉચર તેઓને પરત મળેલ નથી. આંગડીયા પેઢીએ તેઓને માલ મોકલવાની રશીદ આપેલી જે તેઓએ પોલીસને આપેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ જે ત્રણ જોડ બુટ્ટી ઓળખી બતાવેલ તે તેમની જ છે તે દર્શાવતા લ ેખિત આધાર તેમની પાસે નથી. આ સાહેદ વધુમાં જણાવે છે કે મુદ્દામાલ તેઓએ અદાલતમાંથી પરત મેળવેલ નહી, કૌશિકભાઈએ તેમનો મુદ્દામાલ સૌ પ્રથમવાર પરત આપેલો તે કયાંથી લાવેલા તેની તેમને ખબર નથી, મુદ્દામાલ તેમને પરત આપ્યા બાબતની કોઈ રશીદ તેઓએ કે પેઢ

ીએ તેમને આપેલ નથી, મુદ્દામાલનુ ચોકકસ વર્ણન તેઓએ પોલીસને આપેલ નહી. આ સાહેદ વધુમાં જણાવે છે કે, મુદ્દામાલ ઓળખાવવા કૌશિકભાઈ તેમને અને વેપારીઓને લૂંટના ત્રણ–ચાર દિવસ બાદ પોલીસ સ્ટેશન લઈ ગયેલા.

(૧૫) ફરિયાદ પક્ષ તરફે આંક–૬૭ થી સાહેદ નં.૧૨ તરીકે વિજયભાઈ જશવંતરાય રાજપુરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, વોરા બજારમાં તેઓની સોના ચાંદીની દુકાન છે, તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓએ માધવલાલ મગનલાલ આંગડીયા પેઢીમાં સોનાનો દાગીનો જેમાં હાર બુટ્ટીનો લાલ લીલા રંગવાળો એક સેટ જેનુ વજન ૮૧ ગ્રામ જેની કિંમત રૂા.૧,૩૦,૦૦૦/– હતી જે નડિયાદ મોકલવા આપેલુ અને બીજા દિવસે તેઓએ છાપામાં વાંચેલુ કે માધવલાલ મગનલાલ આંગડીયા પેઢ ીના માલની લુટ થયેલ છે. જેથી તેઓએ તપાસ કરતા જાણવા મળેલ કે તેઓએ આપેલ સોનાનો દાગીનો પણ લુટમાં ગયેલ છે. ત્યારબાદ બે ત્ર ણ દિવસ પછી તેઓને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ ઓળખવા માટે પોલીસે બોલાવતા તેઓએ તેમનો દાગીનો પોલીસ સ્ ટેશનમાં ઓળખી બતાવેલ, જે જેમનો તેમ જ હતો. ત્યારબાદ ત્રણ ચાર દિવસ પછી તેમનો દાગીનો કૌશિકભાઈએ તેમને પાછો આપતા તેઓએ તે ઓગાળી નાંખેલો.

આંક–૬૭ ના સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે, દાગીનાની માલીકી બાબતનો કોઈ આધાર તેઓએ પોલીસને આપેલો કે કેમ તે હાલે યાદ નથી, દાગીનો તેમને પોલીસ સ્ટેશનમાં તે જ

દિવસે આપેલો નહી, તેમનો દાગીનો તેઓને કૌશિકભાઈએ પરત આપેલો.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે આંક–૭૧ થી સાહેદ નં.૧૪ તરીકે ભાવીનભાઈ હરેશભાઈ કુકડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તેઓ ભાવનગરમાં વોરા બજારમાં સોનીકામની દુકાન ધરાવે છે, તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓએ માધવલાલ મગનલાલ પટેલની આંગડીયા પેઢીમાં એક સોનાની વીટીનું આંગડીયુ કરેલુ અને સાંજે છ વાગ્યે બજારમાંથી જાણવા મળેલુ કે માધવલાલ મગનલાલ પટેલની પેઢીના આંગડીયાની લુટ થયેલ છે અને તે લુટમાં તેમની વીંટી પણ હોવાની જાણ તેઓને બીજા દિવસ ે આંગડીયા પેઢીમાંથી થયેલી. ત્યારબાદ ત્રણેક દિવસ પછી તેમને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમા બોલાવેલો અને લૂંટમાં ગયેલ મુદ્દામાલ જયારે મળશે ત્યારે પરત આપીશું તેવી વાત કરેલ. થોડા દિવસ પછી ખબર પડેલી કે આરોપીઓ પકડાયા છે અને પ્રોસેસ પતાવ્યા પછી તેઓની વીટી પરત મળશે. ત્યારબાદ 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તેમની વીટી બતાવેલી જે તેઓએ ઓળખી બતાવેલી. જે વીટી તેઓને કૌશિકભાઈએ કે પોલીસે પરત આપેલ નથી. સદરહુ સાહેદ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૯ વાળી વીંટી જોઈને જણાવે છે કે તે તેઓની જ વીંટી છે જે તેઓએ આંગડીયા પેઢીમાં બોટાદ મોકલવા માટે આપેલી. આ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓને તેમની વીંટી નહીં મળતા આંગડીયા પેઢીના માલીક કૌશિકભાઈએ તેમની વીટીના રોકડા પૈસા રૂા.૩,૦૦૦/– પરત આપેલા.

આંક–૭૧ ના સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે, આંગડીયા પેઢી તરફથી તેમને આંગડીયાની સ્લીપ આપેલી પરંતુ ત્રણ વર્ષ થયા હોય તેઓ તે સ્લીપ સાચવી શકેલ નથી અને પોલીસે તે સ્લીપ તેમની પાસેથી કબજે લીધેલ નથી. પોલીસને તેઓએ સ્લીપ પોલીસ સ્ટેશનમાં બતાવેલી, વીટી તેઓએ પુંઠાના બોકસમાં આંગડીયા પેઢીમાં આપેલી જેની સાથે વજન ચિઠ્ઠી હતી, તેઓને વખત પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને બીજી વખત તેઓને તેમની વીટી બતાવેલી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ પોલીસને વીટીનું વજન, ઘાટ અને તેના પ્રકાર વિશે પોલીસને જણાવેલ નહી.

(૧૭) ફરિયાદ પક્ષ તરફે આંક–૭૫ થી સાહેદ નં.૧૫ તરીકે બટુકભાઈ ભુરાભાઈ માવાણીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તેઓ ભાવનગર ખાતે ઘોઘા સર્કલ ગ્રીન પાર્કમાં આવેલ ટવીન્કલ સ્ટાર નામની હીરાની પેઢીમાં બેસી હીરાનો વ્યવસાય કરે છે, બનાવ આશરે સાડા ત્રણ વર્ષ પહેલા બનેલો, બનાવના દિવસે તેમના દીકરા વિજયભાઈએ પટેલ માધવ મગનલાલની ઓફીસે જઈ કાચા રફ હીરા ૫૧ કેરેટ અને ૫ર સેન્ટ જેની કિંમત રૂા.૩,૧૧,૦૦૦/– તેમજ કાચા રફ હીરા ૧૬૫ કેરેટ અને ૧૦ સેન્ટ કિંમત રૂા.૫,૫૧,૦૦૦/– ના બે આંગડીયા નવસારી અને અમદાવાદ કરેલા. ત્યારબાદ તે દિવસે આંગડીયા પેઢીમાંથી સાંજના સાડા ચારેક વાગ્યે ફોન આવેલ કે તમે કરેલ પાર્સલ તથા બીજા પાર્સલો કરેલ તે જશોનાથ સર્કલ પાસે તે અંગેની લુટ થયેલ છે. પોલીસે ત્યારબાદ બોલાવતા તેઓએ તેમના હીરા ૫૦ ટકા જેવા ઓળખતા તેમને મળી ગયેલ.

આંક–૭૫ ના સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તેઓના પેકીંગવાળા હીરા તેઓએ પરત લીધેલ જે અંગે કોર્ટનો કોઈ ઓર્ડર મેળવેલ નહી અને તેઓને કેટલા હીરા પરત મળેલ અને કેટલા કેરેટના મળેલ તે યાદ નથી.

(૧૮) ફરિયાદ પક્ષ તરફે આંક–૭૬ થી સાહેદ નં.૧૬ તરીકે દિલીપભાઈ કરશનભાઈ સંખેલીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓએ અમરેલી ખાતે આવેલ માધવ મગનલાલ પટેલની આંગડીયા પેઢીમાં આંગડીયુ કરેલુ જેમાં તૈયાર ઘાટના હીરા ૭ કેરેટ ૨૫ સેંન્ટ ૨૨૫ નંગ કિંમત રૂા.૨૦,૦૦૦/– ના વલસાડની પાર્ટી હસમુખભાઈ નાથાભાઈને મોકલેલ હતા. બાદ બીજા દિવસ ે ભાવનગર ખાતેથી માધવ મગનલાલની પેઢીમાંથી કૌશિકભાઈનો ફોન આવેલો અને જણાવેલુ કે, તેઓનું પાર્સલ તથા અન્ય પાર્સલ તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ બપોરના સવા ત્રણેક વાગ્યે જશોનાથ સર્કલ પાસે લુટ થતાં લુટમાં ગયેલ છે. કૌશિકભાઈએ કહેલુ કે અજાણ્યા મોટર સાયકલવાળાઓએ લુટ કરેલી છે અને નાશી ગયેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓના હીરા પોલીસ સ્ટેશનેથી તેઓએ ઓળખી બતાવતા તેમને મળી ગયેલા.

આંક–૭૬ ના સાહેદ બચાવ પક્ષ તરફની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, કોર્ટના ઓર્ડરથી તેઓએ હીરા મેળવેલ નથી અને પોલીસ સ્ટેશને તેઓએ કોઈ બીલ રજુ કરેલ નથી.

(૧૯) ફરિયાદ પક્ષ તરફે આંક–૭૮ થી સાહેદ નં.૧૭ તરીકે જયસુખભાઈ છગનભાઈ ખોખરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓએ ગારીયાધારમાં આવેલ પટેલ માધવલાલ મગનલાલ આંગડીયા પેઢીમાં આંગડીયુ કરેલુ જેમાં આશરે તૈયાર હીરા ૧૧ કેરેટ કિંમત રૂા.૧૦,૦૦૦/– નુ પાર્સલ તૈયાર કરી તેમના શેઠ ભવાનભાઈ વાઘાણી જેઓ વલસાડના ચીખલી મુકામે કારખાનુ ચલાવે છે તેમને આંગડીયું મોકલેલ હતું. બાદ બીજા દિવસે તેમના શેઠને આંગડીયુ નહીં મળ્યાનો ફોન આવતા તેઓએ ભાવનગર ઉપરોકત આંગડીયા પેઢીમાં તપાસ કરતા જાણવા મળ ેલ કે ઉપરોકત પાર્સલ તથા અન્ય પાર્સલ પરત્વે આંગડીયા કર્મચારી પાસ ેથી લુટ થયેલી છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ પોલીસ ે તેઓને મુદ્દામાલ હીરા જોવા બોલાવેલો પરંતુ તેમાં તેઓએ મોકલેલ હીરા ન હતા.

આંક–૭૮ ના સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે બનાવ અંગે તેઓને જાત માહિતી નથી.

(૨૦) ફરિયાદ પક્ષ તરફે આંક–૭૯ થી સાહેદ નં.૧ ૮ તરીકે બાબુભાઈ ઓધાભાઈ ગોહેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, ૨૦૧૩ ની સાલમાં તેઓ બિંદીયા ટ્રાવેલ્સમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા અને તે વખતે આ બસ ભાવનગરથી સુરતના રૂટ પર ચાલતી હતી. તેઓ આરોપી હરેશ ઉર્ફે હેરી કિશોરભાઈને ઓળખે છે અને તેઓ તેમની સાથે બિંદીયા ટ્રાવેલ્સમાં કંડકટર તરીકે નોકરી કરતા હતા. સદરહુ સાહેદ

આરોપી હરેશભાઈને અદાલત સમક્ષ ઓળખી બતાવે છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે તેઓ બનાવ અંગે કાંઈ જાણતા નથી, તેમને કોઈએ બનાવ અંગે વાત કરી હોય અને કોઈ વસ્તુ બતાવી હોય તેવુ બનેલ નથી, બીજા કોઈ આરોપીઓને તેઓ ઓળખતા નથી અને કોઈ મુદ્દામાલ તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી. આમ, સદરહુ સાહેદ તા.૨૮–૭–૨૦૧૩ ના રોજ બિંદીયા ટ્રાવેલ્સની બસ લઈને સુરત જવા નીકળેલા ત્યારે હરેશ ઉર્ફે હેરી કિશોરભાઈને તેઓ કલીનર તરીકે તેમની સાથે નોકરી કરતા હોવાથી ઓળખતા હતા અને તેઓનો ફોન આવેલો અને સુરત આવવાની વાત કરેલી. ત્યારબાદ સવારમાં પોણા આઠ વાગ્યે સુરત કામરેજ ચાર રસ્તા તેઓ પહોંચેલ તો હરેશ ઉર્ફે હેરી ત્યાં ઉભેલ હતા અને તેઓને વાત કરેલ કે ગઈકાલે બપોરના તેઓએ તથા તેમના મિત્રો સંજય, રમેશ, ભરત, તાહીર વિગેરેએ મળી થેલાની લુટ કરેલ છે અને થેલામાંથી લુટ કરેલ માલનો ભાગ પાડતા તેના ભાગમાં કાચા તથા પાકા હીરાઓના પડીકાઓ આવેલ છે તેમ કહી એક થેલામાંથી હીરાના પડીકાઓ કાઢેલ અને બસની કેબીનમાં બેઠા બેઠા હીરાના પડીકાઓ ખોલતા અમુક પડીકાઓમાં એક એક હીરાઓ હોય તે બધા હીરાનો કાઢી લઈને એક પડીકામા ભેગા કરેલ હોવાની હકીકતને સમર્થન નહીં આપતા, વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ તેમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી.

આંક–૭૯ ના સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે આરોપી હરેશ ઉર્ફે હેરી તેમની સાથે બસમાં કંડકટર

તરીકે આવતા હોય તેઓ તેને ઓળખતા હતા. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી અને તેઓએ પોલીસમાં કાંઈ લખાવેલ નથી.

(૨૧) ફરિયાદ પક્ષ તરફે આંક–૮૧ થી સાહેદ નં.૧૯ તરીકે નીતીનભાઈ ગોપીચંદભાઈ ગાજરીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તેઓને એમ.જી.રોડ શેરડીપીઠના ડેલામાં સોની કામની દુકાન આવેલી છે. તેઓએ તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ ભાવનગર મેઈન બજારમાં મહેતા શેરીમાં આવેલ પટેલ માધવલાલ મગનલાલની આંગડીયા પેઢ ીમાં સાદુ ગેલેટ કરેલ ચાંદીના બંગડીના કટકા નંગ–૨૨૬ જેનુ વજન ૫૦૦ ગ્રામ હતી જેની કિંમત રૂા.૨૫,૦૦૦/– હતી જેના સેમ્પલ તેઓએ અમદાવાદમાં સોની ભરતકુમાર જેન્તીલાલને ત્યાં ગેલેટ કરાવવા માટે આંગડીયા પેઢી મારફતે મોકલેલ હતા. ત્યારબાદ બે કલાક પછી આંગડીયા પેઢીમાં લૂંટ થયાનું જાણવા મળતાં તેઓએ આંગડીયા પેઢીમાં તપાસ કરતા તેઓએ મોકલેલ બંગડીઓના કટકાના સેમ્પલ પણ લૂંટમાં ગયેલ હોવાનું જાણવા મળેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તેમને ચાંદીના કટકા લગભગ બધા મળી ગયેલ પરંતુ માધવ મગનલાલ આંગડીયા પેઢીના કહેવાથી તેઓએ કોર્ટમાં જમા કરાવવા તેમને આપેલા. સદરહુ સાહેદ અદાલત સમક્ષ મુદ્દામાલ ચાંદીના કટકા ઓળખી બતાવે છે.

આંક–૮૧ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ બનાવ નજરોનજર જોયેલ નથી.

(૨૨) ફરિયાદ પક્ષ તરફે આંક–૮૨ થી સાહેદ નં.૨૦ તરીકે કાંતીલાલ હરીલાલ વૈયઠાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તેઓ ભાવનગર મેઈન બજાર રોડ નાણાવટી બજારમાં આવેલ સોની હંસરાજ એન્ડ બ્રધર્સમાં સોની કામ કરે છે. તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓએ ભાવનગર મેઈન બજારમાં મહેતા શેરીમાં આવેલ પટેલ માધવલાલ મગનલાલની આંગડીયા પેઢીમાં તેમની સોનાની લગડી આશરે સો ગ્રામ કે જેની કિંમત રૂા.૨,૯૦,૦૦૦/– નું મુંબઈ મુકામે આંગડીયુ કરી મોકલેલ. ત્યારબાદ સાંજના આ આંગડીયા પેઢીમાં લૂંટ થયાનું જાણવા મળતા તેઓએ આંગડીયા પેઢીમાં તપાસ કરતા તેઓનો મુદ્દામાલ પણ લૂંટમાં ગયાનું જાણવા મળેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓને આ સોનાની લગડી શરૂઆતમાં મળેલી ત્યારબાદ કૌશિકભાઈ આંગડીયાવાળાના કહેવાથી તેઓએ કોર્ટમા જમા તેમના મારફતે કરાવેલ છે. આ સાહેદ અદાલત સમક્ષ તેઓની સોનાની લગડી ઓળખી બતાવે છે.

આંક–૮૨ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓનું પોલીસ રૂબરૂ નિવેદન થયુ ત્યારે આંગડીયા પેઢીમા તેઓને લગડીનો લેખિત આધાર આપેલ ન હતો.

(૨૩) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૦૬ થી સાહેદ નં.૩૦ તરીકે કાંતીલાલ મંગળદાસ વાઘેલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓ અમરેલી ખાતે સાયન્ટેફીક ઓફીસર તરીકે તેમની ફરજ પર હતા ત્યારે ભાવનગર કન્ટ્રોલ મારફત અમરેલી કન્ટ્રોલ ધ્વારા ભાવનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનનો મેસેઝ મળતા ભાવનગર પોલીસ સ્ ટેશનમાં તા.૨૮–૭–૨૦૧૩ ના રોજ પહોંચેલ અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ બતાવ્યા મુજબ સ્થળનું જીણવટપૂર્વક નિરીક્ષણ કરતા બનાવ સ્થળ પીલગાર્ડનના કોટ પાસે રોડ ઉપર આર્યુવેદિક વિદ્યાલયની સામે ડાબી સાઈડે રોડ પર હોવાનું માલુમ પડેલ. રોડ પર કાદવ કીચડ હતુ જેમાં વાહન ચલાવનારનુ આગળનુ વ્હીલ જતાં વાહન જમણી બાજુ નમી જતા વાહન જમણી બાજુ રોડ ઉપર પડી ગયેલ હોવાનુ પ્રાથમિક દૃષ્ટિએ અનુમાન થાય તેમ હતુ, જે વાહન ભાવનગર એ.ડીવીઝન પોલીસ મથકમાં પડેલ હતુ જેનો વાહન નં.જી.જે.૪.બીએલ–૭૭૫૮ હતો જે કાળા રંગનુ એકટીવા હતુ જેના હેડલાઈટના ભાગે " બાપા સીતારામ" સફેદ રંગમાં લખેલુ હતુ. વાહનમાં એક સાઈડ મીરર લાગેલ ન હતા, વાહનનુ ઝીણવટપૂર્વક અવલોકન કરતા વાહન ચાલકના પગ મુકવાના જમણા ભાગે લગાવેલ ચેનલપટ્ટી ઉપસી આવેલ માલુમ પડેલ, ચેનલપટ્ટનો જમણી સાઈડનો ભાગ ઘસાયેલો માલુમ પડેલ અને જમણી સાઈડે બ્રેક, હેન્ડલ તથા મુઠીયા પર ઘસાવાના નિશાન હતા, સાયલેન્સર પરનુ કાળા રંગનુ પ્લાસ્ટીકનુ કવર તુટી ગયેલ હતુ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓએ તપાસ કર્યા બાદ તે અંગેનો પ્રાથમિક અહેવાલ આપેલો. આ

સાહેદની જુબાની દરમ્યાન પ્રાથમિક અહેવાલ આંક–૧૦૭ થી રજુ થયેલો છે.

આંક–૧૦૬ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, ટેલીફોનીક વર્ધી તેમને મળેલી તેવુ સ્પષ્ટ તેઓએ તેમના પ્રાથમિક રીપોર્ટમાં લખેલ નથી, તપાસ અધિકારીએ ગુન્હા અંગેની નોંધ જણાવેલી તે મુજબ તેઓએ લખેલી અને લોહીના ડાઘા જે તે સ્થળે મળી આવેલ નહી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, આક્ષેપિત ગુન્હાના સબંધે કોઈ ચીજ વસ્તુ બનાવ સ્થળેથી કબજે લેવાયેલ નથી તેમજ કોઈ વાહન પડી જાય તો પણ પ્રાથમિક અહેવાલમાં વાહનને નુકશાન જે પ્ર કારનુ થયેલાનું બતાવવામાં આવેલુ છે તે મુજબનુ થઈ શકે. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ પરીક્ષણ કર્યુ તે જગ્યા જાહેર રોડ હતો અને ત્યાં અવરજવર વાહનોની હતી.

(૨૪) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૦૯ થી સાહેદ નં.૩૧ તરીકે કૌશીકભાઈ બબલદાસ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તેઓ ભાવનગર ખાતે આવેલ પટેલ માધવલાલ મગનલાલ આંગડીયા પેઢીના માલિક છે, તેઓની મુખ્ય ઓફીસ એમ.જી.રોડ, મહેતા શેરી, સેવા સમિતિની સામે આવેલ છે અને બીજી ઓફીસ નિર્મળનગર માધવરત્ન બિલ્ડીંગમાં આવેલ છે અને તેઓની આંગડીયા પેઢી મારફતે હીરાના પાર્સલ તેમજ સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમના પાર્સલો જુદા જુદા શહેરોમાં મોકલવામાં આવે છે. તેઓની મહેતા શેરીવાળી ઓફીસમાં મેનેજર

તરીકે ભાવેશ બાબુભાઈ સીંઘવ હતા અને નિર્મળનગરવાળી ઓફીસમાં મેનેજર તરીકે ઈન્દરભાઈ સોનારામજી સેન હતા. આ સાહેદ બનાવ અંગે એવુ જણાવે છે કે, બનાવ તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ બનેલો અને તે વખતે તેઓ તેમની આંગડીયા પેઢીની મુખ્ય ઓફીસ ખાતે હાજર હતા, બપોરના સમયે અમદાવાદની વારી લઈને રમણભાઈ કચરાભાઈ પટેલને જવાનું હતુ જેથી સુરત, વડોદરા, અમદાવાદ, અને મુંબઈના પાર્સલો આ રમણભાઈ તથા કિર્તીસિંહ ભુરાજી વાઘેલાએ તૈયાર કરેલા. ત્યારબાદ પાર્સલો અલગ થઈ જતા એક બ્રાઉન કલરના થેલામાં ભરેલા અને સાડા ત્રણની અમદાવાદ જવાની બસ જે હતી તેમાં મુકવા માટે કિર્તીસિંહ વાઘેલા ઓફીસનું એકટીવા નં.જી.જે.૪.બી.એલ.૭૭૫૮ નું લઈને રમણભાઈને મુકવા માટે નીકળ ેલા. આ વખતે તેઓ ઓફીસમાં હાજર હતા, ત્યારબાદ ૩.૨૦ કલાકે તેમના મોબાઈલ ઉપર કિર્તીસિહ વાઘેલાનો ફોન આવેલો અને જણાવેલ કે જશોનાથ સર્કલથી આર્યુવેદીક કોલેજ આગળ જતા અજાણ્યા માણસોએ ધોકો મારીને એકટીવા નીચે પછાડી દેતા, તેઓ પડી જતા, હીરા સોના ચાંદીના દાગીનાના પાર્સલ ભરેલ થેલાની લુટ કરીને તેઓ ભાગી ગયેલ છે. જેથી તેઓ બનાવના સ્થળે ગયેલા જયાં કિર્તીસિંહ વાઘેલા તથા રમણભાઈ હાજર હતા, કિર્તીસિંહને જમણ ખભે તથા રમણભાઈને જમણા હાથે ઈજા થયેલ હતી. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓએ પુછતા કીર્તિસિંહે જણાવેલ કે, તેઓ એકટીવા ચલાવતા હતા અને પાછળ રમણભાઈ બેઠેલા હતા અને પાર્સલનો થેલો એકટીવામાં આગળના ભાગે હતો અને આર્યુવેદીક કોલેજની સામે પહોંચતા તે વખતે પાછળથી સીબીઝેડ મોટર સાયકલ ઉપર બે અજાણ્યા માણસો જમણી સાઈડે આવેલા અને મોટર સાયકલ ચલાવવા

લાગેલા તે વખતે પાછળથી બે અજાણ્યા માણસો સ્પેલન્ડર મોટર સાયકલ લઈને આવેલા અને તે પણ ચલાવવા લાગેલ અને પછી તે વખતે સીબીઝેડ મોટર સાયકલ ઉપર પાછળ બેઠેલ માણસે ચાલુ મોટર સાયકલમાં કિર્તીસિંહ ભુરાજી વાઘેલાને જમણા હાથ ઉપર ધોકો મારેલ જેથી તેમનુ મોટર સાયકલનુ બેલેન્સ તુટી જતા એકટીવા સાથે નીચે પડેલા. ત્યારબાદ સીબીઝેડની પાછળ બેઠેલ માણસે મોટર સાયકલમાંથી ઉતરીને એકટીવામાં આગળ રાખેલ પાર્સલો ભરેલ થેલો હતો તેની લુટ કરી એસ.ટી. બસ સ્ટેશન તરફ મોટર સાયકલ લઈને ભાગી ગયેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે કિર્તીસિંહે આ ચારેય માણસોની ઉમર આશરે ૨૫ થી ૩૦ વર્ષની હોવાનું જણાવેલુ. આ સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તેઓએ મોબાઈલથી પોલીસને જાણ કરતા, પોલીસ આવી ગયેલી અને પછી તેઓ આ બંનેને લઈને એ.ડીવીઝન પોલીસ સ્ટેશને ગયેલા જે વખતે કિર્તીસિંહ વાઘેલા તથા રમણભાઈને વધુ દુખાવો થતા બંનેને સારવાર માટે ડો.સંજય રવિ સાહેબને ત્યાં દવાખાને લઈ ગયેલા અને ત્યારબાદ બનાવ અંગે કિતીસિંહ ભુરાજી વાઘેલાએ ફરિયાદ આપેલી. સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે આ લુટમાં ગયેલ કુલ પાર્સલો યાને કે માલની તપાસ કરતા રૂા.૧૭,૫૫,૮૭૫/– ના હિરા તથા સોના ચાંદીના દાગીના હતા અને તેની લુટ થયેલી હતી.

આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તેઓને ચીફ જયુડીશયલ કોર્ટ મારફતે સોનાના બિસ્કીટ, સોનાનો ચેઈન, ત્રણ નંગ સોનાની બુટ્ટી, એક સોનાની વીટી અને ગીલેટ કરેલ માલ તથા હીરા જે આંક–૫૬ માં વર્ણવેલ તે તેઓને મળેલ હતા અને ત્યારબાદ નામદાર સેશન્સ કોર્ટના હુકમથી તેઓએ આંક–૫૬ માં વર્ણવેલ

મુદ્દામાલ સેશન્સ કોર્ટમાં નાઝર સમક્ષ પરત કરેલ. આ સાહેદ અદાલત સમક્ષ મુદ્દામાલ ઓળખી બતાવે છે.

આંક–૧૦૯ ના સાહેદની બચાવ પક્ષ તરફથી ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓએ જે તે વ્યકિત પાસેથી માલીકી અંગેના બીલ લીધેલ નથી અને તે કારણે પોલીસમાં રજુ કરેલ નથી અને તે જ રીતે કોર્ટમાં મુદ્દામાલ છોડાવતી વખતે તેઓએ આ પ્રકારના માલીકી અંગેના બીલ જે તે વ્યકિતના રજુ કરેલ નથી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીના હુકમથી આંક–પ૬ સિવાય આશરે બેએક લાખનો મુદ્દામાલ પોલીસ સ્ટેશનથી લીધેલો હતો અને તે જે તે પાર્ટીને આપેલો હતો. આ મુદ્દામાલ મારા કહેવા પ્રમાણે જે તે પાર્ટી પાસે જ છે અને તે પરત આવેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, સ ેશન્સ કોર્ટના હુકમના અનુસંધાને પુરેપુરો મુદ્દામાલ પેઢી તરફથી જમા થયેલ નથી, ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીના હુકમમાં મુદ્દામાલ પરત્વે ફોટોગ્રાફ પાડવાનો હુકમ થયેલો હતો પરંતુ તેમની પેઢી તરફથી આવા ફોટોગ્રાફ પાડેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ સ્થળે તેઓ ગયા ત્યારે માણસોનુ ટોળુ ત્યાં ભેગુ થયેલુ હતું, રમણભાઈ અને કિર્તીસિંહ જે એકટીવા પર ગયેલા તેનો નં.જી.જે.૪.બી.એલ. ૭૭૫૮ હતો. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓએ બનાવ સ્થળે લોહી પડેલુ જોયેલુ નથી. મુદ્દામાલ પોલીસે કયાંથી મેળવેલો તે તેઓ કહી શકે નહીં.

(૨૫) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૧૧ થી સાહેદ નં.૩૨ તરીકે વસંતરાવ ભીમરાવ ડોંગરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૩૦–૭–૨૦૧૩ ના

રોજ તેઓને એ.ડીવીઝન પોલીસે નારી રોડ આઈ.પી.સી.એલ. કંપનીના ગોડાઉન પાસે બોલાવેલ જયાં પોલીસ સિવાય ત્રણ થી ચાર વ્યકિતઓ બીજી હાજર હતી. પોલીસે તેઓને લુટમાં ગયેલ ચીજ વસ્તુઓ જે મળી આવેલી તે ચકાસીને વજન કરવાનું કહેલુ, આ વસ્તુઓમાં સોનાની વસ્તુ બિસ્કીટ, ચેઈન અને ચાંદીની બંગડીના ટૂકડા હતા જે તમામ વસ્તુઓનુ તેઓએ વજન કરેલુ અને દરેકની ચિઠ્ઠીમાં વજન લખી તેઓની સહી કરી આપેલી. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તા.૩૧ –૭–૨૦૧૩ તથા તા.૧–૮–૨૦૧૩ ના રોજ તેઓને એ.ડીવીઝન પોલીસ સ્ટેશને બોલાવેલ અને ફરી પાછુ આ ચીજ વસ્તુઓનું વજન કરીને શીલ કરેલુ. આ સાહેદ કોઈ ઈસમે સોના ચાંદીની ચીજ વસ્તુ સંતાડેલ જગ્યાએથી કાઢી આપ્યાનો તથા આરોપીઓને ઓળખવાનો ઈન્કાર કરે છે પરંતુ તા.૩૦–૭–૨૦૧૩ ના રોજ જે મુદ્દામાલ આઈ.પી.સી.એલ. કંપનીના ગોડાઉન પાસે તેઓએ જોયેલો અને ચકાસીને કબજે લીધેલ તે ઓળખી બતાવે છે. જેથી વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી, વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ ઉલટ તપાસમાંથી આ સાહેદ કોઈ ઈસમે સોના ચાંદીની ચીજ વસ્તુ સંતાડેલ જગ્યાએથી કાઢી આપ્યાની હકીકતનો ઈન્કાર કરે છે.

આંક–૧૧૧ ના સાહેદની બચાવ પક્ષ તરફથી ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે આઈ.પી.સી.એલ.કંપનીના ગોડાઉન પાસે ઘણા બધા માણસો અને પોલીસ ઉભેલ હતી અને આ ચાંદી અને સોનાની ચીજ વસ્તુઓ પોલીસની પાસે કયાંથી આવેલી તે અંગે પોલીસ

ે તેમને તે વખતે કાંઈ કહેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે આ ઘરેણા તેમની હાજરીમાં કોઈ વ્યકિતએ ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી.

## –: **તબીબી પુરાવાની ચર્ચા**:–

(૨૬) ફરિયાદ પક્ષ તરફે આંક–૯૮ થી સાહેદ નં.૨૯ તરીકે ડો.સંજયભાઈ રણછોડદાસ રવીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, ભાવનગર મુકામે તેઓ સંજીવની સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં એમ.એસ.ઓર્થોપેડીક સર્જન તરીકે ફરજ બજાવે છે, તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ દર્દી રમણભાઈ કચરાદાસ પટેલ અને કિતીસિંહ ભુરાજી વાઘેલા તેઓના સગાની સાથે સાંજના ૫.૩૦ વાગ્યાના સુમારે તેમની હોસ્પીટલમાં સારવાર માટે આવેલા. આ સાહેદ વધુમાં જણાવે છે કે, દર્દી રમણભાઈ કચરાદાસ પટેલે પોતાની હિસ્ટ્રીમાં એવી હકીકત જણાવેલી કે " અજાણ્યા વ્યકિતઓ ધ્વારા તેમને લાકડી વડે જમણા હાથે હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવેલ છે અને તેઓ તેથી મોટર સાયકલ ઉપરથી પડી ગયેલા." તેમણે તેમની ઉપર થયેલ હુમલાનો સમય બપોરના ૩.૧૫ નો આપેલો. દર્દીને તેઓએ આઉટ ડોર પેશન્ટ તરીકે સારવાર આપેલી. આ દર્દીને જમણા હાથના કોણીથી નીચેના ભાગ પર ૪–૫ × ૨–૩ સે.મી. જેટલા ભાગમાં છોલાયેલુ હતુ જે સાથે તેની આસપાસ સોજો આવેલ હતો તેમજ દર્દીને કપાળના ભાગે ૧ × ૧ સ ે.મી.નું છોલાવાને લીધે થયેલ ઘા હતો પરંતુ અંદરની કોઈ ઈજાના વધુ ચિન્હો નહોતા. આ ઉપરાંત દર્દીને જમણા સાથળના ભાગે ૩ –૪ ×૧

–૨ સે.મી.નો છોલાવાને લીધે થયેલ ઘા હતો. તેઓએ દર્દીના જમણા કોણીનો એકસરે કાઢેલો પરંતુ કોઈ ફ્રેકચર માલુમ પડેલ નહી જેથી દર્દીને આઉટડોર દર્દી તરીકે ટ્રીટ કરીને રજા આપવામાં આવેલ. આ સાહેદની જુબાની દરમ્યાન દર્દી રમણભાઈની એમ.એલ.સી.નોટ આંક–૯૯ થી તથા સર્ટીફીકેટ આંક–૧૦૦ થી રજુ થયેલ છે.

સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે તે જ તારીખે તેઓએ દર્દી કીર્તિસિંહ ભુરાજી વાઘેલાને પણ તપાસેલા. જેઓએ તેમના ઉપર બપોરે ૩.૧૫ વાગ્યે હુમલો થયાનું જણાવેલુ. દર્દીને તપાસતા તેઓ સંપૂર્ણ ભાનમાં હોવાનું માલુમ પડેલુ. આ દર્દીને જમણા ખભાના ભાગે ૩–૪ × ૧–૧.૫ સે.મી.નો છોલાયેલો ઘા હતો તેમજ જમણા ખભાનું હલનચલન શકય ન હતું, ૨ × ૧ સે.મી. નો લાલ રંગનો કન્ટીયુજન જમણી કોણીના ભાગે જણાયેલ પરંતુ દર્દીને જમણા કોણીની મુમેન્ટ નોર્મલ શકય હતી, દર્દીના એકસરે કરાવતા તેના જમણા ખભાના હાંસડીના ભાગે ફ્રેકચર જણાયેલ. જે માટે તેને ડ્રેસીંગ સારવાર કરવામાં આવેલ અને ઈન્ડોર દર્દી તરીકે રાખવામાં આવેલ. દર્દીને બીજા દિવસે સવારે બાર વાગ્યા આસપાસ રજા આપવામાં આવેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે આ દર્દીએ પોતાની હિસ્ટ્રીમાં તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ બપોરે ૩.૧૫ વાગ્યે ભાવનગર જશોનાથ ચોક અને પાનવાડી વચ્ચે તેમના ઉપર અજાણ્યા માણસોએ લાકડીથી જમણા ખભા ઉપર હુમલો કરતા ઈજા થયેલાનુ જણાવેલુ અને તેઓ આ હુમલાના કારણે સાધન ઉપરથી પડી ગયેલા તેવુ પણ તેઓએ જણાવેલુ. આ સાહેદની જુબાની દરમ્યાન દર્દી કિર્તીસિંહની એમ.એલ.સી.નોટ આંક–૧૦૧ થી, સર્ટીફીકેટ આંક–૧૦૨ થી તેમજ કેસ પેપર્સ આંક–૧૦૪ થી રજુ થયેલ છે. આ

તબીબી અધિકારીશ્રી પોતાની જુબાનીમાં વધુમાં જણાવેછે કે, આ બંને દર્દીઓને થયેલ ઈજા સખ્ત પદાર્થથી થઈ શકે અગર તો તેઓ પડી જાય તો પણ આ પ્રકારની ઈજાઓ થઈ શકે. આ સાહેદને અદાલત સમક્ષ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬ બતાવવામાં આવતા તેઓ જણાવે છે કે આ પ્ર કારના લાકડાના ધોકાથી બંને સર્ટિફીકેટમાં જે ઈજાઓ દર્શાવવામાં આવી છે તે પ્રકારની ઈજા થઈ શકે.

આંક–૯૮ ના તબીબી અધિકારીશ્રીની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે બંને દર્દીઓને તેમના શેઠ કૌશિકભાઈ બી.પટેલ તેમને ત્યાં લઈને આવેલા અને તેઓ પોલીસ યાદી સાથે લાવેલ ન હતા, તેમની પાસે આ ઈસમોને સાંજે પાંચેક વાગ્યે લાવવામાં આવેલા અને હિસ્ટ્રી પ્રમાણે બનાવ આશરે ૩.૧૫ વાગ્યે બપોરે બનેલાનું જણાવવામાં આવેલુ, બનાવવાળા સ્થળેથી તેમની હોસ્પીટલે વાહનમાં આવવુ હોય તો આશરે દસેક મીનીટ થાય. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, બનાવવાળા સ્થળેથી તેમની હોસ્પીટલમાં આવવુ હોય તો વચ્ચે સર.ટી.હોસ્પીટલ આવે, પોલીસ નોટમાં રમણભાઈએ તેમને થયેલ ઈજા પાઈપથી થયેલી તેવુ જણાવેલુ તેમ લખેલુ છે, અજાણ્યા માણસોની સંખ્યા દર્દીઓએ આપેલ ન હતી કે વર્ણન કે કોઈ નામ આપેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે દર્દીઓએ તેમની સાથે લુટ થયેલ હોય અને તેઓ આંગડીયા પેઢીના કર્મચારી હોય તેવી હકીકત હિસ્ટ્રીમાં જણાવેલ નથી અને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬ થી આ દર્દીઓને ઈજા થયેલાનુ તેઓ ચોકકસ કહી શકે નહી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે દર્દી કીર્તિસિંહને થયેલ ઈજા કોઈ વ્યકિત જોરથી બોથડ

પદાર્થ સાથે અથડાય અગર તો કોઈ સાધન ઉપરથી પડી જાય તો હાંસડીનું ફ્રેકચર થઈ શકે, દર્દી તેમની હોસ્પીટલમાં સાંજે પાંચ વાગ્યાથી બીજા દિવસે તેમને બાર વાગ્યે રજા આપી ત્યાં સુધી તેઓ તેમની હોસ્પીટલમાં હતા. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે કોઝ ઓફ ઈન્ઝરીના કોલમમાં તેઓએ જે હકિકત બંને સર્ટિફીકેટમાં બતાવેલ છે તે જે તે દર્દીએ લખાવેલ છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ તે સર્ટિફીકેટમાં કરેલ નથી, બંને દર્દીઓને જે ઈજાઓ હતી તે સામાન્ય પ્રકારની કહી શકાય તેવી ઈજા હતી.

## –: **<u>પંચ સાહેદોના પુરાવાની ચર્ચા</u>**:–

(૨૭) ફરિયાદ પક્ષ તરફે આંક–૨૬ થી સાહેદ નં.૪ તરીકે પંચ જેન્તીભાઈ નાથાભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ પોલીસે તેઓને આર્યવેદીક કોલેજ પાસે પંચનામા માટે બોલાવેલ, બીજા પંચ મેહુલભાઈ હતા તેમજ પોલીસના કર્મચારી અને રમણભાઈ પટેલ તથા કીર્તીસિહ બનાવવાળી જગ્યાએ હાજર હતા. આ પંચ સાહેદ વધુમાં જણાવે છે કે જે જગ્યાએ પંચનામુ કરવામા આવેલ તે જશોનાથ ચોક તરફથી એસ.ટી. તરફ જતો મુખ્ય રસ્તો હતો, બનાવવાળી જગ્યાએ એક કાળા કલરનુ એકટીવા સ્કુટર જેનો નં.૭૭૫૮ હતો તે રસ્તા ઉપર આડુ પડેલ હતુ, તેઓને તેના ઉપર કોઈ નુકશાન થયેલ હોય તેમ જણાયેલ નહી. પોલીસે તેમની રૂબરૂમાં આંક–૨૭ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ.

આંક–૨૬ ના પંચની બચાવ પક્ષ તરફથી ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, માધવલાલ મગનદાસની આંગડીયાની પેઢી તેઓની પેઢીના વિસ્તારમા છે, કીર્તીસિંહના બોલાવવાથી તેઓ બનાવવાળા સ્થળ પર ગયેલા, તેઓએ પંચનામુ લખાવ્યુ હોય અને પોલીસે લખેલ હોય તેવુ બનેલ નથી.

(૨૮) ફરિયાદ પક્ષ તરફે આંક–૨૯ થી સાહેદ નં.૫ તરીકે પંચ રાજુભાઈ મોતીભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૩૦–૭–૨૦૧૩ ના રોજ પોલીસે તેઓને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પંચમાં બોલાવેલ. પોલીસે પંચનામાની કાર્યવાહીમા સોનાના બિસ્કીટ કબજે કરેલા તેવુ યાદ છે. તે વખતે પોલીસ સ્ટેશનમા પોલીસ આરોપીઓને પકડીને લાવેલી અને આરોપીઓ લોકઅપમા હતા. કુલ્લે પાંચ આરોપીઓને પોલીસે પકડેલા. પોલીસે જે આરોપીઓને પકડેલા તેઓને તેઓએ પોલીસ સ્ટેશનમાં જોયેલા, તેઓને આરોપીઓના નામની ખબર નથી પરંતુ તેઓ જોયેથી ઓળખી શકે. આ સાહેદે અદાલતમા હાજર આરોપી નં.૧ સંજયભાઈ ભોથાભાઈ કસોટીયા, આરોપી નં.૨ રમેશભાઈ ખીમજીભાઈ ચૌલા, આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હેરી કિશોરભાઈ ખસીયા અને આરોપી નં.૫ તાહીરભાઈ મુસ્તુફાભાઈ શેખનાઓને ઈશારો કરી ઓળખી બતાવેલ છે કે આ આરોપીઓ તે વખતે પોલીસ કસ્ટડીમાં હાજર હતા અને પોલીસના જણાવ્યા પ્રમાણે તેઓ પાસેથી સોનાનું એક બિસ્કીટ અને એક બિસ્કીટનો ટુકડો મળેલો. આ સાહેદ વધુમાં જણાવે છે કે આરોપીઓ પાસેથી જે મુદ્દામાલ મળેલો તેમા એક ધાતુની બંગડીના ટુકડા હતા અને એક મોબાઈલ ફોન હતો. સોનાનુ જે એક નાનુ

બિસ્કીટ મળેલ તેની કિંમત આશરે રૂપિયા અઢી લાખ હતી. તે વખતે પોલીસ સ્ટેશનમા એક સોની વસંતલાલ હાજર હતા તેઓએ સોનાના બિસ્કીટની ખરાઈ કરેલી અને તેનુ વજન કર્યા પછી તેમની રૂબરૂ કાગળમા સહી કરેલી અને સોનાનુ બિસ્કીટ ડબ્બીમા પેક કરી ડબ્બી શીલ કરેલી. આ સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસને આરોપીના ખીસ્સામાથી એક સોનાની ચેઈન મળેલી તેની સોનીએ ખરાઈ કરેલી અને તેનુ વજન કરેલુ અને તેની કિંમત નકકી કરી અને પંચનામુ કરી અને તે સોનાની ચેઈન કબ્જે લીધેલ. સોનાની ચેઈન ડબ્બીમા મુકી તેમની સહી કરી કબજે કરેલ. સોનાના એક બિસ્કીટ ઉપર અંગ્રેજીમા એક લખાણ હતુ અને તેની પાછળ અંગ્રેજી આલ્ફાબેટ (S.A) લખેલુ હતુ, પોલીસ ે બે મોટર સાયકલ પણ કબજે કરેલા અને તે બંને મોટર સાયકલ પોલીસ સ ટેશનમાં પડેલા હતા. એક મોટર સાયકલ સીબીઝેડ હતું જે કાળા કલરનું હતું, બીજુ મોટર સાયકલ હોન્ડા હતુ જેનો નં.૮૧૮૨ હતો જેનો કલર યાદ નથી, પોલીસે મોટર સાયકલ પંચનામુ કરી કબજે કરેલા. પોલીસ ે પંચનામાની કાર્યવાહી કર્યા બાદ તેઓએ પંચનામામા તેમની સહી કરેલી. પોલીસે સોનાના બંને બિસ્કીટના ટુકડા કબજે કરેલા. આ સાહેદની જુબાની દરમ્યાન પંચનામુ આંક–૩૦ થી રજુ થયેલ છે.

આંક–૨૯ ના પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ રમેશભાઈ મગનલાલ આંગડીયા પેઢી ચલાવે છે અને તેઓની આંગડીયા પેઢી માધવ મગનલાલ આંગડીયા પેઢીની નજીકમા આવેલી છે. બનાવના ત્રણ દિવસ બાદ એટલ ે કે તા.૩૦–૭–૨૦૧૩ ના રોજ તેઓ 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન પાસ ેથી નીકળેલા અને તે વખતે બધી પંચનામાની કાર્યવાહી થયેલી, બીજા પંચ

રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલ તેમની સાથે હતા. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તે વખતે આરોપીઓ પોલીસ સ્ટેશનના લોક અપમા હતા અને સોનાનો મુદ્દામાલ પોલીસ ઓફીસરના ટેબલ પર હતો અને બંને મોટર સાયકલ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમા હતા, પોલીસ ે તેઓને અને રમેશભાઈને આરોપીઓ લોકઅપમાં બતાવેલા. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે આરોપીઓને તેઓએ તે દિવસે લોક અપમા જોયેલ હોય આજે અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ કે રમેશભાઈ પટેલે પોલીસને કોઈ વિગત લખાવેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે સોનાના મુદ્દામાલના કોઈ માલીકને બોલાવેલા હોય અને તેઓએ મુદ્દામાલની ઓળખ કરેલ હોય તેવુ બનેલ નથી.

(૨૯) ફરિયાદ પક્ષ તરફે આંક–૩૩ થી સાહેદ નં.૬ તરીકે પંચ રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, આશરે ત્રણેક વર્ષ પહેલા તેઓ 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતાં પો.સ્ટે.પાસ ે કૌશિકભાઈ બબલદાસ પટેલ ઉભા હતા અને તેઓએ તેમને ઉચો હાથ કરીને બોલાવેલ અને આ વખતે રાજુભાઈ મોતીદાસ પટેલ તેઓની સાથે હતા અને કૌશિકભાઈએ તેઓને જણાવેલુ કે પોલીસ ઈન્સ્પેકટર પાસે જવાનું છે અને જે લુટ થઈ છે તેની બાતમી મળી છે તો પોલીસની સાથે કુંભારવાડા જવાનું છે. માણસોની બાતમી મળેલી જેથી કુંભારવાડા આઈ.પી.સી.એલ.ના ગોડાઉનમા જવાનુ હતુ. ત્યારબાદ તેઓ, રાજુભાઈ પટેલ અને પોલીસના અધિકારીઓ પોલીસની જીપમા પોલીસ સ્ટેશનેથી નીકળીને નારી ચોકડી થઈ અને આઈ.પી.સી.એલ. ના

ગોડાઉને પહોંચેલા, પોલીસે પંચનામામા તેઓની અને રાજુભાઈની પહેલા સહી લીધેલી, તેઓ આઈ.પી.સી.એલ.ના ગોડાઉન પાસે ઉભા રહેલા. તે વખતે બે મોટર સાયકલ ઉપર પાંચ જણા તે જગ્યાએથી નીકળ ેલા અને પોલીસે તેઓને આઈ.પી.સી.એલ.ના ગોડાઉન પાસે પકડેલા. પોલીસે પાંચ જણાને પકડેલા, પોલીસે તેઓની જડતી લીધેલી અને એક વ્યકિતના ખીસ્સામાથી સોનાનો સો ગ્રામનો એક ટૂકડો મળેલો, જેનુ વજન પોલીસે પોલીસ સ્ટેશનમા સોમનાથ જવેલ્સૅના એક ભાઈ ઈલેકટ્રોનીક કાંટો લઈને આવેલા તેણે વજન કરતા જેનું વજન સો ગ્રામ જેટલુ હતુ. સોનીએ ખરાઈ કરીને જણાવેલુ કે તે ટૂકડો સોનાનો જ હતો. જે વ્યકિતના ખીસ્સામાથી સોનાનો ટૂકડો મળેલો તેનુ નામ સંજયભાઈ હતુ. સંજયભાઈના ખીસ્સામાથી પોલીસને એક મોબાઈલ ફોન મળેલો. બીજો એક વ્યકિત પોલીસે પકડેલો તેનુ નામ રમેશભાઈ હતુ. તેના ખીસ્સામાથી સોનાનો એક અડધો ટૂકડો મળેલો જેનુ વજન આશરે પર ગ્ર ામ થયેલુ, રમેશભાઈ પાસેથી જે સોનાનો ટૂકડો મળેલો તેની ખરાઈ સોનીએ કરેલી અને તેનુ વજન પણ સોનીએ કરેલુ. ત્રીજા એક વ્યકિતને પોલીસે પકડેલ તેનુ નામ હરેશભાઈ હતુ તેના ખીસ્સામાથી પોલીસને એક મોબાઈલ ફોન મળેલો અને સોના જેવા લાગતા પીળી ધાતુના બંગડીના ટૂકડા મળેલા. સોનીએ તેની ખરાઈ કરતા તે બંગડીના ટૂકડા ચાંદી ઉપર સોનાની ગીલેટ કરેલા હતા. જેનુ વજન કરતા આશરે ૪૫ ગ્રામ જેટલુ હતુ. ચોથા વ્યકિતને જે પકડેલો તેનુ નામ ભરતભાઈ હતુ. તેના ખીસ્સામાથી એક મોબાઈલ ફોન મળેલો અને બંગડીના ટૂકડા પણ મળેલા. તે પણ સોનાની ગીલેટ કરેલા ચાંદીના ટૂકડા હતા તે પણ સોનીએ ખરાઈ કરેલી. તેની કિંમત આશરે દશ હજાર રૂપિયા જેટલી હતી. વજન કેટલુ હતુ તે હાલે યાદ નથી. પાંચમા

વ્યકિતને પોલીસે પકડેલ તેનુ નામ તાહીર હતુ. તેની પાસેથી પણ સોનાની ગીલેટ કરેલા ચાંદીના ટુકડા મળેલા જેની કિંમત આશરે પાંચ હજાર રૂપિયા હતી.

આ સાહેદ વધુમાં જણાવે છે કે, પોલીસે પાંચેય વ્યકિતઓ પાસેથી જે વસ્તુઓ મળેલી તેને તેઓ બંને પંચોની કાપલીઓમા સહી લઈ કબજે કરેલ અને તમામ મળી આવેલ વસ્તુને અલગ અલગ ડબ્બીઓમા મુકી અને શીલ કરેલ અને તે પ્લાસ્ટીકની ડબ્બી ઉપર પણ ચિઠ્ઠી લગાવેલ અને તે ચિઠ્ઠી ઉપર પણ તેઓની સહીઓ કરેલી અને તેને શીલ કરેલી. આ સાહેદ અદાલત સમક્ષ મુદ્દામાલ આર્ટીકલ નં.૩ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન, આર્ટીકલ નં.૪ નોકીયા કંપનીનો મોબાઈલ ફોન તથા આર્ટીકલ નં.૧૦ માઈક્રોમેકસ કંપનીનો મોબાઈલ ફોન જોઈને જણાવે છે કે આ તમામ મોબાઈલ ફોન આરોપીઓને પોલીસ ે અટક કરેલા ત્યારે જડતી તપાસ દરમ્યાન મળી આવેલા તે જ છે. આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૩૦ થી પંચનામુ રજુ થયેલ છે. સદરહુ સાહેદ આરોપીઓને નામથી ઓળખી શકતા નથી પરંતુ તેઓએ આરોપી નં.૧,૨ અને ૩ નાઓને અદાલતમા હાજર હોય ઓળખી બતાવેલ છે અને જણાવેલ છે કે આ ત્રણેય આરોપીઓ પોલીસે પકડેલા પાંચ આરોપીઓ પૈકીના છે.

આંક–૩૩ ના પંચ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓ સોમાભાઈ રામદાસ નામની આંગડીયા પેઢી ચલાવે છે, જયારે ફરીયાદીની માધવલાલ મગનલાલ નામની આંગડીયા પેઢી છે અને જેથી તેઓ તેમને ઓળખે છે અને તેઓ તેમના મિત્ર થાય છે. આ સાહેદ એ હકીકત નકારે છે કે તેઓ પોલીસ સ્ટેશનમાં

ગયા ત્યારે આરોપીઓને પોલીસે પહેલેથી પકડી લીધેલા હતા અને તેઓએ જણાવી તેવી વસ્તુઓ પોલીસ સ્ટેશનના ટેબલ ઉપર પડેલી હતી. આ સાહેદ એ હકીકતને નકારે છે કે 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં કોઈ લખાણ કરેલ હોય કે તેમની અંગજડતી કરેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ એ હકીકત નકારે છે કે નારી રોડ ઉપર તેઓની કે પોલીસની જીપની કોઈ જડતી કરેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તે રોડ ઉપર વાહનોની અવરજવર સતત ચાલુ હોય છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, પોલીસ પાસે આરોપીઓના કોઈ ફોટા ન હતા, આરોપીઓ મોટર સાયકલ પર કયાથી આવતા હતા તેની તેઓને ખબર ન હતી. આ સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપીઓની જડતીમાં આશરે અડધો કલાકનો સમય થયેલો, જે જગ્યાએ આરોપીઓને પકડેલા ત્યાં પોલીસે કોઈ સોનીને બોલાવેલ નહી, પોલીસે મુદ્દામાલ તે જગ્યાએ કબજે કરેલો નહી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, જયાં આરોપીઓ પકડાયેલા તે જગ્યાએ કોઈ લખાણ કરેલુ નહી કે તેઓની સહીઓ લીધેલી નહી કે કોઈ કાપલીઓમાં પણ તેઓની સહી લીધેલી નહી. આરોપીઓ જે જગ્યાએથી પકડાયેલા ત્યાથી સીધા પોલીસ સ્ટેશન ગયેલા. આરોપીઓને તેમની સાથે જ પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને તે વખતે રાજુભાઈ સાથે હતા. ત્યારબાદ તેઓ પોલીસ સ્ટેશનમા બપોરના એક વાગ્યા સુધી રોકાયેલા. તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ સોનીને બોલાવતા અડધા કલાક બાદ સોની આવેલા. સોનીએ મુદ્દામાલની ચકાસણી કર્યા બાદ પોલીસે લખાણ કરેલુ અને ત્યારબાદ તેઓની અને રાજુભાઈની સહી લીધેલી. પોલીસે તે વખતે આરોપીઓને લોકઅપમા બેસાડેલા. બધી કાર્યવાહી પૂર્ણ થતા

આશરે બપોરના એક બે વાગ્યાનો સમય થયેલો અને ત્યા સુધી રાજુભાઈ પટેલ સાથે હતા.

(૩૦) ફરિયાદ પક્ષ તરફે આંક–૪૪ થી સાહેદ નં.૭ તરીકે પંચ રમેશકુમાર નરશીભાઈ જાદવને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૩૧–૭–૨૦૧૩ ના રોજ તેઓને ભાવનગર શહેરના 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમા પંચ તરીકે રહેવા માટે બોલાવેલ અને પોલીસે તેઓને લુટના કેસમા પંચ તરીકે રહેવાની સમજ આપતા તેઓએ હા પાડેલી. પોલીસ સ્ટેશનમા એક આરોપી નામે રમેશભાઈ ખીમજીભાઈ હાજર હતા, તેઓની ઉમર આશરે ૨૦ વર્ષની હશે, આ રમેશભાઈએ લુટમા જે મુદ્દામાલ ગયેલો તે મુદ્દામાલ સ્વખુશી બતાવવાની તૈયારી બતાવેલી. ત્યારબાદ પોલીસ ે પી–૧૪ નંબરના સરકારી વાહનમાં તેઓ, હિતેષભાઈ સોની, બીજા પોલીસના અધિકારીઓ હતા અને આરોપી રમેશભાઈ ખીમજીભાઈને હતા. ત્યારબાદ રમેશભાઈના બતાવ્યા મુજબ સરકારી વાહન ચલાવેલુ. ઉદયનગર આગળ એક અવેડા પાસે સરકારી વાહન રમેશભાઈએ ઉભુ રખાવેલ, રમેશભાઈએ ત્યા આગળ તેમનું પોતાનું ઘર બતાવેલુ. ઘરની બાજુમા જયા વાડામા ઢોર બાંધવામા આવે છે ત્યા આગળ એક મોટો પટારો પડેલ હતો. રમેશભાઈએ તે પટારાની નીચે રેતી આઘી પાછી કરી અને ગારાવાળુ એક કપડુ હતુ તે કપડુ કાઢેલુ અને જેની અંદર એક ડબ્બો હતો જેની અંદર ચાર નંગ માથામા પહેરવાના સોનાના ટીકા હતા. તેની અંદર ચાર જોડી સોનાની બુટ્ટી હતી. એક ત્રણ વીંટીવાળો સોનાનો પંજો હતો આ તમામ વસ્તુ રમેશભાઈએ શોધી આપ્યા બાદ પોલીસે તેનુ વજન કરાવેલુ જે ૮૮.૩૦ ગ્રામ હતુ. ત્યારબાદ આ સોનાની

વસ્તુના માલિકને જે જગ્યાએ માલ મળેલો ત્યાં બોલાવેલ અને તેઓએ તેમની માલિકીની સોનાની વસ્તુઓ ઓળખી બતાવેલ. ત્યારબાદ પોલીસે આંક—૪૫ વાળુ પંચનામુ કરેલુ. પોલીસે જે સોનાની વસ્તુ આરોપીએ શોધી બતાવેલી તેને શીલપેક કરેલી અને કબજે કરેલી. આ સાહેદ પોતાની અગાઉની સરતપાસમાં જણાવેલી હકીકતોમાં સુધારો કરી એવુ જણાવે છે કે સોનાની બુટ્ટી ચાર જોડી નહી પરંતુ ત્રણ જોડી હતી. સદરહુ સાહેદને કાનમાં પહેરવાની ત્રણ નંગ બુટ્ટીની જોડીઓ બતાવતા આરોપી રમેશભાઈએ જે મુદ્દામાલ કાઢી બતાવેલો તે દાગીનાઓ પૈકી ત્રણ નંગ જોડી સોનાની કાનમાં પહેરવાની બુટ્ટીઓ આ સાહેદે ઓળખી બતાવેલ છે.

આંક—૪૪ ના પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, સોનાની બુટ્ટીનુ વર્ણન તેઓએ પોલીસને લખાવેલ નહી, બુટ્ટીઓ જોતાં આ જ ડીઝાઈનની બુટ્ટીઓ હતી કે કેમ તે તેઓ ચોકકસ કહી શકે નહીં, બુટ્ટીનુ અલગથી કોઈ વજન કરવામાં આવેલ નહી. પોલીસે ત્રણેય કોથળીઓમાં તેમની સહીવાળી કાપલી કોથળીમાં મુકેલી, કાપલીમાં કોઈ વજન લખેલુ ન હતું. માથામાં પહેરવાના સોનાના ટીકકા એક જ કોથળીમાં પોલીસે પેક કરેલા, પોલીસે સોનાની ટીકકાવાળી કોથળીમાં તેઓની સહીવાળી કાપલી મુકેલી નહી. સોનાની વીટીવાળો પંજો અલગથી પેક કરેલો જેમાં તેઓની સહીવાળી કોઈ કાપલી ન હતી. દાગીના જે કોથળીઓમાં પોલીસ ે પેક કરેલા તે કોથળીઓ દબાવવાથી ખુલે તેવી હતી, કોથળીને લાલ કલરની લાખથી શીલ કરેલ. કોથળીને બહારના ભાગે તેઓની સહીવાળી કોઈ કાપલી લગાડેલ નહી. પોલીસે દાગીના શીલ કરી પોતાની પાસ

ે રાખેલા, તમામ દાગીના પ્લાસ્ટીકની કોથળીમાં શીલ કરવામાં આવેલા, ત્ર ણેય દાગીનાનુ વજન આશરે ૮૮.૩૦ ગ્રામ હતુ. વજન સોનીએ તેમની હાજરીમાં કરેલ છે અને વજન કાંટો ઈલેકટ્રીક હતો. આ સાહેદ વધુમાં જણાવે છે કે બનાવ કંઈ તારીખે બનેલો તે તારીખ હાલે ચોકકસ યાદ નથી પરંતુ બનાવ જુલાઈ મહીનામાં વર્ષ ૨૦૧૩ માં બનેલો. બનાવના કેટલા દિવસ પછી પોલીસે તેઓને પંચમાં રહેવા બોલાવેલ તે હાલે યાદ નથી, પંચનામાની તારીખ હાલે યાદ નથી. આ સાહેદ વધુમાં જણાવે છે કે બીજા પંચ પીયુષભાઈ ડાભી પણ તેમની સાથે પેઢીમાં નોકરી કરતા હતાં, પીયુષભાઈને પણ તેમના શેઠે પોલીસ સ્ટેશન બોલાવેલા, શેઠના કહેવાથી તેઓ પંચમાં રહેલા. પોલીસે કસ્ટડીમાં રહેલા ત્રણ ચાર આરોપીઓ તેઓને બતાવેલા, આરોપીઓના નામ તેમના શેઠે જણાવેલા અને આરોપીઓને પણ તેમના શેઠે બતાવેલા. આ સાહેદ વધુમાં જણાવે છે કે પંચનામુ તેઓએ લખાવેલુ હોય અને પોલીસે લખેલ હોય તેવુ બનેલ નથી. ચાર આરોપીને પોલીસે જીપમાં બેસાડીને તેઓ કયાંય ગયા હોય તેવુ બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એક આરોપીને જીપમાં બેસાડી તેઓ નીકળેલા, જે આરોપીનું નામ રમેશભાઈ હતું. આરોપી રમેશભાઈનું નામ તેઓને તેમના શેઠે જણાવેલું. પોલીસ કોના વાડામાં લઈ ગઈ હતી તે વાડાનું નામ ખબર નથી, વાડાવાળી જગ્યાના માલીકનું નામ તેમને ખબર નથી. વાડાવાળી જગ્યાએ તેઓ અડધો પોણો કલાક રોકાયેલા, વાડાવાળી જગ્યાએથી ગારાવાળી માટીમાંથી એક કપડુ નીકળ ેલુ, એક ડબ્બો હતો અને ડબ્બાની અંદર સોનાના દાગીના હતા. પોલીસવાળાએ તે મુદ્દામાલ કઢાવેલો અને સોનીને બોલાવેલા. દાગીનાના માલીક હિતેષભાઈને બોલાવેલા અને તેણે ઓળખી બતાવેલા. પોલીસ ે ત્યારબાદ માલ સોનાનો પારદર્શક કોથળીમાં પેક કરી તેમની સહી

કરાવેલ. હિતેષભાઈ સોનીને તેમના શેઠે ફોન કરીને બોલાવેલા. હિતેષભાઈએ મુદ્દામાલ ઓળખી બતાવેલો. દાગીનાનું વજન કયાં અને કોણે કરેલ તે તેઓને યાદ નથી. પંચનામામા વજન લખેલુ તે તેઓએ વાંચીને જણાવેલુ. શેઠના કહેવાથી પંચનામુ વાંચીને જુબાની આપેલ છે. આ પંચ સાહેદને અદાલત ધ્વારા પંચનામા અંગેની કાર્યવાહી બાબતે તેઓની હાજરી અને કાર્યવાહી અંગે જે હકીકત જણાવેલ તે કેવી રીતે જણાવેલ છે તેવો પ્રશ્ન પુછતા આ પંચ સાહેદ જણાવે છે કે તેઓએ જે જુબાની આપેલ છે તે પંચનામુ વાંચીને જ આપેલ છે અને તેમના શેઠના કહેવાથી આપેલ છે.

(૩૧) ફરિયાદ પક્ષ તરફે આંક–૫૯ થી સાહેદ નં.૮ તરીકે પંચ પિયુષભાઈ પરબતભાઈ ડાભીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૩૧–૭–૨૦૦૩ ના રોજ પોલીસે તેઓને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બોલાવેલ જયાં કુલ્લે પાંચ આરોપીઓ હાજર હતા જેમાં એકનું નામ રમેશભાઈ ખીમજીભાઈ ચોલા હતુ. તેઓ ગયા પછી પોલીસે સોનીને બોલાવેલ, જેઓનું નામ વસંતભાઈ હતુ. ત્યારબાદ પોલીસે કોઈ વાંધાજનક વસ્તુ છે કે કેમ તે બાબતે તેઓની તેમજ આરોપીઓની અને સોનીની તપાસ કરેલી. ત્યારબાદ પોલીસે તેઓને મુદ્દામાલ રીકવર કરવા માટેના પંચનામા માટે પંચ તરીકે રહેવા સમજ આપેલી. આ સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બધાની હાજરીમાં આરોપી રમેશભાઈ ચોલાએ જણાવેલુ કે તેમના ભાગે આવેલો માલ કઈ જગ્યાએ સંતાડેલો છે તે બતાવવા માંગે છે. ત્યારબાદ તેઓ બધા પોલીસની જીપમાં બેસી વિજય ટોકીજથી ડાબી બાજુના રસ્તે થઈ અને વડવા તલાવડી થઈ

કુંભારવાડા સર્કલ પાસે પહોંચેલા. જે સર્કલથી નારી રોડ બાજુ મફતનગર સોસાયટીમાં મેલડીમાના મંદિરની આગળ આવેલા ચોકમાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યારબાદ એક નાની ગલીમાંથી પસાર થઈ રમેશભાઈએ પોતાનું ઘર બતાવેલુ અને મકાનની સામેના ઢાળીયામાં પટારાની નીચેથી એક પીળા કલરનુ કપડુ નીકળેલુ જેમાં ચાર માથે પહેરવાના ટીકકા હતા, હાથે પહેરવાનો ત્રણ વીંટીવાળો સોનાનો પંજો હતો, ત્રણ જોડી સોનાની બુટ્ટી હતી. આ વસ્તુઓ તેમની સાથે આવેલા સોનીએ જોઈને જણાવેલુ કે તે બધી વસ્તુઓ સોનાની હતી. સોનીએ ત્યારબાદ દાગીનાનું વજન કરેલુ જે ૮૮ ગ્રામ જેટલુ થયેલુ. ત્યારબાદ સોનાની વસ્તુઓના માલીક હિતેષભાઈને કોઈએ ફોન કરીને બોલાવેલા અને તેઓએ સોનાની વસ્તુઓ ઓળખી બતાવેલ. ત્યારબાદ પોલીસે સોનાની વસ્તુ પારદર્શક કોથળીમાં મુકીને ડબામા મુકીને શીલ મારેલુ. ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં આંક–૪૫ વાળુ પંચનામુ કરવામાં આવેલ. આ સાહેદને મુદ્દા.આર્ટી.નં.૧૭ સોનાની કાનમાં પહેરવાની બુટ્ટી જોડી નંગ–ત્રણ બતાવવામાં આવતા તેઓ જણાવે છે કે આવી જ બુટ્ટી આરોપીના ઘર પાસેથી મળેલ.

આંક–૫૯ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેઓ ઉલટ તપાસમાં આ સાહેદ એ હકીકતને નકારે છે કે, કૌશિકભાઈ તેઓને વકીલને ત્યાં સવારે લઈ ગયેલા અને પંચનામુ વંચાવેલુ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપીઓ લોકઅપમાં હતા, તેઓ પાંચ જણા હતા, આરોપીઓની ઓળખાણ પોલીસે કરાવેલી, તેઓના શેઠે કરાવેલી નહીં. પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલવાળા ઘરેણા પોલીસે બતાવ્યા હોય તેવુ બનેલુ નહી. પોલીસ સ્ટેશનથી નીકળતા પહેલા પોલીસે લખેલા કાગળમાં સહી લીધેલી અને તેઓએ લખાણ વાંચીને સહી

કરેલી. રસ્તો કૌશિકભાઈ બતાવતા હોય તેવુ બનેલુ નહી. આ સાહેદ એ હકીકત નકારે છે કે પોલીસે આરોપીનું ઘર બતાવેલું.

(૩૨) ફરિયાદ પક્ષ તરફે આંક–૬૧ થી સાહેદ નં.૧૦ તરીકે પંચ મહેશભાઈ ધનાભાઈ દેસાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૧–૮–૨૦૧૩ ના રોજ તેઓને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસે બોલાવી જણાવેલુ કે આંગડીયા પેઢીમાં જે લુટ થઈ છે તેનો આરોપી સ્વખુશીથી પોતે મુદ્દામાલ જયા સંતાડેલ છે તે બતાવવા માંગે છે, આરોપીનું નામ ભરત હતુ જે પોલીસ સ્ટેશનમાં હતો, ભરતનું આખુ નામ ભરત મારવાડી હતું, જેની ઉંમર આશરે ૨૨,૨૩ વર્ષની હતી. ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં વસંતભાઈ સોનીને બોલાવવામાં આવેલા, પોલીસે તેઓની તપાસ કરેલી. ત્યારબાદ પોલીસે તેઓને, વસંતભાઈ સોનીને, આરોપીને તથા ઈશ્વરભાઈ પટેલને ગાડીમાં બેસાડેલા. ત્યારબાદ ગાડીમાં બેઠા પછી આરોપીએ રસ્તો બતાવતા ગાડી જજીસ કવાર્ટર થઈને પાનવાડી પાસેથી પસાર થઈ નારી રોડ રેલ્વે ફાટકથી આગળ મફતનગરમાં મેલડીમાના મંદીર પાસે આરોપીએ ગાડી ઉભી રખાવતા તેઓ બધા નીચે ઉતરેલા. ત્યારબાદ આરોપીએ એક ઘર બતાવતા તેઓ બધા તે ઘર તરફ ગયેલા, આરોપીએ ઘરના ઓરડામાં અભરાઈ ઉપર ડબ્બાઓ ગોઠવેલા હતા જે ડબ્બાની અંદરથી એક કોથળીમાં એક સોના અને હીરાથી મઢેલો હાર અને બે કાનમાં પહેરવાની બુટ્ટીઓ મળેલી જેને વસંતભાઈ સોનીએ ચેક કર્યા બાદ તે માલ સોનાનો હોવાનું જણાવેલું. ત્યારબાદ સોનીએ માલનું વજન કરેલુ. ત્યારબાદ આંક–૬૨ વાળુ પંચનામુ તૈયાર કરી તેઓને વંચાવેલ અને પંચનામામા તેઓએ તથા ઈશ્વરભાઈ પટેલે સહી

કરેલી. પંચનામુ કર્યા પછી પોલીસે માલને એક ડબ્બામાં મુકીને કબજે લીધેલો. પોલીસે ડબ્બાની બહાર લાખથી શીલ કરેલ. ત્યારબાદ તેઓ પોલીસ સ્ટેશન પરત આવેલા. આ સાહેદને મુદ્દા.આર્ટી.નં.૧ ૮ અદાલત સમક્ષ બતાવતા તેઓ આ જ બુટ્ટી હતી કે કેમ તે તેઓ ચોકકસ કહી શકે નહીં તેવુ જણાવે છે.

આંક—૬૧ ના પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે તેઓ પંચનામામાં ગયા તેના એક બે દિવસ પહેલા બનાવ બનેલો. 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનથી પહેલા કુંભારવાડા આવે અને પછી વડવા તલાવડી આવે. ગીરનાર સોસાયટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનથી કેટલા અંતરે આવેલ છે તે ખબર નથી. પંચમાં રહેવા માટે તેઓને પોલીસ સ્ટેશનથી ફોન આવેલો, તેઓએ પોલીસને તેમનો ફોન નંબર આપેલો નહી. પોલીસે કહેલુ કે લુટ બાબતે પંચનામુ કરવાનુ છે. તેઓ નવ વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશન પહોંચેલા, ઈશ્વરભાઈ તેમની પહેલા પોલીસ સ્ટેશન હાજર હતા, પોલીસે એક જ આરોપી તેમને બતાવેલો, આરોપી લોક અપમાં હતો, આરોપી ભરત મારવાડી છે તેવુ પોલીસે કીધેલુ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓ આશરે સવા નવ વાગ્યે પોલીસ સ્ટેશનેથી નીકળ ેલા, રસ્તો આરોપીએ પોલીસને બતાવલો. આ સાહેદ એ હકીકત નકારે છે કે તેઓ પોલીસ સાથે કયાંય ગયેલ નથી, આરોપીએ સ્વખુશીથી કોઈ મુદ્દામાલ બતાવેલ નથી.

(૩૩) ફરિયાદ પક્ષ તરફે આંક—૬૫ થી સાહેદ નં.૧૧ તરીકે પંચ કાંતીભાઈ પ્રભુદાસ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ

સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૧–૮–૨૦૧૩ ના રોજ પોલીસે તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવેલો અને જણાવેલુ કે લુટનો માલ મેળવવાનો છે અને તે અંગેનુ પંચનામુ કરવાનુ છે. પોલીસ સ્ટેશનમાં એક આરોપી હતો જેનું નામ પુછતા તેણે પોતાનુ નામ સંજય ભોથાભાઈ કસોટીયા ઉંમર વર્ષ ૨૦ વર્ષના હતા તેવુ જણાવેલ. પોલીસ સ્ટેશનમાં એક સોની હાજર હતા જેનુ નામ વસંતભાઈ ભીમરાવ ડોંગરે હતા તેમજ બીજા પંચ મોતીભાઈ હતા. પોલીસે ગાડીની તપાસ કરેલી અને કોઈ વાંધાજનક વસ્તુ મળેલી નહી. ત્યારબાદ તેઓ બન્ને પંચો, આરોપી અને સોની અને પોલીસવાળા પોલીસની બોલેરો ગાડીમાં પોલીસ સ ટેશનથી નીકળી આરોપીએ બતાવેલા સ્થળ મફતનગર અવેડા પાસે ગયેલા. ત્યાં આગળ આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યારબાદ તેઓ બધાં ઉતરી આરોપીએ બતાવ્યા પ્રમાણે ચાલીને જતા આરોપીએ પોતાનું ઘર બતાવેલુ જે ઘરની અંદર એક બહેન હાજર હતા. જે આરોપીના કહેવા પ્રમાણે તેમના માતાજી હતા. રૂમમાં ભગવાનના ફોટાની પાછળથી આરોપીએ એક પ્લાસ્ટીકના પડીકા જેવુ કાઢેલુ. જેની અંદર એક વીંટી હતી અને એક ચેઈન હતો તેમજ સોનાની બંગડીના ટૂકડા હતા અને એક બુટ્ટી હતી અને એક પેંડલ હતું. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તેમની સાથેના સોનીએ મુદ્દામાલને ચેક કરતા વીંટી સોનાની હતી અને બીજો મુદ્દામાલ ચાંદીનો હતો જેના પર સોનાનુ ગીલેટ હતું. ત્યારબાદ સોનીએ મુદ્દામાલનું વજન કરેલુ. વીટીનુ વજન ૧.૧૪૦ ગ્રામ હતું. બીજા મુદ્દમાલનુ વજન ૩૮.૧૦૦ ગ્રામ હતું. ચેઈનનુ વજન ૧૧.૮૦૦ ગ્રામ હતું. ત્યારબાદ સોનાની વીંટીના માલિક ભાવીનભાઈને બોલાવેલા અને તેઓએ પોતાની વીટી ઓળખી બતાવેલી, વીટી સિવાયની બીજી વસ્તુ પોતાની નથી તેવુ ભાવીનભાઈએ જણાવેલ, પોલીસે મુદ્દામાલવાળી

વસ્તુઓ શીલ કરી કબજે લીધેલ. ત્યારબાદ પોલીસે આંક–૬૬ વાળુ પંચનામુ કરી તેઓની તથા પંચ નં.૨ ની સહી લીધેલી. આ સાહેદ અદાલત સમક્ષ મુદ્દામાલ ઓળખી શકતા નથી.

આંક–૬૫ ના પંચ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓને પંચમાં રહેવા માટે પોલીસ તેમના ઘરે બોલાવવા આવેલી. પોલીસ સાથે માધવલાલ મગનલાલના શેઠ કૌશિકભાઈ આવેલા નહી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, મુદ્દામાલવાળા દાગીના પોલીસ સ્ટેશનના ટેબલ પર રાખી કબજે કરી તેમની સહી લીધેલી, પોલીસે મુદ્દામાલ કયાંથી મેળવ્યો તેની તેમને જાત માહિતી નથી. આ સાહેદ એ હકીકત નકારે છે કે, સોનીએ મુદ્દામાલની ઓળખ પોલીસ સ્ ટેશનમાં કરેલી. તેઓ અને મોતીભાઈ પોલીસને લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલુ નહી. આ સાહેદ એ હકીકતને નકારે છે કે, મુદ્દામાલની કોઈ હકીકત આરોપીએ જણાવેલ નથી તેમજ મુદ્દામાલ આરોપીએ કાઢી બતાવેલ હોય તેવુ બનેલ નથી.

(૩૪) ફરિયાદ પક્ષ તરફે આંક–૬૯ થી સાહેદ નં.૧૩ તરીકે પંચ જગદીશભાઈ મગનભાઈ પ્રજાપતિને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૧–૮–૨૦૧ ૩ ના રોજ પોલીસે તેઓને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં લુટનો માલ મળેલો અને તે આરોપી બતાવવા માંગતા હોય પંચમાં રહેવા બોલાવેલો, તેઓની સાથે બીજા પંચ અશ્વીનભાઈ હતા, પોલીસ સ્ટેશનમાં હરેશભાઈ નામનો એક આરોપી હતો. ત્યારબાદ તેઓ આરોપી જે જગ્યાએ મુદ્દામાલ સંતાડેલ છે તે જગ્યા માંગતા હતા ત્યાં તેઓ અને બીજા પંચ, આરોપી

અને બીજા પોલીસવાળા સરકારી વાહનમાં ગયેલા. આ સાહેદ વધુમાં જણાવે છે કે તેઓ પોલીસ સ્ટેશનથી નીકળી પાનવાડી થઈને આગળ વિજય ટોકીજથી આગળ નારી રોડ પાસે ગીરનાર સોસાયટી બાજુ મફતનગર ચોક પાસે ગયેલા. ત્યાં આગળ ત્રણ ઓરડી હતી. ઓરડીમાંથી આરોપીએ એક પડીકુ કાઢી બતાવેલુ. બારણાની ઉપર નળીયામાંથી એક પડીકુ કાઢી બતાવેલુ. પડીકાની અંદર હીરા હતા. પડીકાની અંદર કાચા હીરા ૧૬૧૯ હતા. જેનુ વજન ૮૨ કેરેટ હતુ. હીરાનું વજન હીરાના જાણકાર વિજયભાઈએ કરેલુ. તે જગ્યા ઉપર વિજયભાઈને પોલીસે બોલાવેલા. ત્યારબાદ હીરાના માલીક કૌશિકભાઈને બોલાવેલા. ૫૫૫ નંગ પાકા હીરા હતા. કાચા હીરા વિજયભાઈના હતા અને પાકા હીરા કૌશિકભાઈએ જણાવેલુ કે અલગ અલગ ત્રણ પાર્ટીઓના છે. પોલીસે હીરાને અલગ અલગ તેઓ પંચોની સહીઓ લઈ અને કબજે કરેલા. પોલીસે પારદર્શક સફેદ બોકસમાં હીરા મુકેલા, પોલીસે શીલ કરી અને હીરા કબજે લીધેલા અને ચિઠ્ઠીમાં તથા આંક–૭૦ વાળા પંચનામામાં તેઓની સહી લીધેલી.

આંક–૬૯ ના પંચ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલ છે જેમાં એ હકીકત કબુલ રાખે છે કે, પોલીસે હીરા પડીકામાં મુકી અને પારદર્શક ડબામાં મુકી અને તેમની સહીઓ પોલીસ સ્ટેશનમાં લીધેલી. વિજયભાઈને તેઓ ઓળખતા ન હતા. હીરા વિશે તેઓને કોઈ જ્ઞાન નથી. આ સાહેદ એ હકીકત નકારે છે કે હીરાનુ વજન તેમની હાજરીમાં થયેલુ નહી. આ સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસને તેઓ રસ્તો બતાવતા ન હતા, આરોપી પોલીસને રસ્તો બતાવતા હતા. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્રણમાંથી પહેલા નંબરની ઓરડીમાંથી

મુદ્દામાલ મળેલો, મુદ્દામાલ પ્લાસ્ટીકની કોથળીમાં હતો, કોથળીની અંદર પડીકામાં મુદ્દામાલ હતો. કોથળી એક જ હતી. કોથળીમાં હીરા છુટ્ટા હતા. આ સાહેદ એ હકીકત નકારે છે કે, તેઓની હાજરીમાં આરોપીએ કોઈ હીરા કાઢી બતાવેલ નથી.

(૩૫) ફરિયાદ પક્ષ તરફે આંક–૮૩ થી સાહેદ નં.૨૧ તરીકે પંચ બશીરભાઈ હાજીભાઈ ગુંદીગરાને તથા આંક–૮૫ થી સાહેદ નં.૨૨ તરીકે આશીફભાઈ ઈબ્રાહીમભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદો આંક–૮૪ વાળા ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદો છે. આ બન્ને પંચ સાહેદો તેમના પુરાવામાં પંચનામામાં પોતપોતાની સહી હોવાનું જણાવ્યા સિવાય પંચનામાની કોઈ હકીકતો અંગે તેઓ કાંઈ જાણતા નથી તેવુ જણાવે છે. આ પંચ સાહેદો તેમની રૂબરૂમાં આરોપી તાહીર મુસ્તુફાભાઈ શેખે મુદ્દામાલ રેકઝીનનો થેલો શોધી બતાવેલ હોય તેવી પંચનામાની હકીકતને સમર્થન નહીં આપતાં, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ તેમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી. આમ, ફરિયાદ પક્ષ આ પંચ સાહેદોના પુરાવાથી આંક–૮૪ વાળુ ડિસ્કવરી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૩૬) ફરિયાદ પક્ષ તરફે આંક–૮૭ થી સાહેદ નં.૨૩ તરીકે પંચ કાળુભાઈ ભગવાનભાઈ સાબરીયાને તથા આંક–૯૧ થી સાહેદ નં.૨૪ તરીકે પંચ મકબુલભાઈ નાથુભાઈ હબીબાણીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદો આંક–૮૮ વાળા ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદો છે. આ બન્ને પંચ સાહેદો તેમના પુરાવામાં પંચનામામાં તથા

મુદ્દા.આર્ટી.નં.૨૬ લગત રખાયેલ કાપલીમાં પોતપોતાની સહી હોવાનું જણાવ્યા સિવાય પંચનામાની કોઈ હકીકતો અંગે તેઓ કાંઈ જાણતા નથી તેવુ જણાવે છે. આ પંચ સાહેદો તેમની રૂબરૂમાં આરોપી હરેશ ઉર્ફે હેરી કિશોરભાઈએ ગુનામાં વાપરેલ લાકડાનો ધોકો શોધી બતાવેલ હોય તેવી પંચનામાની હકીકતને સમર્થન નહીં આપતાં, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ તેમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી. આમ, ફરિયાદ પક્ષ આ પંચ સાહેદોના પુરાવાથી આંક–૮૮ વાળુ ડિસ્કવરી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૩૭) ફરિયાદ પક્ષ તરફે આંક–૯૨ થી સાહેદ નં.૨૫ તરીકે પંચ ફારૂકભાઈ હાજીભાઈ સલોતને તથા આંક–૯૪ થી સાહેદ નં.૨૬ તરીકે પંચ સલીમભાઈ રહીમભાઈ મલેકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદો આંક–૯૩ વાળા જડતી પંચનામાના પંચ સાહેદો છે. આ બન્ને પંચ સાહેદો તેમના પુરાવામાં પંચનામામાં પોતપોતાની સહી હોવાનું જણાવ્યા સિવાય પંચનામાની કોઈ હકીકતો અંગે તેઓ કાંઈ જાણતા નથી તેવુ જણાવે છે. આ પંચ સાહેદો તેમની રૂબરૂમાં આરોપી તાહીર મુસ્તુફાભાઈ શેખે તથા આરોપી રમેશભાઈ ખીમજીભાઈએ પોતપોતાના મકાન બતાવેલ હોય અને તે અંગે જડતી પંચનામુ કરવામાં આવેલ હોય તેવી પંચનામાની હકીકતને સમર્થન નહીં આપતાં, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ તેમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી. આમ, ફરિયાદ પક્ષ આ પંચ સાહેદોના

પુરાવાથી આંક–૯૩ વાળુ જડતી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૩૮) ફરિયાદ પક્ષ તરફે આંક–૯૫ થી સાહેદ નં.૨૭ તરીકે પંચ પ્રકાશભાઈ કાનજીભાઈ કેદારીને તથા આંક–૯૭ થી સાહેદ નં.૨૮ તરીકે પંચ લાખાભાઈ મેરાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદો આંક–૯૬ વાળા પોઈન્ટ આઉટ પંચનામાના પંચ સાહેદો છે. આ બન્ને પંચ સાહેદો તેમના પુરાવામાં પંચનામામાં પોતપોતાની સહી હોવાનું જણાવ્યા સિવાય પંચનામાની કોઈ હકીકતો અંગે તેઓ કાંઈ જાણતા નથી તેવુ જણાવે છે. આ પંચ સાહેદો તેમની રૂબરૂમાં આરોપીઓએ જે જગ્યાએ લૂંટ કરેલ તે જગ્યા સ્વખુશીથી બતાવતા તે અંગે પોઈન્ટ આઉટ પંચનામુ કરવામાં આવેલ હોય તેવી પંચનામાની હકીકતને સમર્થન નહીં આપતાં, વિદ્ધાન એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ તેમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી. આમ, ફરિયાદ પક્ષ આ પંચ સાહેદોના પુરાવાથી આંક–૯૬ વાળુ પોઈન્ટ આઉટ પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

## –: <u>પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચા</u> :–

(૩૯) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૧૨ થી સાહેદ નં.૩૩ તરીકે પી.એસ.ઓ.કીરીટસિંહ ઉદેસિંહ ડોડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે,

તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ તેઓ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ.તરીકે ચાર્જમાં હતા તે સમય દરમ્યાન ફરીયાદી કિર્તીસિંહ ભુરાજી વાઘેલાની પી.આઈ.શ્રી બી.પી.સોનારાના રૂબરૂની લીધેલ ફરીયાદ ગુન્હો રજીસ્ટર્ડ કરવા આપતા તેઓએ ગુન્હો રજીસ્ટર્ડ કરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી અને આગળની તપાસ લેખિત યાદી સાથે પી.આઈ.શ્રી બી.પી.સોનારાને સોંપેલી તેમ જણાવે છે.

આંક–૧૧૨ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે તેઓને જે ફરીયાદ મળ ેલી તે અજાણ્યા માણસો વિરૂધ્ધની  મળેલી અને તેઓએ ફરીયાદના અનુસંધાને ગુન્હો રજીસ્ટર્ડ કરેલો અને તપાસ આગળ સોંપેલી તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ ન હતી.

(૪૦) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૧૮ થી સાહેદ નં.૩૪ તરીકે પોલીસ ઈન્સ્પેકટર શ્રી પરેશભાઈ ઈશ્વરભાઈ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ તા.૧૭–૧૦–૨૦૧૩ ના રોજ ભાવનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે હાજર થયેલ અને તે દિવસ ે તેઓએ પોલીસ ઈન્સ્પેકટર શ્રી બી.પી.સોનારા પાસેથી હાલના ગુન્હાની તપાસ સંભાળેલ અને આ તપાસના કામે અગાઉ તમામ આરોપીઓ અટક થઈ ગયેલ હોય તેમજ મુદ્દામાલ રીકવર થઈ ગયેલ હોય અને સંપૂર્ણ તપાસ પુરી થઈ ગયેલ હોય અને તપાસના કાગળો જોતાં આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાથી તેઓએ તા.૨૫–૧૦–૨૦૧૩ ના રોજ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ.

આંક–૧૧૮ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે તેઓએ ફોટાના આધારે આરોપીઓને ઓળખી બતાવેલ છે.

(૪૧) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૨૨ થી સાહેદ નં.૩૫ તરીકે તપાસ કરનાર અધિકારી બળવંતભાઈ પ્રભાતભાઈ સોનારાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, સને ૨૦૧૩ નાં વર્ષમાં તેઓ ભાવનગર સીટી 'એ' ડીવી. પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે સમય ગાળા દરમ્યાન તા.૨૭.૭.૧૩ નાં રોજ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવેલા કીર્તીસીંહ ભુરાજી વાઘેલાના લખાવ્યા મુજબ તેઓએ આંક–૧૯ વાળી ફરીયાદ લખી લીધેલી. ત્યારબાદ તેઓએ તપાસ દરમ્યાન સ્થાનીક જગ્યાનું પંચનામુ કરેલુ, લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આ સાહેદ વધુમાં જણાવે છે કે તપાસ દરમ્યાન ખાનગી રાહે હકીકત મળ ેલી કે, આ ગુનાને અંજામ આપનારા આરોપીઓ હાલમાં ભાવનગર શહેર તરફ મુદ્દામાલના નિકાલ માટે આવવાના છે જેથી તા.૩૦.૭.૧૩ નાં રોજ બે પંચો રુબરુ પ્રાથમીક પંચનામુ કરી આઈ.પી.સી.એલ.ના ગોડાઉન પાસે રોડ ઉપર પંચો સાથે વોચમાં હતા ત્યારે અલગ અલગ બે મોટર સાયકલ ઉપર પાંચ ઈસમો નીકળેલા જેઓને રોકી નામઠામ પુછતા અને ઝડતી કરતા તેઓ પાસેથી અલગઅલગ દાગીનાં તથા પીળી ધાતુના બિસ્કિટ વી. મળી આવેલ જે અંગે પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. ત્યારબાદ યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા આંગડીયા લુંટનો બનાવ પોતે આચરેલ હોવાની કબુલાત આપેલી અને તેઓ પાસેથી મળી આવેલ આ તમામ મુદ્દામાલ આંક–૩૦ વાળા પંચનામાની વિગતે પંચો રુબરુ કબજે કરેલ. આ સાહેદ વધુમાં

જણાવે છે કે, ત્યારબાદ તેઓએ આરોપીઓને અટક કરેલ, અલગ અલગ ડીસ્કવરી પંચનામાની વિગતે પંચો રુબરુ આરોપીઓએ બતાવેલી જગ્યાએથી ગુના સંબંધીત મુદ્દામાલ રીકવર કરી કબજે કરેલો. જે પંચનામા આ કામે આંક–૪૫,૬૨,૬૬,૭૦,૮૪,૮૮ અને આંક–૯૩ થી રજુ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તેઓએ આંક–૯૬ વાળુ પોઈન્ટ આઉટ પંચનામુ કરેલુ, એફ.એસ.એલ.અધીકારીને સ્થળ ઉપર બોલાવી રિપોર્ટ મેળવેલો, લૂંટમાં ગયેલ માલ અંગે આંગડીયા પેઢી ધ્વારા આપવામાં આવેલી પહોંચ વિગેરે મેળવી તપાસનાં કામે સામેલ રાખેલી તેમજ આરોપીઓએ લુંટના ગુનામાં ઉપયોગમાં લીધેલ સી.બી.ઝેડ મોટર સાયકલ તથા સ્પ્લેન્ડર મોટર સાયકલ કબજે કરેલા, કલમનો ઉમેરો કરવા રિપોર્ટ કરેલો તેમજ આંક–૧૨૪ વાળુ હથિયાર બંધીનું જાહેરનામુ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ તેઓની બદલી થઈ જતા આ તપાસ પી.આઈ. શ્રી સોલંકીને સોંપેલી.

આંક–૧૨૨ ના ત.ક.અ.શ્રીની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ વાળા સ્થળે વાહનોની અવરજવર અને લોકોની અવરજવર ચાલુ હોય છે. બનાવના સ્થળે જતા પહેલાં તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે સર.ટી. હોસ્પિટલ 'એ' ડીવી પો.સ્ટેશન થી બે ત્રણ મિનિટના અંતરે આવેલ છે અને આંક–૧૧ વાળી ફરીયાદ સર.ટી. હોસ્પી.માં લીધેલી તે અંગેની કોઈ નોંધ ફરીયાદમાં કરેલી નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે ફરીયાદી પરત્વે સર.ટી.હોસ્પિટલનુ કોઈ મેડીકલ સર્ટીફીકેટ તપાસનાં કામે તેઓએ મેળવેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે,

ફરિયાદમાં મોટર સાયકલ કે કોઈ વાહનનો નંબર ફરીયાદીએ દર્શાવેલ નથી કે આવેલ ઈસમોનું વર્ણન કરેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે આંક–૧૧ વાળી ફરીયાદમાં અજાણ્યા ઈસમોનો ઉલ્લેખ થયેલો છે. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ તપાસ દરમ્યાન જે તે આરોપીઓની ઓળખપરેડ કોઈ સાહેદ રુબરુ કે ફરીયાદી રુબરુ કરાવેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ સ્થળે કોઈ હાજર વ્યકિતએ મોટર સાયકલનો નંબર તેના નીવેદનમાં લખાવેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, ગુનાવાળી જગ્યાએથી પંચનામા વખતે કોઈ ચીજવસ્તુ કબજે લીધેલ નથી. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, મુદ્દામાલની માલીકી અંગેના બીલો તેઓએ કબજે લીધેલા નહીં અને લુંટમાં ગયેલ મુદ્દામાલ આંગડીયાની ખુદની માલીકીનો મુદ્દામાલ ન હતો. આ સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, મુદ્દામાલ કોર્ટમાં જમા થયેલ નથી પરંતુ ચાલુ તપાસ દરમ્યાન કોર્ટના હુકમથી મુદ્દામાલ પોલીસ સ્ટેશનથી સીધો જે તે વ્યકિતને સોંપાયેલો છે. આ સાહેદ એ હકીકત નકારે છે કે, ડીસ્કવરી પંચનામાની રુઈએ આરોપીઓ કે મુદ્દામાલ તેઓએ જણાવ્યુ તે રીતે મળી આવેલ નથી.

–: **મૌખિક અને દસ્તાવેજી પુરાવાની સંયુકત ચર્ચા**:–

**મુદ્દા નં.૧ થી ૩**:–

(૪૨) આ કામે, ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા ફરિયાદ પક્ષે તેમજ આરોપી પક્ષે રજુ થયેલ

દલીલો સાથે આ કામના આરોપીઓ વિરુધ્ધ આંક–૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧ ૩૫ અન્વયે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે આંક–૭ નું તહોમતનામુ ધ્યાને લેતાં, તા.૨૭–૭–૨૦૧૩ ના પાંચેક વર્ષ પહેલાથી ફરિયાદી કીર્તિસિંહ ભુરાજી વાઘેલા ભાવનગર ખાતે પટેલ માધવલાલ મગનલાલ આંગડીયા પેઢીમાં નોકરી કરતા હતા અને તેઓની ઓફિસમાં આવતા પાર્સલો રજીસ્ટરમાં એન્ટ્રી કરી, પાર્સલોનું શોર્ટીગ કરી, પાર્સલો સાથે જે વારીવાળો ઈસમ હોય તેને એસ.ટી.બસસ્ટેન્ડે મુકવા જવાની તેઓની મુખ્ય ફરજ હતી. તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ ફરિયાદી પોતાની ઓફિસમાં હાજર હતા અને બપોરના સમયે અમદાવાદની વારી લઈને એટલે કે પાર્સલો લઈને સાહેદ રમણભાઈ કચરાભાઈ પટેલને જવાનું હોવાથી અલગ–અલગ શહેરના પાર્સલો તૈયાર કરીને બ્ર ાઉન કલરના થેલામાં મુકી તૈયાર કરેલ અને ફરિયાદી તથા સાહેદ રમણભાઈ આંગડીયા પેઢીનું એકટીવા મોટર સાયકલ નં.જીજે–૪–બીએલ–૭૭૫૮ લઈને નીકળેલા અને કલાક ૧૫–૧૫ વાગ્યાના અરસામાં પાનવાડી તરફ જતા રસ્તે આયૂર્વેદિક કોલેજની સામેના રોડ ઉપર પહોંચતા આરોપીઓ અગાઉથી રચેલ ગુનાહિત કાવતરૂ પાર પાડવા એકસંપ કરી પોતાના સીબીઝેડ મોટર સાયકલ નં.જીજે–૪–બીજી–૪૫૦૪ તથા હીરોહોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે–૪–બીએ–૮૧૮૨ ઉપર આવી ચાલુ મોટર સાયકલે આરોપી નં.૩ નાએ ફરિયાદીને લાકડાના ધોકા વડે જમણા હાથના ખંભા ઉપર સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી મોટર સાયકલ સાથે નીચે પછાડી દઈ ફરિયાદી પાસે રહેલ હીરા તથા સોનાચાંદીના દાગીના ભરેલ પાર્સલનો

થેલો કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/–ની ધાડ પાડેલ અને સાહેદ રમણભાઈને પણ સ્વેચ્છાપૂર્વકની વ્યથા પહોંચાડેલ અને ત્યારબાદ આરોપીઓ મોટર સાયકલ ઉપર બેસી નાસી ગયેલા અને ત્યારબાદ ધાડમાં ગયેલ કિંમત રૂ.૧૧,૩૨,૦૦૦/–ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ. આમ, આરોપીઓએ એકબીજાની મદદગારીમાં લૂંટ/ધાડ કરવા માટે ગુનાહિત કાવતરૂ રચી ફરિયાદી તથા સાહેદને વ્યથા પહોંચાડી ધાડ કરી ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. જેથી ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાને આધીન ઉપરોકત તહોમત પુરવાર કરવુ જરૂરી છે.

## ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫, ૧૨૦–બી સબબ ચર્ચાઃ–

(૪૩) આંક–૭ થી આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામુ તથા આંક–૧૯ થી રજુ થયેલ ફરિયાદ ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ વિરુધ્ધ જયારે ભારતીય દંડ સંહિતાની કલમ ૧ ૨૦–બી, ૩૯૪, ૩૯૫ અન્વયે તહોમતનામુ ફરમાવવામાં આવેલ હોય, આ કામે પ્રથમ ઈ.પી.કો.ક.૧૨૦–બી, ૩૯૪, ૩૯૫ ના પ્રબંધો ધ્યાને લ ેવા જરૂરી છે જે નીચે મુજબ છેઃ

## ૧૨૦–બી.ગુનાહિત કાવતરા માટે સજાઃ–

૧. કોઈપણ વ્યકિત, દેહાંતદંડ, આજીવન કેદ અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખ્ત કેદની સજાને પાત્ર ગુનો કરવાના ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને

– એવાં કાવતરાં માટેની સજાની આ સંહિતામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં ન આવી હોય ત્યારે એવા ગુનામાં મદદગારી કરી હોય તે રીતે સજા કરવામાં આવશે.

૨. કોઈપણ વ્યકિત, ઉપર જણાવ્યા મુજબ સજાપાત્ર ગુનો કરવા માટેના ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

<u>**તત્વો**</u>:–

આ કલમના તત્વો નીચે મુજબ છે.

૧. આરોપીએ અન્ય આરોપી કે આરોપીઓ સાથે સહમતિ કરી.
૨. આ કાવતરૂ ગેરકાનુની કૃત્ય અથવા એક કાનુની કૃત્ય ગેરકાનુની રીતે કરવા માટે અથવા કરાવવા માટે કરવામાં આવ્યુ.
૩. જે કૃત્ય કરવા અથવા કરાવવા કાવતરૂ કરવામાં આવ્યુ હોય તે કૃત્ય આ સંહિતા હેઠળ શિક્ષાપાત્ર હોય, અને
૪. આવું કૃત્ય ગુનો બનતું ન હોય ત્યારે એક અથવા વધારે આરોપીઓએ કશુંક કૃત્ય કાવતરાના અનુસંધાને કર્યુ હતુ.

<u>**ઈ.પી.કો.ક.૩૯૪**</u>:–

## લૂંટ કરવામાં સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી:–

લૂંટ કરતાં અથવા લૂંટ કરવાની કોશીષ કરતાં કોઈ વ્યકિત સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તો તેને તથા તેની સાથે લૂંટ કરવામાં અથવા લૂંટ કરવાની કોશીષ કરવામાં સંડોવાયેલી અન્ય

વ્યકિતને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખત કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**<u>તત્વો</u>**:–

આ કલમના તત્વો નીચે મુજબ છે:

૧. આરોપીએ લૂંટનો ગુનો કર્યો અથવા લૂંટનો ગુનો કરવાની કોશીષ કરી.
૨. આરોપીએ લૂંટનો ગુનો કરવામાં અથવા તેવી કોશીષ કરવામાં કોઈ વ્યકિતને ઈજા પહોંચાડી.
૩. આરોપીએ એવી ઈજા સ્વેચ્છાપૂર્વક પહોંચાડી.

આ કલમ હેઠળ સામુહિક જવાબદારી ઉત્પન્ન થાય છે અને કોઈ એક જ વ્યકિત ઈજા પહોંચાડે તો પણ તેમાં સંડોવાયેલ તમામ વ્યકિતઓને એક જ સરખી સજા કરવામાં આવે છે.

**<u>ઈ.પી.કો.ક.૩૯૫. ધાડ માટે સજા</u>**:–

કોઈપણ વ્યકિત, ધાડ પાડે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખ્ત કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**<u>તત્વો</u>**:–

આ કલમના તત્વો નીચે મુજબ છે:–

૧. આરોપીએ લૂંટ કરી અથવા લૂંટ કરવાની કોશીષ કરી, અથવા લૂંટ કરવા સમયે તેની હાજરી હતી અથવા લૂંટ કરવામાં સહાય કરી, અથવા લૂંટ કરવામાં સહાય કરવાની કોશીષ કરી,

૨. આવો ગુનો કરવા સમયે આરોપીઓની સંખ્યા કુલ મળીને પાંચ અથવા તેથી વધારે હતી.

(૪૪) આમ, ઉપરોકત ભારતીય દંડ સંહિતાની કલમ ઈ.પી.કો.ક.૧૨૦–બી, ૩૯૪ અને ૩૯૫ ના પ્રબંધો અને તત્વો સાથે આંક–૭ નું તહોમતનામુ ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ તરફથી જે પુરાવો આ કામે રજુ થયેલ છે તે પૈકી પટેલ માધવલાલ મગનલાલ આંગડીયા પેઢીમાં નોકરી કરતાં કર્મચારી આંક–૧૮ ના ફરિયાદી તથા આંક–૨૫ ના સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, બનાવના દિવસે એટલે કે તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ આંગડીયામાં મોકલવા માટેના આવેલા સોના–ચાંદીના દાગીના અને હીરાના પેકેટો બોક્ષ બનાવી અને બોક્ષને થેલામાં મુકી તેઓ બન્ને કંપનીના કાળા કલરના એકટીવા સ્કુટર નં.જીજે–૪–બીએલ–૭૧૫૮ ઉપર બપોરના ૩–૧૦ કલાકે એસ.ટી.સ્ટેન્ડે જવા નીકળેલા, આંક–૧૮ ના ફરિયાદી પોતે એકટીવા સ્કુટર ચલાવતા હતા અને આંક–૨૫ ના સાહેદ પાછળ બેઠા હતા અને આંગડીયાનો થેલો સ્કુટરના આગળના ભાગે હુકમાં લ ટકાવેલો હતો અને તેઓ બન્ને જયારે બનાવવાળી જગ્યા પાસે પહોંચ્યા ત્યારે તેમની જમણી બાજુથી એક સી.બી.ઝેડ મોટર સાયકલ લાલ અને કાળા કલરનું પાછળથી આવેલ, તે મોટર સાયકલ ઉપર બે કે ત્રણ જણા હતા અને તે જ વખતે તેમની ડાબીબાજુથી પાછળથી એક સ્પ્લેન્ડર મોટર સાયકલ આવેલ, સી.બી.ઝેડ. મોટર સાયકલની પાછળ બેસ ેલા ઈસમે આંક–૧૮ ના ફરિયાદીને ખભા ઉપર એક લાકડાનો ધોકો મારતા તેઓનું બેલેન્સ ન જળવાતા એકટીવા સ્લીપ થઈ ગયેલુ અને તેઓ બન્ને રોડ ઉપર નીચે પડી ગયેલા. ત્યારબાદ સી.બી.ઝેડ. મોટર સાયકલવાળા ઈસમે નીચે ઉતરી અને એકટીવાના હુક સાથે લટકાવેલ

થેલો લઈ લીધેલો અને તે સી.બી.ઝેડ મોટર સાયકલની પાછળ બેસી અને આંગડીયાના સામાનવાળા થેલાની લુંટ કરી ભાગી ગયેલો, બીજી મોટર સાયકલવાળા બે જણા પણ ભાગી ગયેલા. આંક–૧૮ ના ફરિયાદી વધુમાં એવુ જણાવે છે કે તમામ આરોપીઓ આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના હતા, ધોકો મારનાર વ્યકિત મજબુત બાંધાનો હતો, મોઢા ઉપર રૂમાલ બાંધેલો હતો અને માથે ટોપી પહેરેલી હતી. હાલના આ બનાવમાં આંક–૧૮ ના ફરિયાદીને ખભાના ભાગે તેમજ કમરના ભાગે ઈજા થયેલી અને આંક–૨૫ ના સાહેદને હાથે તથા કમરના ભાગે થોડુ છોલાયેલુ. ત્યારબાદ આંક–૧૮ ના સાહેદે આંક–૧૯ વાળી ફરિયાદ નોંધાવેલ છે. આમ, આ બન્ને સાહેદોનો પુરાવો તથા આંક–૧૯ વાળી ફરિયાદ હકીકત ધ્યાને લઈએ તો, બનાવ જે રીતે બનેલ છે તે જોતા આંક–૧ ૮ અને આંક–૨૫ ના સાહેદ એકટીવા વાહન ઉપર જતા હતા અને એકટીવા વાહનની આગળના ભાગે હુકમાં થેલો લટકાવેલો હતો અને અચાનક આરોપીઓ મોટર સાયકલ લઈને આવેલા અને આંક–૧ ૮ ના ફરિયાદીને લાકડાનો ધોકો મારતા બેલેન્સ નહીં જળવાતા એકટીવા સ્લીપ થઈ ગયેલ અને આરોપીઓ આંગડીયાના સામાનવાળો થેલો લુંટીને ભાગી ગયેલ. આમ, બનાવ જે રીતે અને જે સંજોગોમાં બનેલ છે તે ધ્યાને લેતાં, આંક–૧૮ તથા આંક–૨૫ ના સાહેદ પાછળથી અચાનક આવેલ આરોપીઓને ઓળખી શકે નહીં તે સ્વાભાવિક છે અને તેથી જ આંક–૧૮ ના ફરિયાદીએ અજાણ્યા ઈસમો સામે આંક–૧૯ વાળી ફરિયાદ નોંધાવેલ છે. આ અન્વયે આરોપીઓ સામેના આક્ષેપિત ઈ.પી.કો.ક.૧૨૦–બી, ૩૯૪ તથા ૩૯૫ ના તત્વો જોઈએ તો આરોપીઓએ ગેરકાનુની કૃત્ય કરવા માટે ગુનાહિત કાવતરૂ રચેલુ અને તે ગુનાહિત કાવતરાનો ઈરાદો બર લાવવા

માટે આરોપીઓએ ધાડનો ગુનો કરી કોઈ વ્યકિતને સ્વેચ્છાપૂર્વક ઈજા પહોંચાડેલ હોવાનું અને આવો ગુનો કરવા સમયે આરોપીઓની સંખ્યા કુલ મળીને પાંચ અથવા તેથી વધારે હોવાનું ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવુ આવશ્યક છે. સાથોસાથ લૂંટ તથા ધાડના કિસ્સા હંમેશા આયોજનપૂર્વક કરવામાં આવે છે. સામાન્ય રીતે આરોપી અજાણ્યા હોય છે તથા મોટા ભાગના કિસ્સામાં પોતાની ઓળખ છુપાવવા માટે સભાન હોય છે. આ કારણે આ પ્રકારના ગુનામાં ઓળખપરેડ મહત્વનો પુરાવો બની રહે છે. આ કામે આંક–૧૯ વાળી ફરિયાદ હકીકત ધ્યાને લેતાં, આરોપીઓના શારીરિક બાંધા અંગે કે તેઓએ પહેરેલા કપડા અંગે ફરિયાદમાં કશું જણાવેલ નથી અને અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવવામાં આવેલ છે અને આંક–૧૮ અને આંક–૨૫ ના સાહેદોએ અદાલત સમક્ષ પણ આરોપીઓને ઓળખી બતાવેલ નથી અને પ્રથમથી તેઓ આરોપીઓને ઓળખતા હતા તેવો કોઈ પુરાવો આપેલ નથી ત્યારે હાલના કેસમાં આરોપીઓની ઓળખપરેડ મહત્વનો પુરાવો બની રહે છે પરંતુ આ કામે આંક–૧૨૨ ના તપાસ કરનાર અધિકારીશ્રીનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદમાં મોટર સાયકલ કે કોઈ વાહનનો નંબર ફરિયાદીએ દર્શાવેલ નથી કે આવેલ ઈસમોનું વર્ણન કરેલ નથી અને ફરિયાદમાં અજાણ્યા ઈસમોનો ઉલ્લેખ થયેલો છે તેવુ જણાવેલ છે. આમ, આંક–૧૨૨ ના તપાસ કરનાર અધિકારીશ્રીનો આ પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદીએ ફરિયાદમાં આવેલ ઈસમોનું કોઈ વર્ણન કરેલ ન હોય અને અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવેલ હોય ત્યારે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઈ સાહેદ રૂબરૂ કે ફરિયાદી રૂબરૂ આરોપીઓની ઓળખપરેડ કરાવવી અત્યંત જરૂરી હતુ. પરંતુ આ કામે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી.

હવે જયારે તા.૨૭–૭–૨૦૧૩ ના રોજનો સમગ્ર બનાવ તેમજ ફરિયાદ પક્ષના ફરિયાદી તથા આંક–૨૩, ૨૫, ૬૭, ૭૧, ૭૫, ૭૬, ૭૮, ૭૯, ૮૧, ૮૨, ૧૦૬ ના સાહેદોના મૌખિક પુરાવાને ઘ્યાને લેતાં આરોપીઓ તરફે પ્રથમથી જ તકરાર લેવામાં આવેલ છે કે આ કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઈ આરોપીઓની ફરિયાદી કે ઈજા પામનાર સાહેદ રૂબરૂ ઓળખપરેડ કરાવેલ નથી અને તેવી ઓળખપરેડની તકરાર લઈ ફરિયાદી તથા સાહેદોની ઉલટ તપાસ કરેલ હોય અને તેવો જ બચાવ લીધેલ હોય તેવુ જણાય છે. આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉપરોકત બચાવના પ્રયાસ સાથે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવા સાથે તા.૨૭–૭–૨૦૧૩ ના રોજનો સમગ્ર બનાવ ઘ્યાને લઈએ તો તા.૨૭–૭–૨૦૧૩ ના રોજ ફરિયાદી કીર્તિસિંહ ભુરાજી તેઓની ઓફિસમાં આવતા પાર્સલો રજીસ્ટરમાં એન્ટ્રી કરી ત્યારબાદ પાર્સલોનું શોર્ટીગ કરીને પાર્સલો સાથે જે વ્યકિતનો વારો હોય તેને બસસ્ટેન્ડે મુકવા જવાની તેઓની ફરજ મુજબ અમદાવાદની વારી લઈને એટલે કે પાર્સલો લઈને સાહેદ રમણભાઈ કચરાભાઈ પટેલને જવાનું હોવાથી આંગડીયા પેઢીના એકટીવા મોટર સાયકલ નં.જીજે–૪–બીએલ–૭૭૫૮ લઈને નીકળેલા અને કલાક ૧૫–૧૫ વાગ્યાના અરસામાં પાનવાડી તરફ જતા રસ્તે આયૂર્વેદિક કોલેજની સામેના રોડ ઉપર પહોંચતા આરોપીઓ અગાઉથી લૂંટ/ધાડ કરવા માટે રચેલ ગુનાહિત કાવતરૂ પાર પાડવા પોતાના સીબીઝેડ મોટર સાયકલ નં.જીજે–૪–બીજી–૪૫૦૪ તથા હીરોહોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે–૪–બીએ–૮૧૮૨ ઉપર આવી ચાલુ મોટર

સાયકલે આરોપી નં.૩ નાએ ફરિયાદીને લાકડાના ધોકા વડે જમણા ખભા ઉપર સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી, મોટર સાયકલ સાથે નીચે પછાડી દઈ, ફરિયાદી પાસે રહેલ હીરા તથા સોનાચાંદીના દાગીના ભરેલ પાર્સલનો થેલો કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/– ની ધાડ પાડેલ અને સાહેદ રમણભાઈને પણ સ્વેચ્છાપૂર્વકની વ્યથા પહોંચાડી આરોપીઓ મોટર સાયકલ ઉપર બેસી નાસી ગયેલા સબબ બનાવ બનેલ હોય તેવુ જણાય છે. હવે સમગ્ર બનાવ સાથે આંક–૧૯ થી રજુ થયેલ ફરિયાદ ધ્યાને લઈએ તો આંક–૧૯ ની ફરિયાદ ધ્યાને લેતાં, ફરિયાદી તથા રમણભાઈ કચરાભાઈને આરોપીઓને જોવા માટેનો પુરતો સમય મળેલ હોય તેવુ જણાતુ નથી. ફરિયાદમાં ફરિયાદી કીર્તિસિંહે ધાડ તથા લૂંટ કરનાર આરોપીઓનું વર્ણન માત્ર તેઓ ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના અને ધોકો મારેલ તે વ્યકિત મજબુત બાંધાનો અને માથે ટોપી પહેરેલ હતો અને મોઢે રૂમાલ બાંધેલ હતો અને જોયેથી ઓળખી શકે સબબ વર્ણન કરેલ હોય તેવુ જણાય છે. હવે તા.૨૭–૭–૨૦૧૩ ના રોજના સમગ્ર બનાવ સાથે હકીકત જણાય છે કે ફરિયાદી રમણભાઈને લઈને જયારે હીરા તથા સોનાચાંદીના દાગીના ભરેલ પાર્સલો સાથે બસસ્ટેન્ડે મુકવા જતા હોય અને ફરિયાદી જયારે જશોનાથ સર્કલથી આગળ આયૂર્વેદિક કોલેજની સામેની સાઈડમાં રોડ ઉપર પહોંચેલ ત્યારે આરોપીઓ પાછળથી સી.બી.ઝેડ લાલ તથા કાળા કલરનું લઈને બે અજાણ્યા માણસો તેઓની જમણી બાજુ આવેલા અને એક કાળા કલરનું સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર બે અજાણ્યા માણસો તેઓની ડાબી બાજુ આવેલા અને સી.બી.ઝેડ મોટર સાયકલની

પાછળ બેઠેલ માણસે ચાલુ મોટર સાયકલે ફરિયાદીને જમણા હાથે લાકડાનો ધોકો મારતા મોટર સાયકલનું બેલેન્સ તેમનાથી છૂટી જતા ફરિયાદીનું મોટર સાયકલ સ્લીપ થઈ ગયેલ અને ફરિયાદી તથા રમણભાઈ રોડ ઉપર નીચે પડી ગયેલા અને તેવામાં જેણે ફરિયાદીને લાકડાનો ધોકો મારેલ તે ઈસમે મોટર સાયકલમાંથી નીચે ઉતરી ફરિયાદીના એકટીવામાં પાર્સલો ભરેલ થેલો જે આગળ હુકમાં રાખેલ હતો તે કાઢવા જતા ફરિયાદી તથા રમણભાઈ આ થેલો ખેંચવા જતા તે માણસે તેઓની પાસેથી થેલો ઝુંટવી લૂંટ કરીને લઈ ગયેલ સબબ બનાવ બનેલ હોય તેવુ જણાય છે. હવે સમગ્ર બનાવ સાથે આરોપીઓ જયારે પ્રથમથી જ ઓળખપરેડ નહીં કરાવ્યા સબબની તકરાર લઈ બચાવનો પ્રયાસ કરતા હોય ત્યારે તા.૨૭–૭–૧૩ નો બનાવ ધ્યાને લ ેતાં, ફરિયાદીની ડાબી તથા જમણી બાજુ સી.બી.ઝેડ તથા સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આરોપીઓ આવેલ હોય અને પાછળથી ફરિયાદીને લાકડાનો ધોકો મારતા ફરિયાદી જયારે બેલેન્સ ગુમાવતા તેની જ ઉપર એકટીવા પડી ગયેલ હોય અને ફરિયાદી પડી જતા અને તેની ઉપર જ એકટીવા પડતુ હોય તેવા સેકન્ડમાં આરોપીઓ તે જ એકટીવાના આગળના ભાગે હુકમાં ભરાવેલ મુદ્દામાલ સોના ચાંદીના દાગીના કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/– નો થેલો ઝૂંટવીને જતા રહેલ હોય અને તે વખતે આરોપીઓએ મોઢે રૂમાલ બાંધેલા હોય અને માથે ટોપી પહેરેલ હોય અને પાછળથી આવનાર વ્યકિતએ ફરિયાદીને ધોકો મારતા ફરિયાદી જયારે નીચે પડી ગયેલા હોય ત્યારે પાછળથી આવનાર વ્યકિતઓને જોવા માટે કે તેઓનું શારીરિક વર્ણન કરવા માટે ફરિયાદી

પાસે પુરતો સમય હતો ? તો આંક–૧૯ થી રજુ થયેલ ફરિયાદ ઘ્યાને લ ેતા ફરિયાદી કે ઈજા પામનાર રમણભાઈ પાસે તેવો કોઈ પુરતો સમય નથી કે જે તેઓને પાછળથી ધોકો મારનાર વ્યકિતને જોઈ શકે અગર તો તેઓનું ચોકકસ શારીરિક બાંધા સાથેનું વર્ણન કરી શકે. પ્રથમ તો જયારે સમગ્ર બનાવ જે લૂંટ અને ધાડનો બનતો હોય તે માત્ર સેકન્ડમાં, પળમાં અને ક્ષણભરમાં બનતો હોય છે અને ફરિયાદી જયારે એકટીવા ઉપરનું બેલેન્સ ગુમાવતા હોય અને તેમના શરીર ઉપર જ જયારે તે એકટીવા પડતુ હોય ત્યારે પોતાની જાતને સંભાળવા અને એકટીવાનું બેલેન્સ જાળવવાનો પ્રયત્ન કરતા હોય અને તે જ ક્ષણવારમાં જયારે મુદ્દામાલ ભરેલ થેલાની લૂંટ થયેલ હોય ત્યારે વ્યકિત પોતાની જાતને જુએ, ઈજા જુએ કે તેની ઉપર પડેલ એકટીવામાંથી ઉભા થવાનો પ્રયત્ન કરે કે તેને મારનાર અને મુદ્દામાલ થેલાની લૂંટ કરનાર વ્યકિતને જુએ ? જે સમગ્ર ઘટનાક્રમ જોતા વ્યકિત પ્રથમ તો પોતાની જાતને સંભાળે અને તે સાથે જયારે તેને ભાન થાય કે એકટીવાના હુકમાં ભરાવેલ થેલાની લૂંટ કે ધાડ થયેલ છે ત્યારે પ્રથમ તે થેલાને બચાવવાનો પ્રયાસ કરે જે આંક–૧૯ ની ફરિયાદ ઘ્યાને લેતાં ફરિયાદી તથા રમણભાઈએ તે મુદ્દામાલ ભરેલ થેલો આરોપીઓ પાસેથી ઝુંટવાનો પ્ર યાસ કરેલ હોય ત્યારે પણ આરોપીઓ ખેંચીને તે થેલો લઈ ગયેલ હોય તેવુ જણાય છે અને તેથી જ આ કામે જયારે આરોપીઓ પ્રથમથી જ ઓળખપરેડની તકરાર લઈ બચાવ કરતા હોય ત્યારે ફરિયાદીએ આંક–૧૯ ની ફરિયાદમાં આરોપીઓના શારીરિક બાંધા સબબ માત્ર ૨૫ થી ૩૦ વર્ષની વયના, મજબુત બાંધાના હોવા

સબબ વર્ણન કરતા હોય ત્યારે તેવા વર્ણનને આધીન વ્યકિતને ઓળખવી કોઈના માટે પણ શકય નથી અને જયારે તે વ્યકિતએ માથા ઉપર ટોપી પહેરેલ હોય તથા મોઢે રૂમાલ બાંધેલ હોય ત્યારે તેવી ઓળખ કોઈપણ વ્યકિતને ઓળખવા માટે પુરતી નથી અને તેથી આ કામે ફરિયાદી તથા ઈજા પામનાર રમણભાઈએ પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીઓને ઓળખવા માટે લૂંટ અને ધાડ પાડનાર ઈસમોનું કોઈ શારીરિક વર્ણન કરેલ નથી અને તેથી જ મૌખિક પુરાવા દરમ્યાન ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદે આરોપીઓને ઓળખી બતાવવા સ ક્ષમ હોય તેવી કોઈ હકીકત સોગંદ ઉપર જાહેર કરેલ નથી અને હવે જયારે આ કામે આરોપીઓએ તે જ ફરિયાદી અને ઈજા પામનાર સાહેદ કે જે બન્ને બનાવના ભોગ બનનાર સાહેદ છે તેઓ જ જયારે આરોપીઓને ઓળખવા સક્ષમ નથી અને માત્ર આરોપીઓના શારીરિક બાંધા સબબ વર્ણન કરતા હોય અને તપાસ કરનાર અધિકારીશ્રી જ જયારે લૂંટના કેસમાં ઓળખપરેડ યોજવી મહત્વની કાર્યવાહી હોવા છતાં તેવી કોઈ ઓળખપરેડ યોજતા નથી અને ફરિયાદી અને સાહેદો રૂબરૂ આરોપીઓની તેવી કોઈ ઓળખપરેડ કરાવતા નથી અને તેવી ઓળખ પરેડ ન કરવા સબબની ફરિયાદ પક્ષ તરફે તપાસ કરનાર અધિકારીશ્રીની સમગ્ર તપાસ દરમ્યાન જે તૃટિ રહી જવા પામેલ છે તે જ ક્ષતિનો લાભ ઉઠાવી ઓળખપરેડની તકરાર ઉઠાવી તેના જ અન્વયે ફરિયાદી તથા ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા તમામ સાહેદો રૂબરૂ ઉલટ તપાસ કરી બચાવનો પ્રયાસ કરેલ છે જે ઘ્યાને લેતાં તેવા બચાવના પ્રયાસમાં થોડા ઘણા અંશે તથ્ય હોય તેવુ પણ જણાય

છે પરંતુ માત્ર ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદે મૌખિક પુરાવા દરમ્યાન આરોપીઓને ઓળખી બતાવેલ નથી ત્યારે ફરિયાદપક્ષની આંક–૧૯ ની ફરિયાદ ધ્યાને લેતાં જ ફરિયાદીએ ફરિયાદમાં આરોપીઓના માત્ર શારીરિક બાંધા સબબ વર્ણન જાહેર કરેલ છે અને જોયેથી ઓળખી શકે તેવી માત્ર હકીકત ફરિયાદમાં જાહેર કરેલ છે ત્યારે તેવી ઓળખપરેડ યોજવી તે તપાસ કરનાર અધિકારીશ્રીની તપાસનો ભાગ છે. નામ.સુપ્રિમ કોર્ટના ક્રિમી.અપીલ નં.૧૩૩૩/૦૯ તા.૨–૮–૨૦૧૮ ના ચુકાદામાં એવુ જણાવેલ છે કે,

15. The identification parade belongs to the stage of investigation, and there is no providion in the Code which obliges the investigating agency to hold or confers a right upon the accused to claim, a test identification parade. They do not constitute substantive evidence and these parades are essentially governed by Section 162 of the Code. Failure to hold a test identificatio parade would not make inadmissible the evidence of identification in Court. The weight to be attached to such identification should be a matter for the Courts of fact. In appropriate cases it may accept the evidence of identification even without insisting on corrobration (See : **Kanta Prashad v. Delhi Admnistration,** 1958 CriLJ 698 and **Vaikuntam Chandrappa and Ors. v. State of Andhara Pradesh,** AIR 1960 SC 1340.

આ કામે સમગ્ર તા.૨૭–૭–૧૩ ના રોજનો બનાવ ધ્યાને લેતાં તપાસ કરનાર અધિકારીશ્રી તેવી ઓળખપરેડ યોજે તો પણ ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદને આરોપીઓએ જયારે પાછળથી ધોકો મારી લૂંટ

કરી નાસી જતા હોય ત્યારે આરોપીઓને જોવાનો કોઈ સમય મળેલ નથી અને તે જ કારણોસર તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઈ ઓળખપરેડ યોજેલ નથી અને ફરિયાદી અને ઈજા પામનાર સાહેદને આરોપીઓને બતાવી ઓળખપરેડ કરેલ નથી અને તેથી હવે જો આરોપીઓ એવુ કહેતા હોય કે સદરહુ ગુનાના કામે ઓળખપરેડ કરવી મહત્વની હકીકત અને પુરાવો છે ત્યારે તા.૨૭–૭–૧૩ ના રોજનો સમગ્ર બનાવ જોતા આરોપીઓની ઓળખ સબબનો ફરિયાદ પક્ષને મળ ેલ સમય અને જે સેકન્ડમાં લૂંટનો બનાવ બનેલ છે તે ધ્યાને લેતાં ઓળખપરેડ કરવી, આરોપીઓને ઓળખવા તે ફરિયાદી અને ઈજા પામનાર સાહેદ માટે કોઈપણ સંજોગોમાં શકય નથી અને તેથી જ નામ.સુપ્રિમ કોર્ટનો ક્રિમિનલ અપીલ નં.૧૩૩૩/૦૯ તા.૨–૮–૨૦૧ ૮ ના રોજનો ચુકાદો ધ્યાને લેતાં નામ.સુપ્રિમ કોર્ટે પણ ઓળખપરેડ યોજવી અને તે ઓળખપરેડનો એક માત્ર હેતુ તપાસ કરનાર એજન્સીને મદદરૂપ થવાનો અને તેવી તપાસ યોગ્ય અને સાચી દિશામાં થઈ રહી છે કે નહીં તે સબબ જ જયારે તેનો હેતુ હોય ત્યારે આરોપીઓની ઓળખપરેડ ન કરવાથી સમગ્ર ઈન્સાફી કાર્યવાહી અને રજુ થયેલ રેકર્ડ ઉપરનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો તે ઈન્સાફી કાર્યવાહીને કોઈપણ રીતે ખોટી ઠેરવતી નથી અને તેથી જ આ કામે જયારે એક માત્ર ઓળખપરેડની તકરાર ઉઠાવી આરોપીઓ તેવી ક્ષતિનો લાભ ઉઠાવવા માગતા હોય તો ઉપરોકત નામ.સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે રેકર્ડ ઉપર આરોપીઓએ પોલીસ કસ્ટડી દરમ્યાન કરેલી કબુલાતના આધારે તેવી કબુલાતને આધીન લૂંટમાં ગયેલ

મુદ્દામાલ અને લૂંટ કરવા માટે વપરાતા સાધનો જો મળી આવે તો તેવી કબુલાત પણ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૨૭ ના પ્ર બંધોને આધીન ગ્રાહય છે અને તેવો પુરાવો ન માની શકાય તેવો કોઈ સિધ્ધાંત નથી અને તેવા નામ.સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાને ધ્યાને લઈ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૨૭ ના પ્રબંધો ધ્યાને લેતાં તેમાં નીચે મુજબ જણાવવામાં આવેલ છેઃ

"જે માહિતી આપવામાં આવે તે માહિતી એવા પ્રકારની હોય છે કે જે માત્ર તેવી વ્યકિત જ જાણે છે. તે જે માહિતી આપે છે તે સામાન્ય રીતે નિવેદનના સ્વરૂપમાં હોય. આવી માહિતી માત્ર માની લેવામાં આવતી નથી, તેની ચકાસણી કરવામાં આવે છે તથા ચકાસણીના અંતે આપવામાં આવેલી માહિતી પરથી હકીકત મળી આવે તો તે હકીકત સાબિત કરી શકાય. માહિતીની ચકાસણી કરતાં હકીકત મળી આવે તે જ સાબિત કરી શકાય, જે તે માહિતીમાં રહેલી સચ્ચાઈની ખાત્રી ગણાય. તેવી માહિતીમાં એક સચ્ચાઈ છે તેવી ખાત્રી હોવાના કારણે તે સિધ્ધાંત ઉપર આ કલમની રચના કરવામાં આવી છે. માહિતીના આધાર ઉપરથી હકીકત મળી ન આવે તો તે પુરાવો પ્રસ્તુત ગણાય નહીં. માહિતી એવા પ્રકારની હોય કે જે અંગે તપાસ કરનાર અધિકારી કે પોલીસ અધિકારી અજાણ હોય. માહિતી શબ્દ અત્યંત સ્પષ્ટ છે. તેનો અર્થ એવો થાય કે જેને માહિતી આપવામાં આવે તે વ્યકિત તેવી માહિતી તેને મળે ત્યાં સુધી તેથી અજાણ હોય. આ માહિતીની ચકાસણી કરવા તે માહિતી મુજબની હકીકત મળી આવવી તે તેમાં રહેલી સચ્ચાઈ સૂચવે છે."

"આ કલમમાં "કોઈ હકીકત" એવા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કોઈ હકીકત એટલે માહિતી પરથી મળી આવેલી હકીકત તેવો અર્થ આ શબ્દનો આ કલમમાં થશે. આ અધિનિયમની કલમ ૩ માં "હકીકત" શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે, જે વ્યાખ્યા બે હિસ્સામાં છે.પ્રથમ હિસ્સા મુજબ એવી

મૂર્ત વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જે ઈન્દ્રિય ગ્રાહય હોય. એટલે કે ઈન્દ્રિયથી જે પ્રત્યક્ષ રીતે અનુભવી શકાય અને હકીકત શબ્દની વ્યાખ્યાના બીજા હિસ્સામાં માનસિક સ્થિતિનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જે માનસિક સ્થિતિ અંગે વ્યકિત સભાન હોય. આ કલમમાં ઈન્દ્રિય ગ્રાહય હોય તેવી જ હકીકતોનો સમાવેશ સમજવાનો છે, માનસિક સ્થિતિ દર્શાવતી હકીકત અન્ય સંજોગોના આધાર પર તારવવામાં આવે છે અને તેનો અનુભવ વ્યકિતને અંગત રીતે થઈ શકે, પરંતુ તેમ છતાં તે મૂર્ત સ્વરૂપની બાબત નથી અને તેથી બીજા શબ્દમાં કહીએ તો ભૌતિક વસ્તુઓનો સમાવેશ અત્રે "કોઈ હકીકત" માં ઘટાવવાનો રહે છે, કારણ કે કોઈ હકીકત શબ્દ અત્રે મળી આવવા સાથે સંબંધ ધરાવે છે.

આરોપીએ કરેલા તમામ નિવેદનો કે જે કારણે કોઈ મિલકત મળી આવે કે કોઈ વસ્તુ રજુ કરવામાં આવે તે નિવેદનો આ કલમ હેઠળ પ્રસ્તુત નથી પરંતુ માહિતી સાથે મળી આવેલી હકીકત સ્પષ્ટ સંબંધ ધરાવતી હોય તે આવશ્યક છે. તે વસ્તુ માહિતીના કારણે મળી આવવી જોઈએ અને તો જ તેવુ નિવેદન પ્રસ્તુત ગણાય અને આ કલમ હેઠળ તેવી હકીકતો સાબિત કરી શકાય. આ કલમ અમલમાં આવે તે માટે એક અન્ય આવશ્કયતા પણ છે કે આરોપી કે જે પોલીસ હવાલામાં હોય તેણે માહિતી આપી હોવી જોઈએ, જે માહિતીના અનુસંધાને કે પરીણામે તેવી હકીકત મળી આવી હોય અને જુબાનીના રૂપમાં એટલે કે સાહેદો મારફત તે રજુ થવી જોઈએ અને તો તે પુરાવો પ્રસ્તુત ગણાય અને તેવી હકીકતો સાબિત કરી શકાય.

પોલીસ અધિકારીને કરવામાં આવેલી કબુલાત સર્વથા વર્જ્ય છે. પોલીસ હવાલામાં હોય તેવી વ્યકિત કોઈપણ વ્યકિતને કબુલાત કરે તો પણ તે વર્જ્ય છે, સિવાય કે મેજિસ્ટ્રેટની પ્રત્યક્ષ હાજરીમાં કરવામાં આવી હોય. કલમ ૨૬ ની ચર્ચામાં આપણે જોયુ તેમ ચુકાદાઓ ઉપરથી ફલિત થાય છે કે મેજિસ્ટ્રેટની પ્રત્યક્ષ હાજરીમાં કરેલી કબુલાતનો અર્થ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૧૬૪ ના પ્રબંધો મુજબની કબુલાત પુરતો મર્યાદિત થયો છે. આ કલમમાં

"તે કબુલાત બનતી હોય કે ના બનતી હોય" તેવા શબ્દો પ્રયોજવામાં આવ્યા છે અને તેથી આ કલમ તે સંદર્ભમાં સમજવી આવશ્યક છે. અત્રે આ કલમની જોગવાઈ મુજબ મહત્વની બાબત કબુલાત નથી, પરંતુ આરોપીએ આપેલી માહિતી છે કે જે માહિતીના આધાર ઉપર કોઈ હકીકત મળી આવે છે. પોલીસ અધિકારીને કરવામાં આવતી કબુલાત સ્વેચ્છાપૂર્વકની ન હોય તેમ માનીને અને તેવા કારણસર પ્રબંધ કરવામાં આવ્યા છે.આ કલમમાં મહત્વની બાબત કબુલાત નથી, પરંતુ આરોપીએ આપેલી માહિતી છે. આ માહિતીના આધારે કોઈક હકીકત મળી આવે છે. જે તેમાં રહેલી સચ્ચાઈની ખાત્રી છે, બાંહેધરી છે અને તેથી ઉપરના પ્રબંધોની ઉપરવટ આ કલમ જતી નથી તેમ અવશ્યપણે કહી શકાય. જે માહિતી આપવામાં આવે છે અને અનેક ચુકાદાઓમાં જોવા મળે છે તેમ તે માહિતી મહદ્અંશે એવા પ્રકારની હોય છે કે જેની જાણ માત્ર આરોપીને હોય. તેવી માહિતીના આધાર ઉપર કોઈક હકીકત મળી આવે છે. જે આપવામાં આવેલી માહિતીને સમર્થન આપે છે અને તે કારણે તેમાં કબુલાતનું તત્વ આવે તો પણ તે પુરાવા તરીકે ગ્રાહય ગણાય, કારણ કે તે પુરાવો ઉભો કરેલો પુરાવો નથી. તે પુરાવો આપવા માટે આરોપીને ફરજ પાડવામાં આવી નથી અને તેથી તે માહિતીના કારણે તેમાં કબુલાતનું તત્વ ભળે તો પણ સત્ય બહાર આવે છે અને સત્ય બહાર આવવાના કારણે કોઈપણ વ્યકિતનું અહિત થતું હોય તો કાનુની રીતે કે નીતીમત્તાના ધોરણોની રીતે પણ તેને અહિત કહેવાય નહીં, તે કરેલા કૃત્યનો બદલો કહેવાય."

આ અંગે નામ.સુપ્રિમ કોર્ટના ક્રિમી.અપીલ નં.૧૩૩૩/૦૯ માં નીચે મુજબ જણાવવામાં આવેલ છેઃ

12. The other ground urged on behalf of the appellant is that the so called confessinal statement of the appellant has no evidentiary value under law for the reason that it was extracted from the accused under duress by the police. It is true, no confession

made by any person while he was in the custody of police shall be proved against him. But, the Evidence Act provides that even when an accused being in the custody of police makes a statement that reveals some information leading to the recovery of incriminating material or discovery of any fact concerning to the alleged offence, such statement can be proved against h im. It is worthwhile at this stage to have a look at Section 27 of the Evidence Act.

13. In the case on hand, before looking at the confessional statement made by the accused - appellant in the light of Section 27 of the Evidence Act, may be taken into foled for limited purposes. From the aforesaid statement of the appellant, it is clear that he had explained the way in which the accused committed the crime and shared the spoils. He disclosed the fact that Munna Manjhi was the Chief / Head of the team of assailants and the crime was executed as per the plan made by him. It is also came into light by his confession that the accused broke the doors of the house of informant with the aid of heavy stones and assaulted the inmaetes with pieces of wood (sticks). He categorically stated that he and Rampati Manjhi were guarding at the outside while other accused were committing the theft. The recoveries of used polythene puches of wine, money, clothes, chains and bangle were all made at the discolsure by the accusede which corrobroates his confessinonal statement and proves his guilt. Therefore, the confessional statement of the appellant stands and satisfies the test of Sedction 27 of the Evidence Act.

(૪૫) હવે ફરિયાદ પક્ષ તરફે આ કામે આંક–૩૦ ના રીકવરી પંચનામા તથા આંક–૪૫, ૬૨, ૬૬, ૭૦ ના ડિસ્કવરી પંચનામાની

રૂઈએ આરોપીઓ પાસેથી પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે જેની વિગત નીચે પ્રમાણે છે:

| પંચનામાની વિગત | આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલની વિગત | પંચોના આંક |
|---|---|---|
| રીકવરી પંચનામુ આંક–૩૦ | મોબાઈલ, સોનાનો ચેઈન, સોનાના બિસ્કીટ, ચાંદીની બંગડીના ટુકડા | ૨૯,૩૩ |
| ડિસ્કવરી પંચનામુ આંક–૪૫ | આરોપી રમેશભાઈ પાસેથી ત્રણ વીંટીવાળો સોનાનો પંજો | ૪૪,૫૯ |
| ડિસ્કવરી પંચનામુ આંક–૬૨ | આરોપી ભરત મારવાડી પાસેથી સોના તથા હીરાથી મઢેલો હાર, બે બુટ્ટી. | ૬૧ |
| ડિસ્કવરી પંચનામુ આંક–૬૬ | આરોપી સંજયભાઈ પાસેથી વીંટી, ચેઈન,બંગડીના ટુકડા, બુટ્ટી, પેન્ડલ | ૬૫ |
| ડિસ્કવરી પંચનામુ આંક–૭૦ | આરોપી હરેશભાઈ પાસેથી હીરા નંગ–૧૬૧૯ | ૬૯ |

આમ, ઉપરોકત રીતે રીકવરી પંચનામુ આંક–૩૦ ધ્યાને લેતાં, તપાસ કરનાર અધિકારીશ્રીને આ કામના આરોપીઓ લૂંટમાં ગયેલ મુદ્દામાલ વેચવા નારીરોડ આઈ.પી.સી.એલ.કંપનીના ગોડાઉન પાસે આવવાના છે તેવી બાતમી મળતા સરકારી વાહન લઈ, પંચોને સાથે લઈ સ્થળ ઉપર ગયા હોય અને મળેલ બાતમીના આધારે વોચમાં રહેતા

આરોપીઓ મળી આવેલા હોય અને આરોપીઓની અંગ જડતી કરતાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ મોબાઈલ તથા લૂંટમાં ગયેલ સોનાનું બિસ્કીટ, સોનાની ચેઈન, ચાંદીની બંગડીના ટુકડા વિગેરે કબજે કરેલ હોય તેવુ જણાય છે તેમજ ડિસ્કવરી પંચનામા આંક–૪૫, ૬૨, ૬૬, ૭૦ થી જે તે આરોપીએ મુદ્દામાલ જે જગ્યાએ સંતાડેલ તે જગ્યા બતાવવા સ્વખુશી દર્શાવતા પંચો રૂબરૂ આરોપીઓએ બતાવેલ સ્થળેથી આરોપીએ કાઢી આપેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો છે અને આ તમામ પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે. આ કામે બચાવ પક્ષ તરફથી પંચ સાહેદોના પુરાવામાં રહી જવા પામેલ કેટલીક તૃટિઓ કે ક્ષતિઓ જણાવેલ છે તેમજ મોટા ભાગના પંચો ફરિયાદી પેઢીના કર્મચારી હોય અને તે રીતે રસ ધરાવતા પંચો હોય તેઓનો પુરાવો નહી માનવો જોઈએ તેવી દલીલ કરેલ છે પરંતુ તા.૨૭–૭–૧૩ ના રોજનો સમગ્ર બનાવ ધ્યાને લેતાં સામાન્ય રીતે કોઈપણ વ્યકિત પોલીસ કાર્યવાહીમાં પડે નહીં કે પડવા માગે નહીં અને તેથી જ જો ફરિયાદી પેઢી તેની પેઢીના કર્મચારી સ્વેચ્છાથી કે રાજીખુશીથી સાહેદ તરીકે રહેવા માંગતા હોય અને સાહેદી આપતા હોય અને તપાસ કરનાર અધિકારીશ્રી પણ પોલીસ મેન્યુઅલ મુજબ તે તમામ સાહેદોની ચોકસાઈ કરી અને ત્યારબાદ તે પંચ સાહેદ તરીકે રહેવા સક્ષમ છે તેવી સમગ્ર ખરાઈ કર્યા બાદ જો તેઓને પંચ તરીકે લીધેલ હોય તો તેમાં કોઈ તૃટિ કે ક્ષતિ હોય કે તેવા સાહેદને ન માની શકાય તેવો કોઈ સિધ્ધાંત નથી કે તેવા કોઈ પ્રબંધો નથી અને તેથી જ તપાસ કરનાર અધિકારીશ્રીએ પણ એક માત્ર ફરિયાદી પેઢીના

કર્મચારીઓને સાહેદ તરીકે લીધેલા છે તો કયા કારણોસર લીધેલા છે તે સબબ કોઈ ખુલાસો કરતા પ્રશ્નો પણ પુછેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં માત્ર ફરિયાદી પેઢીના કર્મચારી હોય જેથી તેઓને સાહેદ તરીકે ન લેવા તેવો પણ કોઈ નિયમ નથી કે તેવા કોઈ પ્રબંધો નથી પરંતુ તપાસ કરનાર અધિકારીશ્રીએ સામાન્ય રીતે ફરિયાદી પેઢી કે જેઓની પેઢીનો જ મુદ્દામાલ રૂ.૧૭,૫૫,૮૭૫/–ની લૂંટ થવા પામતી હોય ત્યારે તેવી પેઢીના કર્મચારી તે લૂંટનો મુદ્દામાલ મળવા સબબ રસ ધરાવે અને તેથી સામાન્ય રીતે તપાસ કરનાર અધિકારીશ્રીએ તેવા રસ ધરાવતા સાહેદોને સાહેદ તરીકે રાખવા વિશેષ કાળજી રાખવી પડે અગર તો બને ત્યાં સુધી ટાળવુ જોઈએ પરંતુ તપાસ કરનાર અધિકારીશ્રીએ જયારે તમામ ખરાઈ અને કાળજી લીધા બાદ આ સાહેદ સાહેદી આપવા સક્ષમ છે તેવુ જણાય આવતુ હોય અને ત્યારબાદ જ તેઓને પંચ સાહેદ તરીકે અગર તો સાહેદ તરીકે લીધેલા હોય ત્યારે તેઓને ન માનવા કોઈ કારણ જણાતુ નથી. વધુમાં ઉપરોકત ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ આંક–૩૦, ૪૫, ૬૨, ૬૬, ૭૦ ના પંચનામાઓ અને તેને આધીન રજુ થયેલ પંચ સાહેદોનો આંક–૨૯, ૩૩, ૪૪, ૫૯, ૬૧, ૬૫, ૬૯ વાળો મૌખિક પુરાવો ઘ્યાને લેતાં, મુખ્યત્વે આ કામના તપાસ કરનાર અધિકારીશ્રીને આ કામના આરોપીઓ લૂંટમાં ગયેલો મુદ્દામાલ ભાવનગર વેચવા આવવાના છે તેવી મળેલી બાતમીને આધારે તા.૩૦–૭–૧૩ ના રોજ વોચ ગોઠવતા હોય અને મળેલી બાતમી મુજબ આરોપીઓ મળી આવેલ હોય અને તે જ આરોપીઓએ તપાસ દરમ્યાન અટક થતાં પહેલા અને અટક થયા બાદ

તા.૨૭–૭–૧૩ ના રોજ આંગડીયા પેઢીનો મુદ્દામાલ રૂ.૧૭,૫૫,૮૭૫/– ની જે લૂંટ કરેલ અને લૂંટ કરતી વખતે ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદને મારવા માટે ઉપયોગમાં લીધેલ હથિયાર જયારે મળી આવતુ હોય ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૨૭ ના પ્રબંધો ઘ્યાને લેતાં તે ન માનવા કોઈ કારણ જણાતુ નથી. વિશેષમાં સમગ્ર પંચ સાહેદોની ઉલટ તપાસ ઘ્યાને લેતા કોઈપણ ઠેકાણે આરોપીઓ તરફે આરોપીઓને દાબદબાણ લાવી કે ધમકાવી કબુલાત કરાવેલ હોય તેવી કોઈ ઉલટ તપાસ નથી કે તેવો કોઈ બચાવ પણ નથી. જયારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૨૭ ના પ્રબંધો ઘ્યાને લેતા તે સ્પષ્ટ રીતે જણાવે છે કે "પોલીસ ઓફિસરની કસ્ટડીમાં હોય એવા કોઈ ગુનાહિત કૃત્યના આરોપી પાસેથી મળેલ માહિતીને આધારે કોઈ વસ્તુ મળી આવી હોય ત્યારે આવી માહિતી કબુલ ેલ હોય અને કબુલેલ ન પણ હોય તો પણ મળી આવેલ વસ્તુ સાથે સ્પષ્ટ રીતે સંબંધમાં આવતી હોય તો તે માહિતીનો કેટલોક ભાગ અલગ પાડીને પુરવાર કરી શકાશે."

(૪૬) સબબ જયારે પ્રબંધો કરવામાં આવેલ છે ત્યારે આ કામે પણ આરોપીઓએ પોલીસ કસ્ટડી દરમ્યાન તપાસ કરનાર અધિકારીશ્રીને લૂંટમાં ગયેલ દાગીના તેઓના ઘરમાં કઈ જગ્યાએ કેવી રીતના સંતાડેલ છે અને આરોપીઓની અંગ જડતી દરમ્યાન જ જયારે લૂંટમાં વાપરેલ મુદ્દામાલ હથિયાર મળી આવેલ હોય ત્યારે તે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૬

અન્વયે આરોપીઓ પાસે તેનો કબજો ભોગવટો કેવી રીતનો આવેલ તેનો ખુલાસો આરોપીઓએ કરવો પડે અન્યથા આરોપીઓએ તે લૂંટ કરી મુદ્દામાલ લૂંટીને પોતાની પાસે રાખેલ છે તેવી હકીકત અન્વયે અનુમાન કરી શકાય અને રેકર્ડ ઉપરના સંજોગો તેવા અનુમાનને સમર્થન કરતા હોય તો તે પુરવાર થયેલુ ગણાય. આ કામે જયારે મળેલ બાતમીના આધારે મળી આવેલ આરોપીઓની અંગજડતી દરમ્યાન મુદ્દામાલ મળી આવેલ હોય ત્યારે સમગ્ર ઉલટ તપાસ અને બચાવના પ્રયાસને ધ્યાને લેતા આરોપીઓએ તેઓની પાસેથી અંગજડતી દરમ્યાન મળી આવેલ લૂંટમાં ગયેલ સોના ચાંદીના દાગીના સબબ કોઈ ખુલાસો કે સ્પષ્ટતા કરેલી નથી અને આરોપીઓએ જ તપાસ દરમ્યાન અટક થતાં પહેલા સ્વતંત્ર સાહેદોની હાજરીમાં જ તે મુદ્દામાલ તા.૨૭–૭–૧૩ ના રોજ થયેલી લૂંટનો છે તેવુ જયારે જણાઈ આવતુ હોય ત્યારે ખુલાસાની ગેરહાજરીમાં અને પંચો સાહેદો રૂબરૂ કરવામાં આવેલ આંક–૩૦, ૪૫, ૬૨, ૬૬, ૭૦ ના પંચનામાની રૂઈએ કબજે કરેલ મુદ્દામાલ તે લૂંટનો જ મુદ્દામાલ છે તેવુ ઉપરોકત ચર્ચાને આધીન રજુ થયેલ પુરાવા જોતા ફરિયાદ પક્ષે પુરવાર કરેલ હોય તે પંચનામા અને પંચ સાહેદોના પુરાવાને ન માનવા માટે કોઈ કારણ નથી. જયારે ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદને તા.૨૭–૭–૧૩ ના બનાવમાં ઈજાઓ થયેલ છે તેવી હકીકતને રેકર્ડ ઉપરનો આંક–૯૮ નો તબીબી પુરાવો સમર્થન કરતો હોય તા.૨૭–૭–૧૩ ના રોજ આ કામના આરોપીઓ એકમાત્ર લૂંટ કરવાનું અગાઉથી રચેલ ગુનાહિત કાવતરૂ પાર પાડવા એકસંપ કરી આવેલા અને ચાલુ મોટર સાયકલે આરોપી નં.૩ નાએ ફરિયાદીને

લાકડાના ધોકા વડે ઈજા કરી મોટર સાયકલ સાથે નીચે પછાડી દઈ, ફરિયાદી પાસે રહેલા હીરા તથા સોના ચાંદીના દાગીના ભરેલ પાર્સલની ધાડ પાડેલાનું ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે તેમ ઠરાવુ છું.

(૪૭) આ કામે, બનાવ સમયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામુ પ્રસિઘ્ધ થઈ અમલમાં હોવા છતાં જાહેરમાં આરોપી નં.૩ નાએ લાકડાનો ધોકો ધારણ કરી, જાહેરનામાનો ભંગ કર્યા સબબ આ કામે આરોપી નં.૩ વિરુઘ્ધ જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ગુનો કર્યા અંગે આંક–૭ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તેમજ આ હકીકત સંદર્ભે ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૨૪ થી હથિયાર બંધીનું જાહેરનામુ રજુ કરવામાં આવેલ છે. પરંતુ ફરિયાદ પક્ષ તરફથી બનાવ સમયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હથિયાર બંધીના જાહેરનામાની યોગ્ય રીતે જાહેરમાં પ્રસિઘ્ધિ થઈ હતી તે અંગે ફરિયાદ પક્ષ તરફથી કોઈ સાહેદને તપાસવામાં આવ્યા નથી કે તે અંગેનો કોઈ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ ન હોય, ફરિયાદ પક્ષ આરોપી નં.૩ સામે બી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી તેમ ઠરાવુ છું.

(૪૮) ઉપરોકત સમગ્ર ચર્ચા સાથે આરોપીઓ વિરુઘ્ધ આંક–૭ થી ફરમાવેલ તહોમતનામુ ઘ્યાને લેતાં આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો.ક. ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે ત્યારે ઈ.પી.કો.ક.૧

૨૦–બી ના સમગ્ર પ્રબંધો તથા તત્વો ઘ્યાને લેતાં ઈ.પી.કો.ક.૧૨૦–બી અન્વયે ગુનાહિત કાવતરૂ કોને કહેવાય સબબ પ્રબંધો કરવામાં આવેલા છે જે ઘ્યાને લેવા જરૂરી છે.

**૧૨૦–બી.ગુનાહિત કાવતરા માટે સજા**:–

૧. કોઈપણ વ્યકિત, દેહાંતદંડ, આજીવન કેદ અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખ્ત કેદની સજાને પાત્ર ગુનો કરવાના ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને

– એવાં કાવતરાં માટેની સજાની આ સંહિતામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં ન આવી હોય ત્યારે એવા ગુનામાં મદદગારી કરી હોય તે રીતે સજા કરવામાં આવશે.

૨. કોઈપણ વ્યકિત, ઉપર જણાવ્યા મુજબ સજાપાત્ર ગુનો કરવા માટેના ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**તત્વો**:–

આ કલમના તત્વો નીચે મુજબ છે.

૧. આરોપીએ અન્ય આરોપી કે આરોપીઓ સાથે સહમતિ કરી.
૨. આ કાવતરૂ ગેરકાનુની કૃત્ય અથવા એક કાનુની કૃત્ય ગેરકાનુની રીતે કરવા માટે અથવા કરાવવા માટે કરવામાં આવ્યુ.
૩. જે કૃત્ય કરવા અથવા કરાવવા કાવતરૂ કરવામાં આવ્યુ હોય તે કૃત્ય આ સંહિતા હેઠળ શિક્ષાપાત્ર હોય, અને
૪. આવું કૃત્ય ગુનો બનતું ન હોય ત્યારે એક અથવા વધારે આરોપીઓએ કશુંક કૃત્ય કાવતરાના અનુસંધાને કર્યુ હતુ.

આમ, ઉપરોકત ૧૨૦–બી ગુનાહિત કાવતરા માટે સજાની જોગવાઈ કરવામાં આવેલ છે જે પ્રબંધો ઘ્યાને લેતાં, કાવતરૂ કરવામાં આવે ત્યારે બે અથવા તેથી વધારે વ્યકિત તેમાં સામેલ હોય છે. તેમની વચ્ચે કશુંક પરીણામ લાવવા માટે સહમતિ સાધવામાં આવે છે કે જેમાં પરીણામ ગેરકાનુની હોય અથવા કરવામાં આવતુ કૃત્ય ગેરકાનુની હોય તથા ત્યારબાદ આવશ્કયતા એ છે કે તેના અનુસંધાને કશુંક કૃત્ય કરવામાં આવેલ હોય. આ કૃત્ય કરવામાં આવે તે કારણે કાવતરૂ પાર પડે કે ન પડે તે મહત્વની બાબત નથી, માત્ર કાવતરાના અનુસંધાને ગેરકાનુની કૃત્ય કરવામાં આવે તો ગુનાહિત કાવતરાનો ગુનો સંપૂર્ણ બને છે. આવા ગુનામાં પ્રત્યક્ષ પુરાવો હોતો નથી અને તેથી સાંયોગિક પુરાવા ઉપર આધાર રાખવાનો રહે છે. ગુનો બની ગયા બાદ એક કાવતરાખોરની વર્તણૂંક માત્ર તેની સામે જ પુરાવા તરીકે ગ્રાહય ગણાય, અન્ય આરોપીની સામે તે પુરાવો ગ્રાહય ગણાય નહી. કાવતરાના કિસ્સામાં મોટાભાગે પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ઘ થતો નથી, કારણ કે પ્રથમથી જ કાવતરાખોરો સાવઘ તથા સભાન હોય છે. પુરવાર થયેલી હકીકતોની કડીબઘ્ઘતા પરથી ગુનાહિત કાવતરૂ કરવામાં આવ્યુ હતુ તેવુ તારણ આપી શકાય અને તેથી જ આરોપીઓ વચ્ચે અમુક પરીણામ લાવવા માટેની સહમતિ સાબિત કરવી આવશ્યક છે.

(૪૯) ઉપરોકત ઈ.પી.કો.ક.૧૨૦–બી અન્વયેના ગુનાહિત કાવતરાના સમગ્ર તત્વો તથા પ્રબંધો સાથે તા.૨૭–૭–૧૩ ના રોજ બનેલા બનાવની સંયુકત અને તુલનાત્મક ચર્ચા કરીએ તો તા.૨૭–૭–૧

૩ ના રોજ જે રીતે બનાવ બનેલ છે તે ધ્યાને લેતા અને રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરિયાદ પક્ષ નિઃશંકપણે તા.૨૭–૭–૧૩ ના રોજ આ કામના આરોપીઓ કે જે બનાવ વખતે પાંચ કરતા વધુ હતા તેઓએ પ્રથમથ જ ફરિયાદ પક્ષ એટલે કે ફરિયાદી અને ઈજા પામનાર સાહેદ રમણભાઈ તા.૨૭–૭–૧૩ ના રોજ કલાક ૧૫–૧૫ વાગ્યાના અરસામાં પાનવાડી તરફ જતા રસ્તે આયૂર્વેદિક કોલેજની સામેના રોડ ઉપર પહોંચે છે ત્યારે આરોપીઓ એક સંપ થઈ અગાઉ રચેલ ગુનાહિત કાવતરા મુજબ અને તમામ વચ્ચે સધાયેલ સહમતિ મુજબ ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદ રમણભાઈને ઈજાઓ પહોંચાડી અને તેઓને ઈજાઓ પહોંચાડયા બાદ તે જ એકટીવાના હુકમાં ભરાવેલ હીરા તથા સોનાચાંદીના દાગીનાઓના પાર્સલોનો થેલો ઝુંટવી લઈને જે ગુનાહિત કૃત્ય કરવાનું કાવતરૂ રચેલુ તેના અન્વયે જ સમગ્ર યોજના ઘડી આરોપી નં.૩ નાએ ફરિયાદીને લાકડાના ધોકા વડે જમણા ખભા ઉપર ઈજા પહોંચાડી, મોટર સાયકલ સાથે નીચે પછાડી દઈ જયારે એક મોટર સાયકલ જમણી બાજુથી તથા બીજી સીબીઝેડ મોટર સાયકલ ડાબી બાજુથી આવી જે રીતે ફરિયાદી તથા ઈજા પામનાર એકટીવા લઈને જતા હતા ત્યારે તેઓની આજુબાજુ ભરચક વિસ્તાર હોવા છતાં કોઈ આવીને તેઓના અગાઉથી નકકી કર્યા મુજબના લૂંટ ધાડના કાવતરામાં કોઈ વિક્ષેપ પડે નહી સબબ જે સહમતિ સાધી લૂંટ ધાડ કરેલ તે હકીકત જયારે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને આધીન ફરિયાદ પક્ષ પુરવાર કરતા હોય ત્યારે ઈ.પી.કો.ક. ૧૨૦–બી ના તમામ પ્રબંધો ધ્યાને લેતાં તે રજુ થયેલ

અને પુરવાર થયેલ હકીકતોને આધીન જયારે ગુનાહિત કાવતરાને સંપૂર્ણપણે સમર્થન કરતા હોય ત્યારે આ કામના આરોપીઓએ પ્રથમથી જ ગુનાહિત કાવતરૂ રચી તમામ વચ્ચે સહમતિ સાધી લૂંટ અને ધાડ કેવી રીતે કરવી સબબ પ્રથમથી એકસંપ થઈ સહમતિ સાધી અને કાવતરૂ રચી લૂંટ ધાડ કરેલ હોય અને તેના અનુસંધાને જ તા.૨૭–૭–૧૩ ના રોજ ફરિયાદ પક્ષનો હીરા તથા સોનાચાંદીના દાગીના ભરેલ મુદ્દામાલ કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/–ના થેલાની લૂંટ ધાડ થયેલ હોય ત્યારે રજુ થયેલ સમગ્ર પુરાવો અપ્રત્યક્ષ રીતે તે ગુનાહિત કાવતરાના પ્રબંધો અને તત્વોને સંપૂર્ણપણે સમર્થન કરતા હોય આ કામના આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચેલ છે તે નહી માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

(૫૦) ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાને આધીન આ કામના આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો.ક. ૩૯૪, ૩૯૫ તથા ૧૨૦–બી અન્વયેનો ગુનો પુરવાર કરેલ હોય ત્યારે ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫ ના તત્વો સાથે આ કામના આરોપીઓ બનાવ સમયે પાંચથી વધારે હતા, આરોપીઓનો એક માત્ર ઈરાદો ફરિયાદી તથા ફરિયાદી સાથે બેઠેલ ઈજા પામનાર સાહેદ રમણભાઈને ઈજાઓ પહોંચાડી લૂંટ કરવાનો ઈરાદો હોય અને આ તમામ આરોપીઓએ એક માત્ર લૂંટ કરવાનો ઈરાદો ધરાવી ફરિયાદ પક્ષના સાહેદોને સ્વેચ્છાપૂર્વક મુદ્દામાલ હથિયાર ધોકા તથા લાકડીથી ઈજાઓ પહોંચાડી લૂંટ તથા ધાડ પાડેલ હોય અને ઈ.પી.કો.ક.૩૯૫

ના સમગ્ર તત્વો તથા પ્રબંધો સાથે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા આ કામે બનાવ સમયે એટલે કે તા.૨૭–૭–૧૩ ના રોજ ફરિયાદી તથા રમણભાઈને મુદ્દામાલ હથિયાર ધોકા તથા લાકડીથી ઈજા પહોંચાડી જે લૂંટ કરેલ છે તે લૂંટ બાદ કયા આરોપીએ ફરિયાદી તથા સાહેદ રમણભાઈને ધોકો મારેલ અને કયા આરોપીએ કયા મુદ્દામાલ સોના ચાંદીના દાગીનાની લૂંટ કરેલ અને ચોકકસ કયા સાહેદે આ કામના આરોપીઓએ તા.૨૭–૭–૧૩ ના રોજના બનાવમાં ભજવેલ ભાગ સબબ પુરાવો આપેલ ન હોવા છતાં પણ ઈ.પી.કો.ક.૩૯૫ ના જ પ્રબંધો ગુના સમયે વ્યકિતએ જે ભાગ ભજવ્યો હોય તે મુજબ વ્યકિતની જવાબદારી થતી નથી પરંતુ સામુહિક જવાબદારી ગુના અંગે ઉત્પન્ન થતી હોય તે મહત્વની બાબત માત્ર સામુહિક કૃત્ય છે કોઈ વ્યકિતગત કૃત્ય નથી અને તેથી આ કામે ઈ.પી.કો.ક.૧૨૦–બી ના ગુનાહિત કાવતરા સબબ જયારે આરોપીઓએ પ્રથમથી જ એકસંપ કરી, ગુનાહિત કાવતરૂ રચી તા.૨૭–૭–૧૩ ના રોજ ફરિયાદ પક્ષના સાહેદો જે મુદ્દામાલ સોના ચાંદીના દાગીના કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/– નો થેલો લઈને નીકળનાર છે તેવી બાતમી તથા રેકીના આધારે ફરિયાદ પક્ષના સાહેદોને સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી લૂંટ કરી ધાડ પાડતા હોય ત્યારે ઉપરોકત ચર્ચાને આધીન ફરિયાદ પક્ષ રજુ થયેલ પુરાવાને આધીન આ કામના આરોપીઓએ તા.૨૭–૭–૧૩ ના રોજ લૂંટ તથા ધાડનો ગુનો ગુનાહિત કાવતરૂ રચી કરેલ છે તેવી હકીકત રજુ થયેલ પુરાવાને આધીન ફરિયાદ પક્ષે પુરવાર કરેલ હોય તે ન માનવા કોઈ કારણ જણાતુ નથી.

(૫૧) વધુમાં હવે જયારે આરોપીઓ વચ્ચે ગુનાહિત કાવતરૂ રચ્યા બાદ ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫ અન્વયે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે ત્યારે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવો તથા આંક–૩૦, આંક–૪૫, આંક–૬૨, આંક–૬૬ તથા આંક–૭૦ ના પંચનામા તથા આંક–૯૮ નો તબીબી પુરાવો, આંક–૧૯ વાળી ફરિયાદ અને આંક–૧૮ તથા આંક–૨૫ ના ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદનો મૌખિક પુરાવો તેમજ આંક–૨૯,૩૩,૪૪,૫૯,૬૧,૬૫,૬૯ ના પંચ સાહેદોનો પુરાવો આ કામના આરોપીઓએ ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫ અન્વયે લૂંટ ધાડ કરી ગુનો કરેલ છે તે હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતો હોય રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ન માનવા કોઈ કારણ જણાતુ ન હોય ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫ તથા ૧૨૦–બી અન્વયેનો ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ હોય અને આરોપી નં.૩ વિરુધ્ધ જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય મુદ્દા નં.૧–૨ નો નિર્ણય હકારમાં જયારે મુદ્દા નં.૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૫૨) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો તથા ચર્ચા ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ રજુ થયેલ પુરાવાથી આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી અન્વયેનો ગુનો ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીઓને ભારતીય દંડ

સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી અન્વયે તકસીરવાન ઠરાવી સજા કેમ ન કરવી સબબ કોઈ કારણ જણાતું ન હોય, આરોપીઓને સજાના પ્રમાણસર સાંભળવા મુલતવી રાખવામાં આવે છે.

આરોપીઓને સજાના પ્રશ્ને સાંભળવા ૫ર મુલતવી.

ભાવનગર
તા.૨૯–૧૧–૨૦૧૮.

(શુભદા કૃષ્ણકાન્ત બક્ષી)
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે–૦૦૩૭૭

(૫૩) ફરિયાદી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીને તથા આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીને સજાના પ્રમાણસર સાંભળ્યા.

(૫૪) ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે દલીલ કરેલ છે કે, આરોપીઓએ ધાડ પાડવાનું ગુનાહિત કાવતરૂ રચી, હથિયારો ધારણ કરી, ધોળા દિવસે, ભાવનગર શહેરના મુખ્ય રસ્તા ઉપર ફરિયાદી તથા સાહેદ રમણભાઈને માર મારી, સ્કુટર ૫રથી ૫છાડી દઈ, એકટીવા મોટર સાયકલના હુકમાં લગાડેલ આંગડીયા પેઢીના હીરા તથા સોના ચાંદીના પાર્સલોનો થેલો કિંમત રૂ.૧૭,૫૫,૮૭૫/–ની ધાડ પાડી નાસી ગયેલા અને યારબાદ ધાડમાં ગયેલ મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગંભીર

પ્રકારનો ગુનો આચરેલ હોય, સમાજમાં દાખલારૂપ આરોપીઓને ગુના સબબ મહત્તમ સજા કરવા દલીલ કરેલ છે.

(૫૫) આરોપીઓ તરફે મુખ્યત્વે દલીલ કરેલ છે કે, આરોપી નં.૧–૨ બન્નેને એક વર્ષની બાળકી છે, જયારે અન્ય આરોપી નં.૩ થી ૫ નાઓ કુટુંબમાં એકમાત્ર કમાનાર અને અપરીણિત છે જે તમામ કૌટુંબિક અને આર્થિક સંજોગો ઘ્યાને લઈ, આરોપીઓનો આ પ્રથમ ગુનો છે જેથી ઓછામાં ઓછી સજા કરવા દલીલ કરેલ છે.

(૫૬) ફરિયાદ પક્ષ તરફે વિઘ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિઘ્વાન વકીલશ્રીની સજાના પ્રમાણસર રજુ થયેલ દલીલો ઘ્યાને લેતાં, આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો.ક.૩૯૪, ૩૯૫, ૧૨૦–બી અન્વયેનો ગુનો નિઃશંકપણે પુરવાર થયેલ છે. ત્યારે આરોપીઓએ આચરેલ ગુનાની ગંભીરતાની સાથે આરોપીઓની ઉંમર તેમજ આરોપીઓની કુટુંબ પ્રત્યેની જવાબદારી ઘ્યાને લઈ, ન્યાયના હિતમાં મુદ્દા નં.૪ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

–: **<u>આખરી હુકમ</u>** :–

(૧) ક્રિ.પ્રો.કો.ક.૨૩૫(૧) અન્વયે આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હેરી કિશોરભાઈ ખસીયાને જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કો.ક.૨૩૫(૨) અન્વયે આરોપી નં.૧ સંજયભાઈ ભોથાભાઈ કસોટીયા, આરોપી નં.૨ રમેશભાઈ ખીમજીભાઈ ચોહલા, આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હેરી કિશોરભાઈ ખસીયા, આરોપી નં.૪ ભરતભાઈ ઉર્ફે ભદો ઉર્ફે મારવાડી જેકસીભાઈ ચૌહાણ તથા આરોપી નં.૫ તાહીરભાઈ મુસ્તુફાભાઈ શેખ, રે.તમામ ભાવનગરવાળાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪, ૩૯૫, ૧૨૦–બી મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે. પ્રત્યેક આરોપીને ઈ.પી.કો.ક.૩૯૪ અન્વયેના ગુનામાં દસ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ ભરવાનો અને જો દંડની રકમ ન ભરે તો વધુ પાંચ માસની કેદની સજા ભોગવવાનો તેમજ પ્રત્યેક આરોપીને ઈ.પી.કો.ક. ૩૯૫ મુજબના ગુનામાં દસ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ ભરવાનો અને જો દંડની રકમ ન ભરે તો વધુ પાંચ માસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ પ્રત્યેક આરોપીને ઈ.પી.કો.ક.૧૨૦–બી મુજબના ગુનામાં છ માસની સખ્ત કેદની સજા તથા રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ ભરવાનો અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧૫ દિવસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રત્યેક આરોપીએ ઉપરોકત તમામ ગુનાની સજા એકીસાથે ભોગવવી.

(૪) પ્રત્યેક આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવી.

(૫) આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત હોઈ, તાત્કાલિક જયુડિશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે રજુ થયેલ મુદ્દા.આર્ટી.નં.૨,૬,૮,૯, ૧૧,૧૨, ૧૩,૧૫,૧૬,૧૭,૧૮,૧૯,૨૦,૨૧,૨૨,૨૩,૨૪ અંગે નીચેની અદાલતે કરેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. જયારે મુદ્દા.આર્ટી.નં.૧, ૩, ૪, ૫, ૭, ૧૦, ૧૪ અપીલ સમય વીત્યેથી મુદ્દામાલની ખરાઈ કર્યા બાદ જે તે માલિકને પરત સોંપવો. જયારે બાકીનો તમામ બીનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

(૭) ક્રિ.પ્રો.કો.ક.૩૬૩(૨) મુજબ સદર ચુકાદાની પ્રમાણિત નકલ આરોપીઓને તાત્કાલિક વિનામૂલ્યે આપવી.

(૮) ક્રિ.પ્રો.કો.ક.૩૬૫ મુજબ આ ચુકાદાની એક નકલ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભાવનગરને મોકલી આપવી.

ચુકાદો આજ તા.૩૦, માહે નવેમ્બર, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં, હુકમ વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

ભાવનગર
તા.૩૦–૧૧–૨૦૧૮.

(શુભદા કૃષ્ણકાન્ત બક્ષી)
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે–૦૦૩૭૭